بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧/જુલાઈ/૨૦૧૭**

શવ્વાલુલ મુકર્રમ-ઝિલ્ કઅ્દ

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૭, સળંગ અંક : ૧૬૩

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| 01 | શું આપણને માહે રમઝાનની બરકતો હાંસલ થઈ ખરી ? | 02 |
| 02 | મુસલમાનનો ઈસ્લામથી લગાવ : કાલે અને આજે ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 15 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 18 |
| 07 | મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો, | 22 |
| 08 | ગુનાહોનો ઈલાજ | 25 |
| 09 | ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ | 27 |
| 10 | શરઈ અહકામ વ મસાઈલ | 30 |
| 11 | હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاની બારગાહમાં ડો. ઈકબાલનું અકીદતનું નઝરાણુ | 32 |
| 12 | હઝરત અમીર ખુસરૂ رحمۃ اللہ علیہ | 34 |
| 13 | હજ્જના સફરમાં વિધવા કે તલાક થવા વિશે હુકમો | 38 |
| 14 | નકસલવાદીઓની તોડફોડ આતંકવાદ કેમ નથી ?! | 41 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 44 |


★ ★ ★ **હર્ફે આરઝી તમન્ના** ★ ★ ★

હર હર કદમ, નસીબ હો ઐસી ડગર મુઝે
રેહતી હો જુસ્તજુ, તેરી શામો સહર મુઝે

ઈમાન કી દૌલત સે તુ ઐસા નવાઝ દે
યા રબ તેરે કરમ કા મિલે કોઈ દર મુઝે

કુદરત તેરી અયાં હૈ જમાને મેં ચાર સૂ
હૈ કુછ મસલેહત, ન આએ તુ નઝર મુઝે

કિસ તરહ જાન સકતા મૈં તેરે વુજૂદ કો
ખૈરુલ બશર દિખાતે ન રસ્તા અગર મુઝે

હર હાલ મેં તેરી રઝાસે હું મુતમઈન
તુને અતા કિયા હૈ કલ્બો જિગર મુઝે

અઝ : જનાબ 'જિગર' નબીપુરી, લંડન

# શું આપણને માહે રમઝાનની બરકતો હાંસલ થઈ ખરી ?

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી-મુંબઈ**

માહે રમઝાનનું આગમન થયું અને હવે એ પોતાના છેલ્લા દસકાથી પસાર થઈને છેવટ તરફ આગળ વધી રહ્યો છે. કેટલાક ખુશનસીબ છે તે મુસલમાન જેમણે એને પામ્યો, પછી તેના રોઝા રાખ્યા અને કયામ તથા તિલાવતે કુર્આનમાં પોતાના સમયો પસાર કર્યા અને પોતાની જીભ, હાથ, કાન, તથા અન્ય અંગોને દરેક પ્રકારના ગુનાહોથી મેહફૂઝ રાખ્યાં. અંતિમ દસકામાં ખુદ આકાએ કરીમ ﷺ ઈબાદતના માટે તૈયાર થઈ જતા અને શબ બેદારી કરતા અને ઘરવાળાંઓને પણ ઈબાદત તથા રિયાઝતનો હુકમ કરતા હતા. જ્યારે મુબારક મહિનાના રુખસદ થવાના દિવસો આવતા તો આકા ﷺ ગમગીન થઈ જતા કે તે મુબારક મહિનો જે રહમત તથા મગફેરત અને દોઝખથી નજાતનો છે તે આપણાથી વિદાય થઈ રહ્યો છે. આ માહે મુબારકમાં નેકીઓનો બદલો વધારી દેવામાં આવ્યો. નફલનો સવાબ ફર્ઝના બરાબર અને ફર્ઝનો સવાબ સિત્તેર ફર્ઝોના બરાબર કરી દેવામાં આવ્યો. આપણા નબી સૈયદુલ કૌનેન ﷺ તથા આપના સહાબા રમઝાન મુબારકના જવા પર સખ્ત રંજમય થતા. પરંતુ આજે મોટાભાગે મુસલમાન આ પવિત્ર મહિનાને ૨૭ રમઝાને જ વિદાય આપી દે છે ! અને આ પવિત્ર મહિનાના જવા પર ગમગીન થવાને બદલે ખુશ થાય છે ! અને ખયાલ કરે છે કે પાબંદીઓથી છૂટકારો મળ્યો ! અસ્તગફિરુલ્લાહ !

અફસોસ સેંકડો અફસોસ ! અલ્લાહ ﷻની દરેક નેઅમતની નાકદરી આજના મુસલમાનોની આદત બનતી જઈ રહી છે. કેવળ દુનિયા અને દુનિયા જ તેમને દેખાય છે. એવા લોકો બતાવે શું દુનિયામાં હમેશાં રહેવાનું છે ? શું મૃત્યુ બાદ છોડેલી દૌલત અને ઔલાદ કામ આપશે ? છેવટે શા માટે નેકીઓથી દિલચસ્પી ખત્મ થતી જઈ રહી છે. અને શા માટે ગુનાહોની તરફ આકર્ષણ વધી રહ્યું છે ? શું પૂરી દુનિયામાં મુસલમાનોની તબાહી તથા બર્બાદી આપની આંખો ખોલવા માટે પૂરતી નથી ?! ખુદારા ! તમારા હાલાતને ઠીક કરો ! આપણો રબ તો એ ચાહે છે કે આ પવિત્ર મહિનામાં બંદાઓને નજાત તથા મગફેરતનો પરવાનો આપી દેવામાં આવે, પરંત મુસલમાન અલ્લાહ પાકની આ ખ્વાહિશનો એહતેરામ નથી કરતો. અલ્લાહ પાક રમઝાન મુબારકને જેવી રીતે ગુઝારવાનો હુકમ આપે છે, અફસોસ ! આપણે એને એવી રીતે નથી ગુઝારતા બલ્કે આપણી મરજી પ્રમાણે જેવી રીતે ચાહએ એ ગુઝારીએ છીએ. એ જ કારણે આપણને આ મહિનો પસાર થયા પછી એવી બરકતો મેહસૂસ નથી થતી જેવી થવી જોઈએ. કેટલા અફસોસની વાત છે કે અમુક મુસલમાન આ પવિત્ર મહિનાને સારામાં સારુ ખાવા પીવાનો ઝરીયો સમજે છે. વલ્લાહ ! એ તો મારા કરીમની રહમત છે, એનો સદકો છે કે આપણે મુસલમાન આ મહિનામાં સારામાં સારું ખાઈએ પણ છીએ અને ખવડાવીએ પણ છીએ, પણ રમઝાનુલ મુબારકનો એ હેતુ નથી ! એનો હેતુ તો આપણને તકવાવાળા (ખુદાના ડરવાળા) બનાવવાનો છે, આપણા અંતરની સુધારણા કરવાનો છે અને આપણને આપણા રબની કુર્બતોથી મઅમૂર (લબરેઝ) કરવાનો છે. આ એક મહિનો આપણી તર્બિયતનો હોય છે. જો આપણે આ મહિનામાં હાંસલ કરેલી તર્બિયતના પ્રમાણે બાકીના મહિનાઓના દિવસો ગુઝાર્યા તો સમજી લો આપણને માહે રમઝાનની બરકતો હાંસલ થઈ ગઈ.

અલ્લાહના વાસ્તે ! માહે રમઝાનની કદર કરતાં તેના અંતિમ અશરાને પણ ઈબાદતો તથા રિયાઝતમાં પસાર કરો. ન જાણે ફરી આ બરકતવાળો મહિનો ભવિષ્યમાં મળે ન મળે. ખાસ કરીને ઈદુલ ફિત્રની રાત્રીને ઈબાદતો રિયાઝતમાં ગુઝારો એટલા માટે કે આ રાત "લઈલતુલ જાઈઝહ" કહેવાય છે : ઈનામ મળવાની રાત. કેટલા અફસોસનો મકામ છે કે બંદો મહિનાના સર્વ દિવસોમાં ભરપૂર મહેનત અને તકલીફ ઉઠાવે અને જ્યારે અજર તથા ઈનામ લેવાનો સમય આવે તો ગાયબ થઈ જાય ! યાદ રાખશો ! ઈદુલ ફિત્રના દિવસે નાચગાન, સિનેમા અને અન્ય ખેલકૂદથી પોતે પણ દૂર રહો અને પોતાની અવલાદને પણ દૂર રાખો, આ દિવસે ગરીબોને પણ પોતાની ખુશીઓમાં શરીક કરો અને પોતાની ઝકાત તથા સદકાતથી તેમની ભરપૂર સહાય કરો. રબ તઆલા આ આવનાર ઈદને સર્વ ઉમ્મતે મુસ્લિમા માટે દરેક પ્રકારની આફતો બલાઓથી સુરક્ષિત રાખી ઈદે સઈદ બનાવી દે અને દુનિયાભરમાં જ્યાં ક્યાંક મુસલમાનો પરેશાન છે સૌની પરેશાનીઓને ખુશીઓમાં ફેરવી નાખે. આમીન. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જુલાઈ–૨૦૧૭)*

# મુસલમાનનો ઈસ્લામથી લગાવ કાલે અને આજે !

તંત્રી લેખ.....

ઈસ્લામ એટલો પ્યારો મઝહબ છે કે ઈન્સાફની દષ્ટિએ જે ઈન્સાન પણ તેનો અભ્યાસ કરે છે તે ક્યાં તો તેનો થઈને રહી જાય છે અથવા કમસે કમ તેનો પ્રશંસક બની જાય છે. હુઝૂરે અકરમ ﷺએ આજથી સાડા ચૌદસો વરસો પહેલાં સફાની ચોટી પરથી ઈસ્લામનો કલમો બુલંદ કર્યો ત્યારથી આજ સુધી દુનિયામાં ઈસ્લામ ફેલાતો જ ગયો અને કયામત સુધી ઈસ્લામ ફેલાતો ચાલશે. અનેક લીલી સૂકી ઈસ્લામના અનુયાયીઓએ પણ જોઈ, વિરોધીઓની અનેક વિરોધી કાર્યવાહીઓ થતી રહી પણ ઈસ્લામના વિસ્તરતા પ્રવાહને કોઈ રોકી ન શકયું. ઈસ્લામમાં એ ખૂબીઓ સમાયેલી છે કે ઈસ્લામના પયગંબર ﷺને કત્લના ઈરાદે નીકળેલ ખુદ ઈસ્લામનો કલ્મો પઢી આપના પર પોતાની જાન, માલ, ઔલાદ તથા પોતાનાં માબાપ સર્વસ્વ કુર્બાન કરવાના જઝબા સાથે ઈસ્લામના ખાદિમ બની ગયા. ઈસ્લામી ઈબાદતો તથા ઈસ્લામી હુકમોના એવા દીવાના બની ગયા કે દુનિયા એવા આશિકોનાં દષ્ટાંતો આપવાથી આજિઝ છે. તેઓ ઈસ્લામ પર એવા નિછાવર થઈ ગયા હતા કે હર પલ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના હુકમોની પાબંદીમાં રહેવાને પોતાની નેકબખ્તી સમજતા અને ઈસ્લામી હુકમોની વિરૂધ્ધ જીવનની કલ્પના પણ તેઓ કરી શકતા ન હતા. તો અલ્લાહ તઆલાએ દુનિયાની સલ્તનતોને તેમના કદમોમાં રાખી દીધી, અને જગભરમાં મુસલમાનોની બોલબાલા, ઈજ્જત તથા દબદબો છવાઈ ગયો. આવો તે પાકીઝા મુસલમાનોને ઈસ્લામથી, અલ્લાહની ઈબાદત તથા કુર્આને પાકથી, ફર્માને નબવીથી કેવી મહોબ્બત હતી તેનો નઝારો કરતા ચાલીએ.

## તીર પર તીર લાગતાં રહ્યાં પણ નમાઝ ન છોડી !

હઝરત જાબિર رضی اللہ عنہ હુઝૂર ﷺના સહાબાએ કિરામના મુજાહિદા તથા ઈબાદતોનો ઉલ્લેખ કરતાં બે સહાબાનો બનાવ વર્ણવે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺની સાથે કોઈ ગઝવહમાં ગયા. પરત થતાં અમો પહાડી ઈલાકાથી પસાર થયા અને રસૂલુલ્લાહ ﷺએ ત્યાં કયામનો હુકમ ફર્માવ્યો. પહેરો દેવાની જવાબદારી એક મુહાજિર તથા એક અન્સારી સહાબીએ સ્વીકારી. બંનેએ આપસમાં નક્કી કર્યું કે અડધી રાત એક પહેરો આપશે અને એક આરામ કરશે. તો મુહાજિર સહાબી આરામ કરવા લાગ્યા અને અન્સારી સહાબી પહેરો દેવા લાગ્યા. કેટલીકવાર પછી તેમણે નમાઝ પઢવાની શરૂ કરી આપી અને સૂરએ કહફની તિલાવત કરવા લાગ્યા. દુશ્મનો તરફથી એક શખ્સ આવ્યો અને તેણ પહાડી પર ચઢીને જોયું તો તેને એક શખ્સ નમાઝ પઢતો દેખાયો. તેણે કમાન પર તીર ચઢાવ્યું અને નિશાનો લગાડીને તે સહાબી પર તીર ચલાવી દીધું. તીર આપના શરીર મુબારકમાં પ્રવેશી ગયું પરંતુ આપે કોઈ હરકત ન કરી અને નમાઝમાં મશગૂલ રહ્યા. તે જાલિમે બીજુ તીર માર્યું તે પણ આપના શરીરમાં પ્રવેશી ગયું છતાં આપે નમાઝ ન તોડી. તેણે ત્રીજુ તીર માર્યું તે પણ સીધુ આવ્યું અને આપને ઘાયલ કરીને શરીરમાં પ્રવેશી ગયું. આપે રુકૂઅ, સજદા કર્યા અને

નમાઝ પૂર્ણ કર્યા બાદ પોતાના સાથીને જગાડયો. જ્યારે તે કાફિરે જોયું કે અહીં એ એકલા નથી બલ્કે આપના સાથીઓ પણ નજીક જ છે, તો તે તરત જ નાસી છૂટયો. મુહાજિર સહાબીએ પોતાના સાથીની આવી હાલત જોઈ તો જલ્દી જલ્દી આપ رضی اللہ عنہના શરીરથી તીરો કાઢયાં અને પૂછયું, જ્યારે તમારા પર દુશ્મને હુમ્લો કર્યો તો આપે મને જગાડયો કેમ નહીં ? એના પર કુર્આન તથા નમાઝના શયદાઈ એ અન્સારી સહાબીએ જવાબ આપ્યો, મેં નમાઝમાં એક સૂરત શરૂ કરી હતી, મેં એ માન્ય ન ગણ્યું કે સૂરતને અધૂરી છોડીને નમાઝ તોડી નાખુ. **ખુદાની કસમ ! મને હુઝૂર ﷺએ પેહરાની જિમ્મેદારી ન આપી હોત તો હું મારી જાન આપી દેત, પરંતું સૂરતને જરૂર પૂરી કરત !** પણ હુઝૂરે મને જિમ્મેદારી સોંપી હતી જેથી તેને સારી રીતે નિભાવવાની મારી જવાબદારી હતી જેથી જ્યારે મેં જોયું કે હું ઘણો ઝખ્મી થઈ ગયો છું તો એ જિમ્મેદારીના એહસાસને કારણે નમાઝને ટૂંકાવી નાખી અને આપને જગાડી આપ્યા જેથી દુશ્મન આગળ વધુ હુમલો ન કરે. *(ઓયૂનુલ હિકાયાત, મુતર્જિમ)*

## આજે આપણી નમાઝોના શું હાલ છે ?!

વિચારો ! મુસલમાનને નમાઝથી તથા કુર્આનથી કેવી મહોબ્બત હતી કે શરીર પર તીરો વાગી રહ્યાં છે છતાં સૂરત ખત્મ કરવાની લગન છે ! આજે તો નરમ નરમ મખમલી સફો પર એરકંડિશન તથા પંખાની ઠંડી હવાની લહેરોમાં જો સહેજ કમી આવી જાય તો નમાઝમાં જ હલચલ થવા માંડે છે ! અહીં ન કાંટો વાગવાની પણ તકલીફ છે ન જાનનો ખતરો છે પણ નમાઝમાં તિલાવતમાં લોકોનાં દિલ લાગતાં નથી. પાવર સપ્લાય જો જાય અને ફક્ત AC બંધ થાય તો સલામ ફેરવતાં જ હેરાફેરી થતી જોવા મળે છે. આપણા દિલો નમાઝમાં નહીં પણ પંખા તથા ACમાં અટકેલાં રહે છે ! પછી રબ તરફથી કયા ઈનામોની આપણે આશા રાખી શકીએ ?! તેઓ દીનમાં, ઈબાદતમાં દિલ લગાડવાનું કામ જાનના જોખમે કરતા, બલ્કે નમાઝની તિલાવતમાં જ જાન કુર્બાન કરવાનો જઝબો રાખતા હતા, તો દુનિયાના હાકિમ બન્યા. જ્યારે આપણો હાલ તો એનાથી તદ્દન ઉલ્ટો છે તો પછી જાલિમો આપણા પર હુકૂમત ન કરે તો બીજુ શું થાય ?!

## સહાબીઓ નમાઝમાં રસૂલનો ખયાલ ન ભૂલતા !

વળી હુઝૂર ﷺની તાઝીમ તથા હુકમની પાબંદીનો ખયાલ કેવા દીવાનગીભર્યા અંદાજમાં સહાબી રજૂ કરે છે ! કહે છે : "મને હુઝૂર ﷺએ પહેરાની જિમ્મેદારી ન આપી હોત, એ જિમ્મેદારીનો એહસાસ ન હોત તો હું મારી જાન આપી દેત પરંતું સૂરતને નમાઝમાં જરૂર પૂરી કરત !" સુબ્હાનલ્લાહ ! ક્યાં ગયા તે બેઈમાનો જેઓ કહે છે કે, *"નમાઝમાં રસૂલનો ખયાલ એ તમારા બળદ, ગધેડાના ખયાલ કરતાં બુરો છે. નમાઝમાં રસૂલનો ખયાલ આવવાથી નમાઝ થતી નથી !"* વળી *"નમાઝમાં રસૂલનો ખયાલ શિર્ક તરફ દોરી જાય છે." (સિરાતે મુસ્તકીમ, અઝ : ઈસ્માઈલ દહેલ્વી દેવબંદી)* તો શું આ સહાબીને તૌહીદ તથા શિર્કનું જ્ઞાન ન હતું ?! અને હવે દેવબંદીઓને એ જ્ઞાન લાધ્યું છે ?! જ્યારે હદીષમાં છે કે, "મારા સહાબા તારાઓ માફક છે જેની પણ પયરવી કરશો હિદાયત પામશો." તો હવે તમો કોનું માનશો આ વહાબીનું કે સહાબીનું ?!

## ચાલુ જંગની હાલતમાં બાજમાઅત નમાઝ !

આ બનાવ રબ તઆલાએ ખુદ કુર્આને પાકની સૂરએ નિસાઅમાં આ પ્રમાણે વર્ણવ્યો છે :–

وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ فَلْتَقُمْ طَآئِفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَلْيَاْخُذُوْٓا اَسْلِحَتَهُمْ "અને હે મહબૂબ ! જ્યારે તમો એમનામાં તશરીફ ફર્મા છો તો નમાઝમાં તેમની ઈમામત કરો તો જોઈએ કે એમનામાંની એક જમાઅત તમારી સાથે હોય અને તેઓ પોતાનાં હથિયાર સાથે રહે, પછી જ્યારે તેઓ સજદો કરી લે તો હટીને તમારાથી પાછળ થઈ જાય અને હવે બીજી જમાઅત આવે જે એ સમય સુધી નમાઝમાં શરીક ન હતી. હવે તેઓ તમારા મુક્તદી બને અને જોઈએ કે પોતાની પનાહ તથા પોતાનાં હથિયાર લઈને રહે....." *(સૂરએ નિસાઅ્, આ. ૧૦૨, કન્ઝુલ ઈમાન)*

**શાને નુઝૂલ** : જેહાદમાં જ્યારે મુશ્રિકોએ જોયું કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ સર્વ સહાબીની સાથે બાજમાઅત ઝોહરની નમાઝ અદા કરી તો તેમને અફસોસ થયો કે તેઓએ એ સમયે કેમ હુમ્લો ન કર્યો ! અને આપસમાં એકબીજાને કહેવા લાગ્યા કે કેટલો સરસ મોક઼ો હતો ! અમુકે એમનામાંથી કહ્યું કે એના બાદ એક અન્ય નમાઝ છે જે મુસલમાનોને પોતાનાં માબાપ કરતાં અધિક પ્યારી છે, એટલે કે અસરની નમાઝ. જ્યારે મુસલમાન એ નમાઝના માટે ઉભા થાય ત્યારે પૂરી શક્તિ સાથે હુમ્લો કરીને તેમને ક઼ત્લ કરી આપો. તે વખતે હઝરત જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને તેમણે સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ નમાઝે ખૌફ છે અને અલ્લાહ جل جلالہ ફર્માવે છે : وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ

ત્યાર બાદ ઉપર આયતમાં દર્શાવ્યા પ્રમાણે જમાઅત થઈ કે હાજર રહેલાઓને બે જમાઅતમાં વહેંચી દેવામાં આવે, એક એમનામાંથી આપની સાથે રહે, આપ એમને નમાઝ પઢાવો અને એક જમાઅત દુશ્મનના મુક઼ાબલામાં લાગેલી રહે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

જંગની હાલતમાં પ્રથમ જમાઅત એક રકાત હુઝૂર علیہ الصلوٰۃ والسلام પાછળ પઢી હટી જાય અને બીજી જમાઅત જે જંગમાં હતી હુઝૂર પાછળ આવી જમાઅતથી નમાઝ પઢે અને પાછા તે હટી જાય અને જંગમાં લડવા લાગે અને પહેલી જમાઅત આવે અને પોતાની બીજી રકાત પૂરી કરી લે. તેમ ફરી બીજી જમાઅત પણ આવે અને નમાઝ પૂરી કરી લે.

આ હતા મુસલમાન ! કે કાપા કાપીની જંગ ચાલુ છે છતાં બાજમાઅત નમાઝ જાનને હથેળીમાં રાખવા છતાં નચિંત બની પઢતા હતા ! આજે દુકાનના ગલ્લા પર બેઠા છે તો ગ્રાહકની ફિકરમાં કે સુસ્તીમાં, ચોરે ચોટે બેસીને ગપ હાંકવામાં, મોબાઈલ કે TV પર ક્રિકેટ કે સીરિયલ વગેરે હરામ તમાશા જોવામાં કશાય અફસોસ વિના નમાઝો છોડી રહ્યા છે મુસલમાન ! પછી અલ્લાહથી કઈ રીતે ગયબી મદદોની આશા સેવી રહ્યા છે ?! મુસલમાનો ! પહેલા વિચારો તો ખરા કે તમે ક્યાં છો ? કયા રસ્તા પર જઈ રહ્યા છો ? શું મુસલમાની કેવળ કલ્મો પઢી લેવાનું જ નામ છે ?! પછી ઈસ્લામના લગભગ આદેશોનું છડેચોક ઉલ્લંઘન કરતા રહેવું ! કાંઈ વાંધો નહીં ! ઈસ્લામ પર ચાલો, નહીં તો હજી શું દિવસો તમારા પર આવશે કહી શકાતું નથી.

## નમાઝના સમયે નબી ﷺ તથા સહાબાની કૈફિયત

હઝરત આઈશા رضی اللہ عنہاનો ઈર્શાદ છે કે હું તથા હુઝૂર علیہ الصلوٰۃ والسلام આપસમાં વાતો કરતાં હતાં. જ્યારે નમાઝનો સમય આવી જતો તો અલ્લાહની અઝમતના કારણે એવાં થઈ જતાં કે જાણે એકબીજાને ઓળખતાં પણ નથી. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૫)*

જ્યારે નમાઝનો સમય આવતો તો હઝરત અલી رضی اللہ عنہના ચહેરાનો રંગ બદલાઈ જતો અને આપને ધ્રુજારી ચાલુ થઈ જતી. તો પૂછવામાં આવ્યું કે અમીરુલ મો'મિનીન ! આપને શું થઈ ગયું છે ? આપ رضی اللہ عنہએ ફર્માવ્યું, તે અમાનત અદા કરવાનો સમય આવી ગયો જેને અલ્લાહ તઆલાએ આસ્માન તથા જમીન અને પહાડો સમક્ષ રજૂ કરી પણ તેઓએ મજબૂરી દર્શાવી હતી અને મેં તેને ઉપાડી લીધી.

રિવાયત છે કે જ્યારે અલી ઈબ્ને હુસૈન رضی اللہ عنہ વુઝૂ કરતા તો તેમના ચહેરાનો રંગ બદલાઈ જતો. ઘરવાળાં કહેતાં કે આપને વુઝૂના સમયે કઈ તકલીફ આવી પડે છે ? તો આપ જવાબ આપતા કે જાણતા નથી કે હું કોની બારગાહમાં હાજર થવાની તૈયારી કરી રહ્યો છું ?! *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૫)*

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે નમાઝ પઢવાનો ઈરાદો કરતા તો આપનું શરીર ધ્રુજવા લાગતું અને દાંત ખખડવા લાગતા. આપને એના વિશે પૂછવામાં આવતુ તો આપ رضی اللہ عنہ જવાબ આપતા કે અમાનતની અદાયગી અને ફર્ઝને પૂરી કરવાનો સમય નજીક આવી ગયો છે અને હું નથી જાણતો કે તેને કઈ રીતે અદા કરીશ.

હઝરત ખલફ ઈબ્ને ઐયૂબ رحمۃ اللہ علیہને નમાઝ દરમ્યાન કોઈ જાનવર કરડી ગયું પણ તેમને ખબર જ ન પડી, ત્યાં સુધી કે ઈબ્ને સઈદ બહાર આવ્યા અને તેમણે આપને બતાવ્યું અને લોહીથી ખરડાયેલ કપડુ ધોયું. પૂછવામાં આવ્યું કે આપને જાનવર કરડી ગયું અને લોહી વહી ગયું છતાં આપને તેનો આભાસ પણ ન થયો ? કહ્યું, તેને કઈ રીતે આભાસ થાય કે જે અલ્લાહ عزوجلની સમક્ષ ઉભો હોય, તેની પાછળ મલકુલ મૌત હોય, ડાબી બાજુ જહન્નમ અને પગોની વચ્ચે પુલસિરાત હોય ?!

હઝરત અમ્ર ઈબ્ને ઝર رضی اللہ عنہ જલીલુલ કદર આબિદ તથા ઝાહિદ હતા. તેમના હાથમાં એક એવો ઝખ્મ પડી ગયો કે તબીબોએ તે હાથ કાપી નાખવાની સલાહ આપી. આપે કહ્યું કે કાપી નાખો ! તો તબીબોએ કહ્યું કે આપને રસ્સીમાં જકડયા સિવાય તેમ કરવું શક્ય નથી. તો આપે કહ્યું કે એવું કરવાની જરૂરત નથી, બલ્કે જ્યારે હું નમાઝ શરૂ કરું ત્યારે કાપી લેજો. જેથી જ્યારે આપે નમાઝ શરૂ કરી ત્યારે આપનો હાથ કાપી લેવામાં આવ્યો પણ આપને જરાય એહસાસ ન થયો. *(મુકાશફતુલ કુલૂબ)*

એ જ પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہના પગમાં તીર લાગ્યું હતું તે નીકળતુ ન હતું. તો આપ رضی اللہ عنہએ કહ્યું કે જ્યારે હું નમાઝની હાલતમાં હોઉં ત્યારે કાઢી લેજો. તો જ્યારે આપ નમાઝ માટે ઉભા થયા તો બળપૂર્વક તે તીર કાઢી લેવામાં આવ્યું પણ આપને ખબર ન પડી ! આવા તો સહાબા તથા અવલિયાના અનેક બનાવો છે કે ઈબાદતમાં કેવી રીતે રાતો પસાર કરતા. ક્યાં સુધી વર્ણવવામાં આવે !

આ પણ મુસલમાનો જ હતા જેમનું જીવન અલ્લાહની યાદ તથા તેના ખૌફ તથા તેની ઈબાદતમાં એવું

લીન હતું કે દુનિયાની કોઈ તકલીફ તેમને ઈબાદતથી રોકતી ન હતી અને રબની અઝમત એવી દિલમાં વસેલી હતી કે નમાઝના સમયે કાંપી ઉઠતા ! જ્યારે આજે આપણે છીએ કે સહેજ તકલીફમાં મસ્જિદમાં પણ શિકાયતો કરીએ છીએ અને પોતાના ઘરે નથી એનાથી વિશેષ લકઝરી ફેસીલીટી માટે સંચાલકો સાથે ઝઘડી પણ પડીએ છીએ ! વળી આપણે એવા મુસલમાન છીએ કે એક પછી એક નમાઝના સમયો વહી રહ્યા છે અને દુનિયામાં મશગૂલ કે ગુનાહોમાં રચ્યા પચ્યા રહીએ છીએ છતાં ખુદાના ખૌફમાં રુંવાટી પણ ફરકતી નથી ! પછી કયા આધાર પર અલ્લાહથી દુનિયા તથા આખેરતની ભલાઈની ઉમ્મીદો લગાડીને બેઠા છીએ ! નારાઓ તો યા રસૂલલ્લાહ ! ﷺના ખૂબ લગાડીએ છીએ અને અલી, અલી, વલી, વલીનું રટણ તો જીભથી ખૂબ કરીએ છીએ પણ એમની કઈ વાત પર આપણે ચાલીએ છીએ ?!

## દીન માટે મા બાપની આવી કુર્બાનીઓ હતી !

ઈમામ માલિક અને ખ્વાજા હસન બસરીના ઉસ્તાદ "રબીઅતુર્રાય" હજી પોતાની વાલિદહ્‌ના પેટમાં હતા કે તેમના વાલિદ અબ્દુર્રહમાન ફર્રૂખ જેહાદના માટે ખુરાસાન ચાલ્યા ગયા. અને સતત સત્તાવીસ વરસ સુધી જેહાદમાં જ રહી ગયા. જ્યારે તે પાછા વળ્યા તો જે બાળકને માતાના ઉદરમાં છોડીને ગયા હતા તે મોટો થઈને પોતાના સમયનો "ઈમામુલ હદીષ" બની ચૂક્યો હતો. અબ્દુર્રહમાન ફર્રૂખ સત્તાવીસ વરસ પછી જેહાદથી પાછા આવીને મદીના મુનવ્વરામાં પોતાના મકાને પહોંચ્યા અને દરવાજો ખટખટાવ્યો. જ્યારે રબીઅતુર્રાયએ દરવાજો ખોલ્યો તો જોયું કે એક સૈનિક ઘોડે સવાર ભાલો હાથમાં લઈને ઉભો છે જે દરવાજો ખુલતાં જ અચકાયા વિના મકાનમાં દાખલ થવા લાગ્યો. રબીઅહ્‌એ તેને ધમકાવ્યો કે તું કોણ છે ? અને કઈ રીતે મકાનમાં ઘુસી રહ્યો છે ? અબ્દુર્રહમાન ફર્રૂખે ભાલો તાણીને કહ્યું કે, આ મારું ઘર છે અહીં તારું શું કામ છે ? મતલબ વાત વધી ગઈ તો પાડોશીઓ ભેગા થઈ ગયા. ઈમામ માલિક પણ ઉસ્તાદનો મામલો સમજી દોડી ગયા અને અતિશય નમ્રતાથી સમજાવવા લાગ્યા કે, બડે મિયાં ! આપે જો રોકાવું જ હોય તો કોઈ અન્ય મકાનમાં જાવ. અબ્દુર્રહમાન ફર્રૂખે જવાબ આપ્યો, કે જનાબ ! આ મારું જ મકાન છે અને મારું નામ અબ્દુર્રહમાન ફર્રૂખ છે. રબીઅહની વાલિદાએ નામ સાંભળ્યું અને ઘરમાંથી જોયું તો ઓળખી ગયાં અને બોલ્યાં કે, અરે ! આ તો રબીઅહ્‌ના બાપ છે ! પછી શું જોવાનું ! બાપ બેટા બંને ગળે મળીને ખૂબ રડયા અને બંને ઘરમાં દાખલ થયા.

અબ્દુર્રહમાન ફર્રૂખ જ્યારે નિરાંતે બેઠા તો તેમને તે ત્રીસ હજાર અશરફીઓ યાદ આવી જે આપે જેહાદમાં જતાં પહેલાં પોતાની પત્નીને સોંપી હતી. જેથી પત્નીને પૂછયું કે મારી અમાનત ક્યાં છે ? હોશિયાર પત્નીએ જવાબ આપ્યો કે, ગભરાશો નહીં મેં તેને વેડફી નથી નાખી ! રબીઅહ્‌ તે વખતે મસ્જિદે નબવીમાં પહોંચીને પોતાના દર્સના વર્તુળમાં બેસી ચૂક્યા હતા અને શાગિર્દોની એક ભીડ હતી જેમાં ઈમામ માલિક અને ખ્વાજહ્‌ હસન બસરી જેવા લોકો સામેલ હતા, જેઓ શયખને ઘેરીને બેઠા હતા.

અબ્દુર્રહમાન ફર્રૂખ જેવા નમાઝ પઢવા માટે મસ્જિદે નબવીમાં ગયા તો આ દશ્યો જોઈને આતૂરતાપૂર્વક ઘણીવાર સુધી આ નૂરાની મજમાને જોતા રહ્યા. રબીઅહના માથા પર એક ઊંચી ટોપી હતી અને તેઓ માથુ ઝુકાવી બેઠા હતા એટલા માટે અબ્દુર્રહમાન ફર્રૂખ તેમને ઓળખી શક્યા નહીં, તેથી પૂછયું કે આ "શયખુલ હદીષ" કોણ છે ? જવાબ મળ્યો કે, "રબીઅહ્‌ ઈબ્ને અબ્દુર્રહમાન ફર્રૂખ !" આ સાંભળીને અબ્દુર્રહમાન

ફર્રૂખને જે ખુશી ઉપજી હશે તેને ખુદા સિવાય ભલા કોણ જાણી શકે ? ખુશીના ઉમંગમાં તેમની જીભેથી એ શબ્દો નીકળ્યા કે યક઼ીનન ! ખુદાએ મારા બેટાને ખૂબ જ બુલંદ મર્તબાવાળો બનાવી દીધો છે. ખુશી ખુશી પત્નીની પાસે આવ્યા અને જે કાંઈ મસ્જિદે નબવીમાં જોયું હતું વિગતવાર વર્ણન કર્યુ. ત્યારે પત્નીએ કહ્યું કે સાચે સાચુ કહેશો, આપને શું પસંદ છે ? બેટાની આ શાન કે ત્રીસ હજાર અશરફીઓ ?! અબ્દુર્રહમાન ફર્રૂખે જવાબ આપ્યો કે, ખુદાની ક઼સમ ! હું મારા નૂરે નઝરની આ શાનને લાખો અશરફીઓ કરતાં વધુ પસંદ કરું છું. પત્નીએ કહ્યું, મેં તમારી તે ત્રીસ હજાર અશરફીઓ રબીઅહ્‌ની તા'લીમ પાછળ વાપરી નાખી છે ! ઝિંદા દિલ પતિએ ખુશીથી ઉછળીને કહ્યું કે, ખુદાની ક઼સમ ! તેં તે અશરફીઓ વેડફી નાખી નથી ! *(ઈબ્ને ખલ્કાન, ભાગ : ૧, પેજ : ૧૮૩)*

દીનના ફેલાવા તથા સલામતી માટે સતત ઘરથી દૂર રહી સત્તાવીસ વરસ જેહાદ ! આવાં દષ્ટાંતો હવે મુસલમાનોમાં મળવાં અશક્ય જણાય છે ! આ મહોબ્બત દીનથી હતી, જ્યારે આપણી પાસે ફર્ઝ ઈબાદતો માટે પણ સમય નથી ! અને ઈલ્મે દીન શીખવામાં આપણી હાલત એ છે કે ન માસિકો કે કિતાબો વાંચવાનો સમય છે ન દીનની વાત જાણવામાં કાંઈ રૂચી છે. ઈલ્લા માશાઅલ્લાહ ! ગુજરાતીમાં મથી મથીને ચાર પાંચ દીની માસિકો સમજો કે મરવાના આરે ચાલતાં હશે, કેમ કે કોઈનાં હજાર, કોઈનાં બે કે કોઈનાં ત્રણ કે ચાર હજાર ગ્રાહકો હશે, **લાખો સુન્નીઓ ગુજરાતમાં છે પણ સદક઼ો સમજીને પણ વરસમાં ફક્ત એકવાર રૂા. ૨૦૦/– જેવી રકમ કાઢી ગ્રાહક બનવા લોકો તૈયાર નથી !** કેટલાક બહાનુ કાઢે છે કે ઘરમાં વાંચનાર કોઈ નથી, બેઅદબી થાય છે, સમય જ ક્યાં છે ! ..... વગેરે ભાઈઓ ! બહેનો ! એક બહાનુ પણ સાચુ જણાતુ નથી, બલ્કે હક઼ીક઼ત એ છે કે ન આપણને દીનની પડી છે ન દીન શીખવાની પડી છે ! દુનિયાની લાલચ અને દુનિયાના એશ માટે જ જાણે આપણે છીએ એવું આપણુ જીવન થઈ ગયું છે. ઈલ્લા માશાઅલ્લાહ ! પછી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَથી કઈ રીતે ભલાઈના ખ્વાહિશમંદ છીએ ?!

અંતમાં એક ઈમાન અફરોઝ બોધદાયક હિકાયત સાંભળી લો ! બુઝુર્ગોને સુન્નતોથી કેવો પ્રેમ હતો અને આપણે અનાજનો કેટલો બગાડ કરીએ છીએ તેના પર વિચારણા કરી આપણી સુધારણાની કોશિશ કરીએ.

મશહૂર મુહદ્દિષ "હુદબહ ઈબ્ને ખાલિદ"ને બગદાદના ખલીફા હારૂન રશીદે પોતાના ત્યાં જમવા નિમંત્ર્યા. જમવાથી પરવારીને જ્યારે દસ્તરખાન ઉઠાવ્યું તો ખાણાના જે અમુક ટુકડા જમીન પર પડી ગયા હતા તેને મુહદ્દિષ મૌસૂફે ઉઠાવી ઉઠાવીને ખાવાનું શરૂ કરી દીધું. મામૂને આશ્ચર્યથી પૂછયું કે, હે શયખ ! આપ હજી ધરાયા નથી ? આપે ફર્માવ્યું, કેમ નહીં ! પરંતું મને હમ્માદ ઈબ્ને સલ્મહે એક હદીષ બયાન ફર્માવી, (અર્થ) : **જે શખ્સ દસ્તરખાન પર વેરાએલા ટુકડાઓને વીણી વીણીને ખાશે તે મુફલિસી અને ફાકાકશીથી બેખૌફ થઈ જશે.** હું આ હદીષ પર અમલ કરી રહ્યો છું. આ સાંભળીને મામૂન અત્યંત પ્રભાવિત થયો અને પોતાના એક ખાદિમની તરફ ઈશારો કર્યો તો તે અચાનક એક હજાર દીનાર એક રૂમાલમાં બાંધીને લાવ્યો અને મામૂને તે હુદબહ ઈબ્ને ખાલિદની ખિદમતમાં નઝરાના રૂપે પેશ કરી દીધા. હુદબહ ઈબ્ને ખાલિદે ફર્માવ્યું કે, આ તે જ હદીષ અમલની બરકત છે ! *(ષમરાતુલ્ અવરાક, ભાગ–૧, પેજ–૮)*

અલ્લાહ તઆલા મુસલમાનોને સહાબા તથા બુઝુર્ગોને દીનના તરીક઼ા પર ચાલવાની તૌફીક઼ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

ایاتها ۲۰۰ (۳) سُوْرَةُ اٰلِ عِمْرٰنَ مَدَنِيَّةٌ (۸۹) رکوعاتها ۲۰

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ﴿۱﴾ اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ ﴿۲﴾ نَزَّلَ
عَلَیْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَیْنَ یَدَیْهِ
وَاَنْزَلَ التَّوْرٰىةَ وَالْاِنْجِیْلَ ﴿۳﴾ مِنْ قَبْلُ هُدًى
لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ۬ اِنَّ الَّذِیْنَ كَفَرُوْا بِاٰیٰتِ
اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِیْدٌ ؕ وَاللّٰهُ عَزِیْزٌ ذُو انْتِقَامٍ ﴿۴﴾
اِنَّ اللّٰهَ لَا یَخْفٰى عَلَیْهِ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی
السَّمَآءِ ﴿۵﴾ هُوَ الَّذِیْ یُصَوِّرُكُمْ فِی الْاَرْحَامِ كَیْفَ
یَشَآءُ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۶﴾ هُوَ
الَّذِیْۤ اَنْزَلَ عَلَیْكَ الْكِتٰبَ مِنْهُ اٰیٰتٌ مُّحْكَمٰتٌ
هُنَّ اُمُّ الْكِتٰبِ وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِیْنَ
فِیْ قُلُوْبِهِمْ زَیْغٌ فَیَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَآءَ
الْفِتْنَةِ وَابْتِغَآءَ تَاْوِیْلِهٖ ۚ وَمَا یَعْلَمُ تَاْوِیْلَهٗۤ اِلَّا
اللّٰهُ ؔ وَالرّٰسِخُوْنَ فِی الْعِلْمِ یَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ
مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَمَا یَذَّكَّرُ اِلَّاۤ اُولُوا الْاَلْبَابِ ﴿۷﴾

## સૂરએ આલે ઈમરાનની તફસીર

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો જ મહેરબાન રહેમવાળો (છે)**

અલ્લાહ છે જેના સિવાય કોઈની પૂજા નથી[૧૧૪] પોતે જીવંત બીજાઓને બાકી રાખનાર (છે) (૨) તેણે તમારા પર આ સાચી કિતાબ ઉતારી આ આગળની કિતાબોની સત્યતા જાહેર કરતી અને તેણે સૌથી પહેલાં તવરાત અને ઈન્જીલ ઉતારી, (૩) લોકોને માર્ગ બતાવતી, અને ફેંસલો ઉતાર્યો, બેશક ! તેઓ જે અલ્લાહની આયતોથી મુન્કિર થયા[૧૧૫] તેમના માટે સખત અઝાબ છે. અને અલ્લાહ ચઢીયાતો બદલો લેનાર છે (૪) અલ્લાહ પર કશું છુપું નથી. ન જમીનમાં ન આસ્માનમાં (૫) તે જ છે જે તમારી મુખાકૃતિ બનાવે છે માંના પેટમાં જેવી ઈચ્છે[૧૧૬] તેના સિવાય કોઈની ઈબાદત નથી ઈજ્જતવાળો હિકમતવાળો (છે)[૧૧૭] (૬) તે જ છે જેણે તમારા પર આ કિતાબ ઉતારી એની અમુક આયતો સ્પષ્ટ અર્થ ધરાવે છે[૧૧૮] તે (આયતો) કિતાબનું મૂળ છે[૧૧૯] અને બીજી (આયતો) તે છે જેમના અર્થમા ગુઢતા છે.[૧૨૦] તો તેઓ જેમના દિલોમાં વાંકાપણુ છે[૧૨૧] તેઓ ગુઢ રહસ્યોવાળી (આયતો)ની પાછળ પડે છે[૧૨૨] ગુમરાહી

*ઈચ્છવા[૧૨૩] અને એનું પાખીયું ઢુંઢવા માટે[૧૨૪] અને એનું ખરૂ અર્થઘટન અલ્લાહ જ જાણે છે[૧૨૫] અને પાકા ઈલ્મવાળા[૧૨૬] કહે છે અમે એના પર ઈમાન લાવ્યા[૧૨૭] બધું અમારા પરવરદિગાર પાસેથી છે[૧૨૮] અને બુદ્ધિમાનો જ નસીહત ગ્રહણ કરે છે. (૭)*

## :: સમજૂતી ::

**૧૧૪. શાને નુઝૂલ** : તફસીરકારોએ ફર્માવ્યું કે આ આયત નજરાનના પ્રતિનિધિમંડળ વિશે ઉતરી. જેમાં ૬૦ સવારો હતા. અને તેમનામાં ૧૪ સરદારો અને ૩ માણસો તેમની કોમના ઘણા આગળ પડતા આગેવાનો હતા, તેમજ અબ્દુલ મસીહ નામનો એક માણસ હતો જે તેમનો આગેવાન અને અમીર હતો, જેના અભિપ્રાય વગર ખ્રિસ્તીઓ કોઈ પણ કામ ન કરતા. બીજો એક અબહમ નામનો માણસ હતો જે પોતાની કોમનો વિશ્વાસુ અને નાણાકિય બાબતોનો ઓફિસર હતો, ખોરાક તેમજ પુરવઠો પૂરો પાડવાનાં તમામ કામો તેના હસ્તક હતાં. ત્રીજો એક માણસ અબૂહારષા બિન અકલમા હતો. આ માણસ ખ્રિસ્તીઓના તમામ ધર્મગુરૂઓ અને પાદરીઓનો સરદાર હતો. રોમના રાજ્યકર્તાઓ, તેના ઈલ્મ અને ધાર્મિક હોદ્દાના કારણે તેની ખૂબ ઈજ્જત કરતા હતા. આ બધા લોકો ઉમદા અને કિંમતી પોશાક પહેરીને ખૂબ જ ઠઠારા સાથે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની સેવામાં મુનાઝરો કરવાના ઈરાદે આવ્યા અને મસ્જિદે અક્દસમાં પ્રવેશ્યા. હુઝૂર ﷺ તે સમયે અસરની નમાઝ અદા ફર્માવી રહ્યા હતા, ત્યારે તે લોકોની નમાઝનો પણ સમય થઈ ગયો, અને તેઓએ પણ મસ્જિદ શરીફમાં જ પૂર્વ તરફ મોઢું કરીને પઢવાનું શરુ કરી દીધું. પરવાર્યા પછી હુઝૂર ﷺ સાથે વાતચીત શરૂ થઈ, હુઝૂર ﷺએ ફર્માવ્યું, 'તમે ઈસ્લામ સ્વીકારો, ત્યારે તેઓએ કહ્યું, ''અમે તમારી પહેલાં ઈસ્લામ સ્વીકારી ચૂક્યા છીએ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ જૂઠ છે આ દાવો ખોટો છે, તમારો દાવો ઈસ્લામ વિરોધી છે કે અલ્લાહને સંતાન છે. તેમજ તમારી સલીબ (ક્રોસ)ની પૂજા અને તમારૂ સુવ્વરનું માંસ ખાવું પણ ઈસ્લામથી વિરૂદ્ધ છે. તેઓએ કહ્યું કે સારૂં જો હઝરત ઈસા ખુદાના પુત્ર ન હોય તો બતાવો કે તેમના પિતા કોણ છે ? અને બધા એક સાથે બોલવા લાગ્યા. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, શું તમે નથી જાણતા કે પુત્ર હમેશાં પિતા જેવો હોય છે, તેઓ સહમત થયા. પછી આપે ફર્માવ્યું ''શું તમે નથી જાણતા કે આપણો પરવરદિગાર હમેશાં જીવંત રહેનાર છે, તેના માટે મૃત્યુ અશક્ય છે. જ્યારે હઝરત ઈસા علیہ السلام ને મૌત આવનાર છે. તેઓએ એનો પણ સ્વીકાર કર્યો. ફરી ફર્માવ્યું, 'શું તમે નથી જાણતા કે આપણો પરવદિગાર બંદાઓના કામ બનાવી આપનાર અને વાસ્તવમાં સંભાળ રાખનાર તેમજ રોજી આપનાર છે. તેઓએ કહ્યું 'હા' ત્યારે હુઝૂર ﷺએ પૂછયુ કે 'શું હઝરત ઈસા પણ આવા જ છે ?' ત્યારે તેઓ બોલ્યા 'નહીં' ! હુઝૂરે આગળ ફર્માવ્યું 'શું તમે નથી જાણતા કે અલ્લાહ તઆલા જમીન અને આસમાનની કોઈ વસ્તુથી અજાણ નથી.' તેઓએ એનો સ્વીકાર કર્યો, ત્યારે હુઝૂરે પૂછયું 'શું હઝરત ઈસા અલ્લાહના શિખવાડયા વગર આમાંથી કંઈ જાણે છે ?' તેઓએ કહ્યું 'નહીં' ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, 'શું તમે નથી જાણતા કે હઝરત ઈસા ગર્ભાશયમાં રહ્યા, જન્મનારાઓની જેમ જન્મ્યા, બાળકોની જેમ તેઓને ખવડાવવામાં આવ્યું, જિંદગી દરમ્યાન તેઓ ખાતા પીતા રહ્યા, તેમજ મનુષ્ય જાતની બીજી જરૂરીયાતો પણ તેઓને ઉભી થતી. તેઓએ આનો

પણ સ્વીકાર કર્યો, ત્યારે હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું 'પછી તેઓ તમારી માન્યતા મુજબ કેમ કરીને અલ્લાહ બની શકે છે ?' ત્યારે તે બધા ચુપ થઈ ગયા, અને તેમનાથી કશો ઉત્તર આપી શકાયો નહીં. ત્યારે સૂરએ આલે ઈમરાનની ૧ લી આયતથી લઈને ૮૦ થી થોડી વધારે આયતો આ વિશે ઉતરી.

**ફાયદો** : અલ્લાહની સિફતોમાં જે 'હ્ય્ય' આવે છે, તેનો અર્થ 'હમેશાં રહેનાર' એવો થાય છે. એટલે કે એવો હમેશાં રહેનાર જેનુ મૃત્યુ શક્ય જ ન હોય, અને 'ક્ય્યૂમ'નો અર્થ એ છે જે કે પોતે પોતાની જાતે અસ્તિત્વ ધરાવતો હોય, અને મખ્લૂક્ પોતાના દુનિયા અને આખિરતના જીવનમાં જે હાજતો ધરાવતી હોય તેના વિશે હુકમ કરતો હોય.

**૧૧૫** : આમાં નજરાનના પ્રતિનિધિમંડળના ખ્રિસ્તીઓનો પણ સમાવેશ થાય છે.

**૧૧૬** : પુરૂષ, સ્ત્રી, ગોરો, કાળો, સોંદર્યવાળો, વિ. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારી પેદાઈશના અણુઓ માનાં પેટમાં ૪૦ દિવસ એકઠાં થાય છે, પછી એટલા જ દિવસો જમેલા લોહીનાં રૂપમાં રહે છે, પછી એટલા જ દિવસો માસનાં લોથડા રૂપે રહે છે, પછી અલ્લાહપાક એક ફરિશ્તો મોકલે છે, જે તેની રોજી, તેની ઉમર, તેના અમલ, તેનું પરિણામ અર્થાત તેની નેકબખ્તી કે બદબખ્તી વિ. બાબતો લખે છે. પછી તેમાં રૂહ દાખલ કરે છે. તો તેના સોગંધ જેના સિવાય કોઈ પૂજનીય નથી, માણસ જન્નતી જેવો અમલ કરતો રહે છે એટલા સુધી કે તેનામાં અને જન્નતમાં હાથ જેટલુ અંતર રહી જાય છે. એટલે કે ઘણુ ઓછુ અંતર રહે છે, પછી તેનું લખાણ આગળ આવે છે, અને તે દોઝખી લોકોના અમલ કરવા મંડી જાય છે. અને એના પર તેનો ખાત્મો (મૃત્યુ) થાય છે, અને જહન્નમમાં દાખલ થાય છે, અને કોઈ એવો હોય છે કે દોઝખીઓના અમલ કરતો રહે છે, એટલા સુધી કે તેના અને દોઝખમાં એક હાથનું અંતર રહી જાય છે. પછી લખાણ આગળ આવે છે અને તેના જીવનનો નકશો બદલાય છે અને તે જન્નતીઓ જેવા અમલ કરવા લાગે છે અને એના પર જ એને મોત આવે છે, અને તે જન્નતમાં દાખલ થઈ જાય છે.

**૧૧૭** : આમાં પણ ખ્રિસ્તીઓને રદીયો અપાયો છે, જેઓ હઝરત ઈસા عليه السلامને ખુદાનો પુત્ર કહેતા અને આપની ઈબાદત કરતા હતા.

**૧૧૮** : જેમાં અને અર્થો કે ગુઢતા જેવું કશું નથી.

**૧૧૯** : કે એનાથી એહકામ તારવવામાં આવે છે, અને હલાલ હરામમાં તેના પર અમલ કરવામાં આવે છે.

**૧૨૦** : આવી આયતો અનેક અર્થોની શક્યતા ધરાવે છે. એમાંથી એક અર્થ અલ્લાહ તઆલાએ ધાર્યો છે, તેને અલ્લાહ જ જાણે અથવા જેને અલ્લાહે ઈલ્મ આ બાબતનું આપ્યું હોય તે જાણે છે.

**૧૨૧** : એટલે કે ગુમરાહ અને બદમઝહબ લોકો જેઓ પોતાની મનેચ્છાઓના તાબેદાર હોય છે.

**૧૨૨** : અને આવી આયતોના જાહેરી અર્થ પર હુકમ કરે છે. અથવા ખોટું અર્થઘટન કરે છે. અને એવું શુભ આશયથી નથી કરતા બલ્કે, *(જુમલ)*

**૧૨૩** : અને શંકા કુશંકામાં નાખવા માટે. *(જુમલ)*

**૧૨૪** : પોતાની ઈચ્છા અનુસાર, તેઓ અર્થઘટન અને પાંખિયા ઢુંઢવાને લાયક ન હોવા છતાં. *(જુમલ, ખાઝિન)*

વધુ પેજ 14 પર..

દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**કાર્યાલય**

**હદીષ** :હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી صلی اللہ علیہ وسلم ને પૂછયું કે અલ્લાહને કયો અમલ અધિક પ્યારો છે. ફર્માવ્યું, સમય પર નમાઝ[૧]. મેં કહ્યું પછી કયો અમલ ? ફર્માવ્યું, મા બાપ સાથે ભલાઈ. મેં કહ્યું, પછી કયો અમલ ? ફર્માવ્યું, અલ્લાહ તઆલાની રાહમાં જેહાદ[૨]. ફર્માવ્યું, મને હુઝૂર صلی اللہ علیہ وسلم એ આ ત્રણ વાતો બતાવી, જો અધિક પૂછત તો અધિક બતાવતા[૩].(મુસ્લિમ, બુખારી)

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બંદા અને કુફની વચ્ચે નમાઝ છોડવું છે[૪]. (મુસ્લિમ)

(બીજો વિભાગ) : હઝરત ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે પાંચ નમાઝો અલ્લાહ તઆલાએ ફર્ઝ કરી[૫] જે એનું વુઝૂ સારી રીતે કરે અને અને એને સહીહ સમય પર અદા કરે અને તેનો રુકૂઅ તથા ખુશૂઅ પૂર્ણ કરે[૬]. એના માટે અલ્લાહ તઆલાનો વાયદો છે કે તેને બખ્શી આપે[૭]. અને જે એવું ન કરે તો એના માટે અલ્લાહ તઆલાનો વાયદો નથી, જો ચાહે તો બખ્શે અને જો ચાહે તો અઝાબ આપે[૮]. (અહમદ, અબૂ દાઊદ)

માલિક તથા નિસાઈએ એની જેમ રિવાયત કરી છે. હઝરત અબૂ અમામાથી, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, પોતાની પાંચ નમાઝો પઢો અને પોતાના મહિનાના રોઝા રાખો, પોતાના માલોની ઝકાત આપો, અને પોતાના હુકમવાળાનું આજ્ઞાપાલન કરો[૯] પોતાના રબની જન્નતમાં દાખલ થઈ જાવ[૧૦]. (અહમદ તિર્મિઝી)

હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તમારી ઔલાદને નમાઝનો હુકમ આપો જ્યારે તેઓ સાત વરસના થાય, અને તેમને નમાઝ માટે મારો જ્યારે તેઓ દસ વરસનાં થાય[૧૧], અને પથારીમાં તેમને અલગ સૂવાડો[૧૨]. (અબૂ દાઊદ)

**સમજૂતી** : **૧.** એટલે હમેશાં નમાઝો તેના મુસ્તહબ સમયોમાં અદા કરવી. ઉલમાએ કિરામ ફર્માવે છે કે ઈમાન પછી નમાઝનો દરજો છે. તેમની દલીલ આ જ હદીષ છે. જે રિવાયતોમાં જેહાદને નમાઝ પહેલાં વર્ણવવામાં આવી, તે અમુલ આકસ્મિક સંજોગોમાં છે કે જ્યારે જેહાદ ફર્ઝે ઐન થઈ ચૂક્યો હોય અને દુશ્મનનો હુમ્લો વધી ગયો હોય. નહીં તો જાહેર છે કે જેહાદ નમાઝના માટે જ થાય છે. અથવા એવું કહેવામાં આવે અથવા એવું કહી શકાય છે કે પ્રશ્નકર્તાના હિસાબે હુઝૂર صلی اللہ علیہ وسلم ના જવાબ વિવિધ થયા. કોઈના માટે જેહાદ અફઝલ હતો, કોઈના માટે ગરીબોને ખાવા ખવડાવવું, કોઈના માટે જીભની

હિફાઝત, કોઈના માટે છુપાવીને ખૈરાત. જેથી હદીષોમાં ટકરાવ નથી.

**૨.** આ ક્રમ સૈયદના અબૂ મસ્ઊદ رضی اللہ عنہના હાલના લેહાઝથી છે, નહીં તો અમુક રિવાયતોમાં એનાથી ઉલ્ટુ પણ આવેલ છે.

**૩.** એટલે કે મેં સવાલ જ આટલા કર્યા. યાદ રાખશો કે મા બાપની ખિદમતને નમાઝ સાથે ખૂબ જ મળતાપણુ છે કે નમાઝ રબની ઈબાદત છે અને આ ખિદમત મુરબ્બીની ઈતાઅત (આજ્ઞાપાલાન) છે. એટલા માટે કુર્આન શરીફમાં આ ખિદમતને ઈબાદતની સાથે વર્ણન કરવામાં આવી.

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا

''અને તમારા રબે હુકમ ફર્માવ્યોં કે એના સિવાય કોઈને ન પૂજો અને માબાપ સાથે સારો વર્તાવ કરો'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૨૩)*

**૪.** એટલે કે મો'મિન બંદા તથા કુફ્રની વચ્ચે નમાઝની દીવાલ આડ બનેલી છે જે એના સુધી કુફ્રને નથી પહોંચવા દેતી. જ્યારે એ આડ તૂટી ગઈ તો કુફ્રનું એના સુધી પહોંચવું આસાન થઈ ગયું. શક્ય છે ભાવિમાં આ શખ્સ કુફ્ર પણ કરી બેસે. યાદ રાખશો કે અમુક ઈમામો નમાઝ ત્યજવાને કુફ્ર પણ કહે છે. અમુકની નજીક બેનમાઝી કત્લને પાત્ર છે, ભલે કાફિર નથી થતો. આપણા ઈમામ સાહબની નજીક બેનમાઝીને મારપીટ કરી કેદ કરવામાં આવશે જ્યાં સુધી તે નમાઝી ન બની જાય. **આપણે ત્યાં આ હદીષનો મતલબ એ છે કે બેનમાઝી કુફ્રની નજીક છે,** અથવા **એના કુફ્ર પર મરવાનો ખતરો છે.** અથવા નમાઝ ત્યજવાથી મુરાદ નમાઝનો ઈન્કાર છે. એટલે કે **નમાઝનો મુન્કિર કાફિર છે.**

**૫.** જાણવા મળ્યું કે પંજગાના નમાઝ સિવાય કોઈ અન્ય નમાઝ ઈસ્લામનો ફરીઝો નથી. ઈદોની તથા વિત્રની નમાઝો વાજિબ છે, ફર્ઝ નથી. જુમ્આની નમાઝ એ પાંચમાં સામેલ છે કેમ કે એ ઝોહરના સ્થાને છે. એટલા માટે જેના પર જુમ્આ ફર્ઝ છે એના પર ઝોહર ફર્ઝ નથી, અને જેના પર ઝોહર ફર્ઝ છે એના પર જુમ્આ ફર્ઝ નથી. એ અશક્ય છે કે કોઈના પર જુમ્આ તથા ઝોહર બંનેવ ફર્ઝ થાય અને નમાઝો છ થઈ જાય ! નઝરની (મન્નતની) નમાઝ જો કે ફર્ઝ છે પણ એ ઈસ્લામનો ફરીઝો નથી.

**૬.** કેમ કે રુકૂઅ ઈસ્લામની નમાઝની વિશિષ્ટતાઓમાંથી છે, અન્ય ઉમ્મતની નમાઝોમાં લગભગ રુકૂઅ ન હતો. તેમજ રુકૂઅ મળી જવાથી રકાત મળી જાય છે. તેમજ રુકૂઅ નમાઝ અરકાનોમાં અંતર પાડે છે, એટલા માટે ખાસ કરીને એનો ઉલ્લેખ કર્યો. ખુશૂઅ દિલનો અલગ છે અને અંગોને અલગ છે. આ ચર્ચા અમારી ''તફસીરે નઈમી''માં જુઓ.

**૭.** એ રીતે કે એના ગુનાહે સગીરા માફ કરી આપે, અને કબીરા ગુનાહોથી તૌબાની તથા બંદાઓના હક્કો અદા કરવાની તૌફીક આપે. યાદ રાખશો કે નમાઝ પૂર્ણ કરવાનો અર્થ એ છે કે એની સર્વ શર્તો અદા કરવામાં આવે. અને ઈમાન પણ નમાઝની શર્ત છે, જેથી હદીષો પર ન તો એ વાંધો છે કે નમાઝી માણસ જે ચાહે ગુનોહ કરે માફ થઈ જશે, અને ન એ વાંધો છે કે મુનાફિકો તથા ઘણા બેદીનો નમાઝી હતા અને છે પણ એમની મગફેરત નથી.

**૮.** આ પરથી જાણવા મળ્યું કે બેનમાઝી કાફિર નથી અને નમાઝને છોડવી કુફ્ર નથી. કેમ કે કુફ્રની માફી નથી થતી. રબ ફર્માવે છે :

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

''બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે.'' *(સૂ. નિસાઅ, આ. ૪૮)* આયતમાં શિર્ક કુફ્રના અર્થમાં છે.

૯. હુકમવાળાઓથી ખલીફતુલ મુસ્લિમીન, ઈસ્લામી હાકિમો, ઉલમાએ દીન સૌ મુરાદ છે. ઈતાઅત (આજ્ઞાપાલન)થી મુરાદ એના માથે જાઈઝ હુકમો છે. આજ્ઞાપાલન કરવું છે, શરીઅત વિરુદ્ધના હુકમનું પાલન લાઝિમ નથી. કેમ કે રમઝાનના રોઝા, કેવળ આ જ ઉમ્મત પર ફર્ઝ થયા એટલા માટે شَفُرَكُمْ ફર્માવ્યું. ઝકાત રોઝા પછી ફર્ઝ થઈ એટલે એનો ઉલ્લેખ પણ રોઝા બાદ થયો.

૧૦. અમલોની નિસ્બત બંદાઓની તરફ કરી અને જન્નતની રબની તરફ, જેથી ખરીદ વેચાણનો અર્થ જાહેર થાય. રબ ફર્માવે છે :

اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَ اَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ

"બેશક ! અલ્લાહે મુસલમાનોથી તેમના માલ તથા જાન ખરીદી લીધાં છે એ બદલા પર કે એમના માટે જન્નત છે." *(સૂ. તૌબા, આ.૧૧૧)*

"યાદ રાખશો કે વિવિધ હદીષો વિવિધ સમયોની છે, જે સમયમાં કોઈ ઈબાદત ન આવી હતી ત્યારે ફર્માવવામાં આવ્યું, જેણે કલમો પઢી લીધો જન્નતી થઈ ગયો. જ્યારે નમાઝ આવી ગઈ તો નમાઝ પર જ જન્નતનો વાયદો કરવામાં આવ્યો, અને જ્યારે ઝકાત રોઝા વગેરે પણ આવી ગયાં ત્યારે જન્નતી થવા માટે એ અમલોની પણ શર્ત લાગી. જેથી હદીષોમાં ટકરાવ નથી.

૧૧. એ ઉમરોમાં જો કે એમના પર નમાઝ ફર્ઝ નથી કેમ કે તેઓ નાબાલિગ છે, પરંતુ આદત પાડવાના માટે તેમને અત્યારથી નમાઝી બનાવો. કેમ કે દસ વરસની ઉમરમાં બાળકમાં ખાસ્સી સમજબુઝ આવી જાય છે એટલા માટે મારવાનો પણ હુકમ આવ્યો. કેમ કે નમાઝ અધિક મહત્વની છે એટલા માટે એના માટે જ મારવા વગેરેનો હુકમ આપવામાં આવ્યો. مُرُوْ એનાથી જાણવા મળ્યું કે બાળકને સાત વરસથી પહેલાં પણ આકર્ષણ આપવામાં આવે, પણ એનો હુકમ સાત વરસની વયમાં છે.

૧૨. એટલે કે બહેન ભાઈઓને અલગ બિસ્તરો પર સૂવડાવો કે હવે તેઓ મુરાહિક એટલે કે બાલિગ થવાની નજીક થઈ ગયાં.

પેજ 11 નું ચાલુ..

૧૨૫ : હકીકતમાં. *(જુમલ)* અને પોતાના કરમ અને અર્પણથી જેને તે જણાવે તે જાણે છે.

૧૨૬ : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવતા હતા કે હું "રાસિખુન–ફિલ–ઈલ્મ (પાકા ઈલ્મવાળા)માં દાખલ છું.

અને મુજાહિદની રિવાયતમાં આ મુજબ છે કે ફર્માવ્યું, હું તે લોકોમાંથી છું જેઓ ગુઢાર્થ અને અનેક મતલબ ધરાવતી આયતોનું અર્થઘટન જાણે છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે "રાસિખ ફીલ ઈલ્મ" પાકુ ઈલ્મ ધરાવનાર તે આલિમે બાઅમલ છે. જે પોતાના ઈલ્મનો તાબેદાર હોય.

તફસીરકારોનું એક કથન એ મુજબનું છે કે "રાસિખ ફીલ ઈલ્મ" તે લોકો છે જેનામાં ચાર ગુણ હોય : (૧) તક્વો, અલ્લાહનો ડર (૨) લોકો સાથે તવાઝુઅ નરમી (૩) દુનિયવી બાબતોથી પરહેઝગારી (૪) નફસ સાથે જિહાદ. *(ખાઝિન)*

૧૨૭ : કે તે અલ્લાહ તરફથી છે. અને એના જે અર્થો હોય તે હક્ક છે, અને એને નાઝિલ કરવામાં રહસ્ય છે.

૧૨૮ : સ્પષ્ટ અર્થવાળી આયતો હોય કે અનેક અર્થોવાળી હોય. ......*(ક્રમશઃ)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## હુસ્ન તેરા સા ન દેખા ન સુના–કહતે હૈં અગલે ઝમાનેવાલે

*(તેરા સા = તારા જેવું, અગલે ઝમાનેવાલે = હઝરત આદમ علیہ السلامથી લઈને અત્યાર સુધી)*

**અર્થાત** : હે મારા હુસ્નો જમાલવાળા રસૂલ ! صلی اللہ علیہ وسلم આદમ علیہ السلامથી લઈને આજ સુધી આખી દુનિયા આપના બારામાં એવું જ કહે છે કે :–

*તુમ્હારે હુસ્ન કા કૌનેનમેં જવાબ નહીં–ગુરૂબ હો જો કહીં યહ વો આફતાબ નહીં*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં અર્ઝ કરી, "હુઝૂર ! صلی اللہ علیہ وسلم જ્યારે હું આપને જોઈ લઉં છું તો મારું દિલ ખુશ ખુશ અને આંખો ઠંડી થઈ જાય છે. *(સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم, પેજ : ૪૦૮)*

એક સહાબીએ અર્ઝ કરી, હુઝૂર ! صلی اللہ علیہ وسلم મને એવું લાગે છે કે (એક દિવસ) આપની બારગાહમાં હાજરી ન આપીશ તો (આપના વિરહમાં) મરી જઈશ. હુઝૂર صلی اللہ علیہ وسلمની વફાતની ખબર આપી તો એ પોતાના ખેતરોમાં કામ કરી રહ્યા હતા. ખબર સાંભળીને એ જ ઘડીએ દુઆ કરી : **اللهم اذهب بصرى لا ارٰی بعد حبیبی محمد احدا** "હે અલ્લાહ ! હવે તેં આપેલી આંખો પરત લઈ લે, હું તારા અને મારા મહબૂબ પછી હવે કોઈને નથી જોવા ચાહતો ! જેથી એ જ વખતે એમની નજર ખત્મ થઈ ગઈ. *(મવાહિબ, ૨/૯૪)*

## વહી ધૂમ ઉન્કી હૈ માશાઅલ્લાહ !–મિટ ગએ આપ મિટાને વાલે

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! અલ્લાહ તઆલાએ આપના ઝિક્રને એટલું બુલંદ કરી આપ્યું છે કે આજે પણ આપના ઝિક્રની ધૂમ મચેલી છે અને દિવસે દિવસે વધારો જ થઈ રહ્યો છે.

અલ્લાહનો વાયદો છે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى "અને બેશક ! પાછલી તમારા માટે પહેલી કરતાં બેહતર છે." *(સૂરએ દુહા, આ. ૪)*

*વો જિસકો ખુદાને બળ્હાયા હૈ–કોઈ ઔર ઘટાના ક્યા જાને !*

મિટાવનારાઓનું પોતાનું નામોનિશાન નાબૂદ થઈ ગયું અને ભાવિમાં પણ એવું જ થશે.

*મિટ ગએ મિટતે હૈં મિટ જાએંગે અઅ્દા તેરે–ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા*

## લબે સૈરાબ કા સદકા પાની–અય લગી દિલકી બુઝાને વાલે

**અર્થાત** : હે મારા સાકીએ કૌષર ! અને માલિકે જન્નત પ્યારા નબી ! (صلی اللہ علیہ وسلم) આપના તરોતાઝગી તથા

સૈરાબી (તૃપ્તિ) અતા કરનારા હોઠોના સદકામાં એવું પણ અતા કરો કે જે મારા દિલને લાગેલી આગને બુઝાવી આપે ! હે દિલોને લાગેલી આગને બુઝાવવાળા !

### સાથ લે લો મૈં મુજરિમ હૂં–રાહમેં પળતે હૈં થાનેવાલે

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ મને તો આપ આપની સાથે જ રાખો ! જો હું અહીં પર હોઉં તો મારું દિલ મદીનામાં હોય. કેમ કે આ દુનિયામાં મોટા મોટા ગુસ્તાખ, સિયાહ દિલ, ઈમાનના ડાકૂઓ વેશ બદલી બદલીને ફરતા રહે છે. (થાનવી દેવબંદી અક઼ીદાવાળા જેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈલ્મને બાળકો, પાગલો તથા ચોપગાં જાનવરોથી મિલાવે છે. જુઓ : હિફ઼્ઝુલ ઈમાન, અઝ : મોલ્વી અશરફઅલી થાનવી) શક્ય છે કે નફ઼્સ તથા શૈતાન મુરાદ હોય કે જેઓ દરેક સમયે ઈમાન પર છાપો મારવાની કોશિશમાં રહે છે.

અને એ પણ બની શકે કે ક઼ઝા તથા ક઼દરના કારકૂનો હોય કે મારા જેવા મુજરિમને શોધી રહ્યા હોય. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો સાથ નસીબ થશે તો પછી શોધતા જ ફરશે પણ...(શેઅર) : *વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

### હો ગયા ધકસે કલેજા મેરા–હાએ રુખસત કી સુનાનેવાલે

**અર્થાત** : અરે ઓ મદીનાથી જુદાઈની ખબર સંભળાવનાર ! તેં તો આ કેવો ગઝબ કર્યો કે આ ખબર સંભળાવીને મારા દિલમાં ધરતીકંપ મંચાવી દીધો ! જો જરા મારુ કલેજુ કેવું ધક ધક કરી રહ્યું છે !

*મરકે જીતે હૈં જો ઉન્કે દરપે જાતે હૈં "હસન"–જી કે મરતે હૈં જો આતે હૈં મદીના છોળકર*

### ખલ્ક઼ તો કયા કે હૈં ખાલિક઼ કો અઝીઝ !–કુછ અજબ ભાતે હૈં ભાનેવાલે

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ આપ કેવળ મખ્લૂક઼ને જ પ્યારા નથી, બલ્કે પોતાના પેદા કરનારાને પણ ઘણા અઝીઝ તથા મહબૂબ છો. આપ કેટલા અનોખા મહબૂબ છો કે ખુદાના પણ મહબૂબ છો અને સઘળી ખુદાઈના પણ મહબૂબ છો !

આપનું નામ નામી ઈસ્મે ગિરામી પણ અલ્લાહને એટલુ પ્રિય છે કે જ્યારે આદમ علیہ السلامએ પોતાની લગઝિશની માફીના માટે હુઝૂર ﷺનું નામ બારગાહે ઈલાહીમાં વસીલા રૂપે પેશ કર્યું તો હુકમ થયો : **يا ادم لو تشفعت الينا بمحمد صلى الله عليه وسلم فى اهل السماء و الا رض تشفعناك** "હે આદમ ! (علیہ السلام) તમે તો કેવળ મારા નબીના નામના વસીલાથી દુઆ કરી છે જે અમે ક઼બૂલ કરી લીધી, જો તમે જમીન તથા આસ્માનના માટે મારા પ્યારાનું નામ લઈને દુઆ કરત તો સૌના માટે ક઼બૂલ કરી લેત." જેનું નામ અલ્લાહને આટલુ પ્યારુ છે, એની જાત કેટલી પ્યારી હશે ?!

*સહરા હુઝૂર આપ કે દમસે ચમન હુવા–પથ્થર કા યહ નસીબ કે વો ગુલબંદ હુવા*

### કુશ્તાએ દશ્તે હરમ જન્નત કી–ખિળકિયાં અપને સિરહાનેવાલે

*(કુશ્તા = કાપવામાં આવેલ, દશ્ત =હરમ, મદીનાનું જંગલ, સિરહાના = તકિયો)*

**અર્થાત** : મદીનાના સહરા (રણ, જંગલ)ના આશિક઼ની શાન તો જુઓ ! કે એના સિરહાને જન્નતની ખિડકીઓ ખોલી દેવામાં આવે છે અને ક઼બ્ર જન્નતનો બાગ બની જાય છે.

ફર્માવ્યું, ક઼બ્ર ક્યાં તો જહન્નમનો ખાડો બનાવી દેવામાં આવે છે અથવા જન્નતનો બાગ. અને મો'મિનની

કૃબ્ર જન્નતનો બાગ હોય છે. તો જ્યારે કૃબ્ર જન્નત બની ગઈ અને હદીષ શરીફના પ્રમાણે મો'મિનની કૃબ્રમાં જન્નતની ખિડકી પણ ખુલી જાય છે જેનાથી જન્નતની ખુશબુદાર હવાઓ આવતી રહે છે. તો પછી જો બાબા ફરીદગંજ શકર رحمۃ اللہ علیہની કૃબ્રના દરવાજાને બહિશ્તી દરવાજો, (કે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની કૃબ્રના દરવાજાને) જન્નતી દરવાજો કહી દેવામાં આવે તો કઈ શરીઅત વિરુદ્ધ વાત થઈ ગઈ ?! જન્નતનો દરવાજો બહિશ્તી દરવાજો જો નહીં કહેવાય તો શું કહેવાશે ?! અને વળી પુષ્ઠભૂમિકામાં મહાન બશારત પણ હોય !

**બહિશ્તી દરવાજા સંબંધે એક લતીફો** : એક મોલ્વી સાહબ બહિશ્તી દરવાજાની વિરુદ્ધમાં ઘણી જ ધુંઆધાર તક્રીર કરી રહ્યા હતા અને શ્રોતાજનોને પૂછી રહ્યા હતા કે બતાવો ભાઈ ! વાપડા હાઉસ ક્યાં છે ? સૌએ કહ્યું, લાહોરમાં. તો એનો દરવાજો પણ લાહોરમાં જ હશે કે પેશાવરમાં હશે ? શું એ બની શકે છે કે પાર્લામેન્ટ હાઉસ તો ઈસ્લામાબાદમાં હોય અને એનો દરવાજો લાહોરમાં હોય ?! સૌએ કહ્યું કે નહીં ! પછી તેણે કહ્યું, જન્નત ખબર છે ક્યાં છે ?!

**عند سدرة المنتهى عند جنت الماوىٰ** તો જ્યારે જન્નત સિદરતુલ મુન્તહાની પાસે છે જે છઠ્ઠા આસ્માન પર છે તો એનો દરવાજો પાકપટ્ટનમાં હોય શકે છે ?! સૌએ કહ્યું, નથી હોય શક્તો. તો એક ગામડીયો ઉભો થઈને કહેવા લાગ્યો, મોલ્વી સાહબ ! અમારા ગામની મસ્જિદના મિયાંજીએ એકવાર મસ્અલો કહ્યો હતો કે, ''જન્નત માના કૃદમોમાં છે.'' શું આ મસ્અલો સહીહ છે ?! બસ ! આ વાત સાંભળતાં જ એવું લાગ્યું જાણે મોલ્વી સાહબ પર ઠંડા પાણીનો દરિયો ઠાલવી દેવામાં આવ્યો હોય ! પરંતુ જાય ક્યાં ?! કેમ કે સહીહ હદીષમાં છે : **الجنت تحت اقدام الا مهات** અને આ પણ હદીષ છે : **الجنة تحت ظلال السيوف** ''જન્નત તલ્વારોના સાયા નીચે છે.'' મોલ્વી સાહબે કહ્યું, હા ! હદીષમાં એવું જ છે. તો એ ગામડાવાસીએ કહ્યું, જે અલ્લાહ જન્નતને માના કૃદમોમાં લાવી શકે છે તે ફરીદ ગંજશકરના કૃદમોમાં નથી લાવી શક્તો ?! **فبهت الذى كفر**

*પળા ફલક કો કભી દિલ જલોંસે કામ નહીં—જલા કે રાખ ન કર દૂં તો દાગ નામ નહીં*

### ક્યૂં 'રઝા' આજ ગલી સુની હૈ – ઉઠ મેરે ધૂમ મચાનેવાલે

**અર્થાત** : હે અહમદ રઝા ! (દીને ઈસ્લામની) ગલી સુની સુની કેમ છે ? ઉઠ અને ગ઼ૌષે જલી, હિંદલ વલી તથા દાતા અલીવાળો નગ્મો આલાપીને ધૂમ મચાવી દે, પછી જો કેવી બહાર આવે છે અને ઈસ્લામની અઝમતના ડંકા કેવા વાગે છે !

*જિસ તરફ ચશ્મે મુહમ્મદ કે ઈશારે હો ગયે – જિતને ઝર્રે સામને આયે સબ સિતારે હો ગયે* صلى الله عليه وسلم


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

**અનુવાદક** : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૨૫/–** (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા-મુબારકપુર)*

**(પ્રકરણ : ૧૯)**

## દારૂન્નદવા (પંચાયત ઘર)

જ્યારે મદીનામાં મુસલમાનોને પનાહ મળી ગઈ તો રસૂલે અકરમ ﷺએ આમ એલાન કરી દીધું કે જેનું દિલ ચાહે મદીના ચાલ્યો જાય. આ એલાન સાંભળી ધીરે ધીરે બધા મુસલમાન મદીના નીકળી પડયા. મક્કામાં ફક્ત રસૂલે ખુદા ﷺ, હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત અલી رضوان اللہ تعالٰی علیہم اجمعین ને થોડાક ગરીબ મુસલમાનો બાકી રહી ગયા હતા. કાફિરો મુસલમાનોને જતા જોઈને પહેલા તો બહુ ખુશ થયા કે ચાલો સારું થયું કે આ મુસલમાનોથી મક્કા પાક થયું, પરંતુ કેટલાક લોકોને એ ભય મહેસૂસ થયો કે ક્યાંક રસૂલે કરીમ ﷺ પણ ત્યાં ન ચાલ્યા જાય અને પોતાના મદદગાર લશ્કરને લઈને આપણા પર હુમ્લો કરી દે. જ્યારે આ વાત ચક્રાવો લેવા લાગી તો કાફિરોએ "દારૂન્નદવા" (પંચાયત ઘર)માં એક ઘણી મોટી મીટિંગ કરી અને મક્કાના મોટા મોટા સરદારોએ પણ તેમાં ભાગ લીધો. ઈબ્લીસ શૈતાનોનો સરદાર પણ ધાબળો ઓઢીને એક વૃદ્ધના વેશમાં આવી ગયો. જ્યારે કુરૈશના લોકોએ એક નવા વ્યક્તિને જોયો તો પૂછયું કે, તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે ?! ઈબ્લીસે કહ્યું, હું શૈખે નજદ છું, નજદથી એટલા માટે આવ્યો છું કે તમને સારી સલાહ આપુ. આ સાંભળી મક્કાના કાફિરોએ તેને પણ પંચાયત ઘરમાં સામેલ કરી લીધો. મીટિંગ શરૂ થઈ ગઈ અને જ્યારે નૂરે મુજસ્સમ ﷺની ચર્ચા થઈ તો તેમનાંથી એકે કહ્યું, મુહમ્મદ બિન અબ્દુલ્લાહને એક મકાનમાં બંધ કરી દેવામાં આવે અને એક કાણામાંથી તેમને ખાણા પાણી પહોંચાડી દેવામાં આવે. આ રીતે તેઓ પોતાના કામથી રોકાઈ જશે. શૈતાને બગડીને કહ્યું કે આ મશ્વરો સારો નથી ! જો તમે એમને કોઈ મકાનમાં બંધ કરી દેશો તો તેમના ચાહવાવાળાઓ કોઈ પણ રીતે પોતાનો જીવ દાવ પર લગાડીને પણ તેમને છોડવી લેશે. એક બીજા માણસે મશ્વરો આપ્યો કે તેમને શહેરથી કાઢી મૂકવામાં આવે, જેથી કુર્આની તા'લીમ અને ઈસ્લામની તબ્લીગ મક્કામાં બંધ થઈ જશે. આ સાંભળી ઈબ્લીસ ગુસ્સે ભરાયો અને બોલ્યો કે તમારી આ સલાહ પર લા'નત થાય ! શું તમને ખબર નથી કે મુહમ્મદ ઘણી મધૂર મધૂર વાતો કરે છે, તેમની વાત સાંભળી લોકો તેમના દીવાના થઈ જાય છે. પોતાની વાતોથી તે આખા અરબને પોતાનું બનાવી લેશે. અને એક જબરદસ્ત સેના લઈને તમારા પર હુમ્લો કરી દેશે. એટલા માટે તેમને મક્કાથી કાઢવાની વાત ન કરો.

આ પંચાયતમાં અબૂ જહલ પણ હતો. તેણે કહ્યું કે એક સલાહ હું પણ આપું છું જે અત્યાર

સુધી કોઈને નથી સુજી ! બધા લોકો તેની તરફ ધ્યાનિત થઈ ગયા અને બહુ જ બેકરારી સાથે પૂછયું, જણાવો તે શું છે ? તેણે કહ્યું, મારો મશ્વરો એ છે કે દરેક કબીલાનો એક એક વ્યક્તિ તલ્વાર લઈને તૈયાર થઈ જાય અને બધા એકી સાથે હુમ્લો કરી મુહમ્મદ (ﷺ)ને મારી નાખે. આ રીતે ખૂનના બદલાનો ગુનો દરેક કબીલાના માથે રહેશે. બની હાશિમ સર્વ કબીલાઓ સાથે લડવાની શક્તિ નથી ધરાવતા જેથી ''ખૂંબહા'' (ખૂન કરવાના બદલામાં અપાતી રકમ) લેવા માટે રાજી થઈ જશે અને આપણે પોતાના સંકલ્પમાં કામયાબ થઈ જઈશું. અબૂ જહલની આ વાત સાંભળી શૈતાન બહુ ખુશ થયો અને કહ્યું, આ સલાહ બિલ્કુલ બરાબર છે ! આનાથી વધુ સારી સાઝિશ નથી થઈ શકતી. બધા આ વાત પર રાજી થયા. પેલી બાજુ અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ ﷺ મારફતે આ નાપાક ઈરાદાની ખબર પોતાના પ્યારા મહબૂબ ﷺને આપી દીધી.

**(પ્રકરણ : ૨૦)**

## રસૂલુલ્લાહ ﷺની હિજરત

તમે વાંચી લીધું કે મક્કામાંથી બધા જ મુસલમાનો મદીના તરફ સ્થળાંતર કરી ચૂક્યા હતા, ફક્ત રસૂલે કરીમ ﷺ અને થોડાક મુસલમાનો મક્કામાં રહી ગયા હતા. જ્યારે આપની ઉંમર ૫૩ વર્ષની થઈ તો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે હે મહબૂબ ! આજે રાત્રે આપ પોતાની પથારી પર ન સૂવો અને હિજરત કરી મદીના તશરીફ લઈ જાવ. હુકમે ઈલાહી સાંભળ્યા બાદ ભર બપોરે નબીએ આ'ઝમ ﷺ અબૂબક્ર رضی اللہ عنہના ઘરે તશરીફ લઈ ગયા અને તેમને કહ્યું કે ઘરવાળાંઓને એક બાજુ કરી આપો, કાંઈક મશ્વરો કરવો છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં મા બાપ કુર્બાન ! અહીંયાં આપની પત્ની (હઝરત આઈશા رضی اللہ عنہا)ના સિવાય બીજું કોઈ નથી. આપે ઈર્શાદ ફર્માવ્યો, અબૂબક્ર ! અલ્લાહ તઆલાએ મને હિજરતની ઈજાઝત આપી છે. અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ આપ મને પણ સાથે આવવાની ઈજાઝત આપો. આપે કબૂલ કર્યું ત્યાર પછી હઝરત સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, આ ઊંટણીઓ છે જેમને મેં આજ દિવસ માટે પાલવી છે. યા રસૂલલ્લાહ ! ﷺ આમાંથી એક કબૂલ ફર્માવી લો. રસૂલે કરીમ ﷺએ એક કબૂલ ફર્માવી પરંતુ તેની કિંમત અદા કરી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ કિંમત લેવા ઈચ્છતા ન હતા પરંતુ આપના હુકમથી મજબૂર થઈને લઈ લીધી.

તેમની મોટી પુત્રી હઝરત અસ્મા رضی اللہ عنہاએ સફરનો સામાન તૈયાર કર્યો અને પછી નબી કરીમ ﷺએ અબ્દુલ્લાહ બિન ઉરૈકિત નામના કાફિરને પગાર પર રસ્તો દેખાડવા માટે રાખી લીધો જે રસ્તાઓનો જાણકાર હતો. આપે બંને ઊંટણીઓ તેને આપી અને ફર્માવ્યું, ત્રણ દિવસ પછી આ ઊંટણીઓ લઈને ગારે ષૌર પર ચાલ્યો આવજે. આ તૈયારી કરીને રસૂલે ખુદા ﷺ પોતાના ઘરે તશરીફ લાવ્યા. દારુન્નદવાના કરાર પ્રમાણે રાત્રે કાફિરોએ આપના હુજરા શરીફને ઘેરી લીધો અને રાહ જોવા લાગ્યા કે મુહમ્મદ (ﷺ) બહાર નીકળે અને તેમના પર હુમ્લો કરવામાં આવે. મક્કાના કાફિરો ભલે આપના દુશ્મન હતા પરંતુ આપની સચ્ચાઈ તથા અમાનતદારી પર ભરપૂર વિશ્વાસ રાખતા હતા. આપ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને બોલાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યું, અલી ! આજે રાત્રે કાફિરો મને કત્લ કરવા આવશે અને અલ્લાહ તઆલાના તરફથી મને હિજરતનો હુકમ થયો છે. આજે રાત્રે મારી પથારી પર સૂઈ જજો અને સવારે

ફલાણા ફલાણાને આ અમાનતો દઈને તમે મદીના ચાલ્યા આવજો.

જુઓ ! હઝરત અલી رضی اللہ عنہએ હુઝૂર ﷺના મુકાબલામાં પોતાના જીવની કોઈ પરવા ન કરી અને સૂકન સાથે આખી રાત એ વિચારી સૂતા રહ્યા કે જ્યારે આક઼ા ﷺએ ફર્માવી દીધું છે કે અમાનતો દઈને સવારે મદીના ચાલ્યા આવજો, તો મને યક઼ીન છે કે આ રાત્રીએ મને કોઈ નુકસાન પહોંચાડી નથી શક્તું.

રસૂલુલ્લાહ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને પોતાની મુબારક પથારી પર સૂઈ જવાનો હુકમ આપ્યો અને ઘરેથી નીકળ્યા. મુટ્ઠી ભરીને મટોડુ લીધું અને સૂરએ યાસીનની શરૂઆતની આયતો પઢીને તેમના માથા પર નાખી દીધી અને તેમના વચ્ચેથી નીકળી ગયા છતાં તેમને કાંઈ ખબર ન થઈ. તૈયારી પ્રમાણે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પણ પોતાના ઘરેથી નીકળ્યા, અને બંને હઝરાત ૨૭ સફર નબવી સન ૧૩ની રાત્રે અંધારામાં મદીના તરફ નીકળી પડયા અને મક્કાની બહાર ગારે ષૌરમાં જઈને પનાહ લીધી.

મક્કાના કાફિરોએ આખી રાત સરવરે કાઈનાત ﷺના હુજરા મુબારકને એ આશએ ઘેરી રાખ્યો કે સવાર થાય તો હુમ્લો કરીએ, પરંતુ સવારે આપના બિસ્તર પર હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને જોઈને તેઓ ઘણા હેરાન થયા અને દાંત કચકચાવીને રહી ગયા અને તરત જ તલાશ કરવાનું શરૂ કરી દીધું.

**ગારે ષૌર** : મક્કા શરીફથી મદીનાના રસ્તામાં ચાર અથવા પાંચ માઈલની દૂરી પર એક પહાડ છે જેને ષૌર કહેવામાં આવે છે. તેમાં એક ગુફા છે જે ગારે ષૌરથી મશહૂર છે. હુઝૂરે અન્વર ﷺ અને હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ હિજરત કર્યા બાદ સૌ પ્રથમ આ જ ગાર (ગુફા)માં ક઼યામ ફર્માવ્યો. પહેલાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ગારની અંદર દાખલ થયા અને તેની સફાઈ કરી પોતાની ચાદર ફાડી ફાડીને કાણાંઓને બંધ કર્યા પછી નબીએ કરીમ ﷺને બોલાવ્યા. આપ તશરીફ લઈ ગયા અને હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની જાંગ પર માથુ મૂકી આરામ ફર્માવવા લાગ્યા. એક કાણુ બંધ ન થઈ શક્યું હતું તેના પર હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ પોતાનો પગ મૂકી દીધો. આ કાણામાં એક સાપ હતો તે હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને કરડયો. આપે એ વિચારથી પગ ન હલાવ્યો કે ક્યાંક રસૂલે કરીમ ﷺના આરામમાં દખલ ન થાય. પરંતુ અસહ્ય પીડાના કારણે આંખોમાંથી આંસૂ નીકળવા લાગ્યાં. થોડાક ટીપાં નબીએ કરીમ ﷺના ગાલ મુબારક પર ટપક્યાં, જેના કારણે આપ જાગી ઉઠયા અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને રડતા જોઈ પૂછયું, હે અબૂબક્ર ! શું થયું છે ? કેમ રડી રહ્યા છો ?! આપે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સાપ કરડયો છે ? હુઝૂર ﷺએ ઝખ્મ પર પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) લગાડી દીધું જેના કારણે દર્દ તરત જ મટી ગયું.

હુઝૂર અકરમ ﷺ ત્રણ દિવસ સુધી ગારમાં રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના પુત્ર અબ્દુલ્લાહ રોજ રાત્રે ગારના મુખ પર ઊંઘતા અને સવાર સવારમાં ઉઠી મક્કા ચાલ્યા જતા અને ખબર કાઢતા કે કુરૈશ શું સાઝિશ બનાવી રહ્યા છે. અને આખા દિવસની ખબરો રસૂલે કરીમ ﷺને સંભળાવી દેતા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ગુલામ આમિર બિન ફુહૈરહ رضی اللہ عنہ થોડીક રાત પસાર થઈ ગયા બાદ બકરીઓ લઈને આવતા અને બંને હઝરાત દૂધ પી લેતા. આ બાજુ કાફિરોએ જ્યારે આપને હુજરામાં ન પામ્યા તો તલાશ કરવાનું શરૂ કરી દીધું. મક્કાની આજુબાજુ તલાશ કર્યું ત્યાં સુધી કે ગારે ષૌર સુધી પહોંચી ગયા. કુરૈશના પગોનો

અવાજ સાંભળી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હવે કાફિર બિલકુલ નજીક આવી ગયા છે ! જો થોડા પણ ઝુકીને જોશે તો આપણને જોઈ લેશે. હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે અબૂબક્ર ! ગભરાવ નહીં ! અલ્લાહ આપણી સાથે છે. આ સાંભળી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને તસલ્લી થઈ ગઈ.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબની રક્ષા ફર્માવી. તે એવી રીતે કે ગારના મુખે કરોળીયાએ જાળુ બનાવી દીધું અને એક ખૂણા પર કબૂતરીએ ઈંડા મૂકી દીધાં. આ જોઈ મક્કાના કાફિરો એવું કહીને પાછા ફરી ગયા કે જો આ ગારમાં કોઈ ગયું હોત તો ન અહીં કરોળીયાનું જાળ હોત અને ન કબૂતરી ઈંડાં મૂકતી.

ચોથા દિવસે રહ્મતે આલમ ﷺ પહેલી રબીઉલ અવ્વલ પ્રમાણે ૧૬ સપ્ટેમ્બર ઈ.સ. ૬૨૨ને સોમવારના દિવસે ગારે થૌરથી બહાર તશરીફ લાવ્યા. અબ્દુલ્લાહ બિન ઉરૈકિત જેને રસૂલુલ્લાહ ﷺએ રસ્તો દેખાડવા માટે મજૂરી પર રાખ્યો હતો તે આપના હુકમ પ્રમાણે બંને ઊંટણીઓ લઈને ગારની પાસે હાજર હતો. એક ઊંટણી પર નબીએ કરીમ ﷺ અને બીજી ઊંટણી પર હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત આમિર બિન ફુહૈરા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن સવાર થયા અને અબ્દુલ્લાહ બિન ઉરૈકિત આગળ આગળ ચાલવા લાગ્યા. આ રીતે આ ચાર માણસોનો કાફલો મદીનાની તરફ ઝડપથી વધવા લાગ્યો.

**સો ઊંટોનું ઈનામ** : મક્કાવાળા જ્યારે રસૂલે કરીમ ﷺને શોધીને થાકી ગયા તો આમ એલાન કરી દીધું કે જે કોઈ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (ﷺ)ને પકડી લાવશે તેને સો લાલ ઊંટોનું ઈનામ આપવામાં આવશે. આ કિંમતી ઈનામની લાલચમાં બહુ લોકોએ ઘોડા દોડાવ્યા અને દૂર દૂર સુધી તલાશ કર્યા પરંતુ સફળ ન થયા. આ બાજુ રસૂલે કરીમ ﷺ ગારથી નીકળ્યા બાદ બરાબર ચાલતા રહ્યા. બીજા દિવસે "કુદૈદ"ના સ્થળે પહોંચી આરામ કર્યો. થોડો આરામ લીધા બાદ જ્યારે આપ ત્યાંથી આગળ વધ્યા તો મક્કાનો મશ્હૂર બહાદુર સુરાકા બિન માલિક બિન જોઅ્શુમ પીછો કરતો દેખાયો.

ઘોડો દોડાવતો નજીક આવી પહોંચ્યો. હજુ હુમલો કરવા ઈચ્છતો હતો કે ઘોડાએ ઠોકર ખાધી અને નીચે પડયો. પરંતુ સો ઊંટોનું ઈનામ કોઈ મામૂલી ન હતું ! તેણે ફરી ઘોડા દોડાવ્યો. આ વખતે પણ ઘોડાએ ઠોકર ખાધી અને જમીન પર પડયો. તે વારંવાર ફાલ કાઢતો અને નિષ્ફળતા જોતો પરંતુ ઈનામની લાલચથી મજબૂર હતો. ફરીથી ઘોડો દોડાવ્યો તો આ વખતે ઘોડાના પગ જમીનમાં ધસી ગયા. આ જોઈને સુરાકા બહુ ગભરાયો. ડરથી ધ્રુજવા લાગ્યો અને સમજી ગયો કે આ મામલો કાંઈ અલગ જ છે ! તેણે રસૂલે કરીમ ﷺથી અમાનની ફરિયાદ કરી. સુરાકાની લાચારી જોઈ આપને દયા આવી ગઈ અને દુઆ ફર્માવી તો જમીને તેના ઘોડાના પગ છોડી દીધા. ત્યાર બાદ સુરકાએ અર્ઝ કરી કે અમાનનો કરાર લખી દેવામાં આવે. આપે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને હુકમ આપ્યો કે કરાર લખી આપો અને પોતે મદીના તરફ વધવા લાગ્યા. તે કરાર લઈને પરત ફર્યો અને રસ્તામાં જે પણ રસૂલે કરીમ ﷺના વિશે પૂછતું તો સુરાકા તેને એ કહી પરત કરી દેતા કે મેં બહુ દૂર સુધી તેમને શોધ્યા પણ ક્યાંય ન મળ્યા. સુરાકાના દિલમાં રસૂલે કરીમ ﷺની અઝમત બેસી ગઈ હતી. થોડાક સમય પછી પોતાના કબીલાના ઘણા લોકોની સાથે તેમણે ઈસ્લામ કબૂલ કર્યો.

# મહબ્બતે રસૂલ ﷺનું
# મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ

હપ્તો : ૦૪

**અઝ** : અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## રસૂલુલ્લાહ ﷺની શાન વર્ણવવામાં આતિશ્યોક્તિથી બચવું

રસૂલુલ્લાહ ﷺની શાન વર્ણવવામાં અને આપની નઅતમાં એ અદબનો ખયાલ રાખવો જોઈએ કે ન આપને અલ્લાહ તઆલાના બરાબર વર્ણવવામાં આવે, ન આપને અલ્લાહ તઆલાથી વધારવામાં આવે. દા.ત. એવું ન કહેવામાં આવે કે, "ખુદાનો ઝિક્ર મટી જશે અને મુસ્તફાનો ઝિક્ર જારી રહેશે." અથવા "ખુદાની આપેલી આંખમાં એટલી રોશની ન હતી, જેટલી મુસ્તફાની આપેલ આંખમાં રોશની હતી."

અમુક વાઈઝ કરનારાઓ ખિતાબતના જોશમાં આવીને અથવા નારા લગાડાવવા માટે તથા વાહ વાહ મેળવવાના શોખમાં આ પ્રકારની વાતો કહી જાય છે. આ સર્વથી બચવું અનિવાર્ય છે. રસૂલુલ્લાહ ﷺ અલ્લાહની મખ્લૂક઼ તથા તેના બંદા છે, ન ખુદા છે ન ખુદાથી વધીને છે. આપ અલ્લાહ તઆલાની મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ તથા સૌથી અફઝલ છે અને આ આપની ઘણી જ મહાન ફઝીલત છે.

## (૫) રસૂલુલ્લાહ ﷺની તાઝીમ તથા અદબ કરવી

મોહિબ્બની પાંચમી નિશાની એ છે કે રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર કરતી વખતે આપની તાઝીમ તથા તૌક઼ીર કરવી અને આપનુ નામ મુબારક સાંભળવા પર ખુઝૂઅ તથા ખુશૂઅને પ્રદર્શિત કરવું, એ આપથી મોહબ્બતની નિશાની છે.

શયખ અબ્દુલહક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "અબૂ ઈબ્રાહીમ યહ્યા ફર્માવે છે કે દરેક મુસલમાન પર લાઝિમ છે કે જ્યારે એની સમક્ષ રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર કરવામાં આવે તો તે અદબ તથા એહતેરામની સાથે સાંભળે અને શરીરને હલાવે પણ નહીં, અને પોતાના પર એવો પ્રભાવ તથા જલાલ લાગુ કરે, જાણે કે તે રસૂલુલ્લાહ ﷺની સામે ઉભો છે. હઝરત અબૂ ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہની સમક્ષ જ્યારે રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર કરવામાં આવતો તો એટલા પ્રમાણમાં રડતા કે લોકોને એમના હાલ પર દયા આવી જતી.

જઅફર બિન મુહમ્મદ ખુશ મિઝાજ તથા હસમુખા માણસ હતા, પણ જ્યારે એમની સમક્ષ રસૂલુલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો તેમનો રંગ પીળો પડી જતો. આમિર બિન અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہماની સમક્ષ જ્યારે રસૂલુલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો રડવા લાગતા, ત્યાં સુધી કે તેમની આંખોનાં આંસૂ બાકી ન રહેતાં ! ઝુહરી ઘણા જ બાઅખ્લાક઼ તથા મેહફિલી માણસ હતા, પરંતુ જ્યારે એમની સમક્ષ રસૂલૂલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો એ રીતે ગુમસુમ થઈ જતા જાણે તે કોઈને ઓળખતા જ નથી ન કોઈ તેમને ઓળખે છે. અબ્દુર્રહમાન મહદીની સામે જ્યારે હદીષ

પઢવામાં આવતી તો લોકોને ખામોશ રહેવાનો હુકમ આપી દેતા અને કહેતા :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ

"હે ઈમાનવાળાઓ ! એ નબી ના અવાજ પર તમારો અવાજ ઊંચો ન કરો." *(સૂ. હુજુરાત–આ–૨)*

તે કહેતા હતા જેવી રીતે રસૂલુલ્લાહ ﷺના કલામ (વાતચીત) દરમ્યાન ખામોશ રહેવું જરૂરી છે, એવી જ રીતે આપની હદીષ સાંભળતી વખતે પણ ખામોશ રહેવું જરૂરી છે, કેમ કે હદીષ પણ આપનુ કલામ છે.

## (૬) રસૂલુલ્લાહ ﷺ પર સલાતો સલામ પઢવું

મહોબ્બતની છટ્ઠી નિશાની એ છે કે મહબૂબનો ઝિક્ર સાંભળ્યા પછી મહબૂબના હક્કમાં દુઆ કરે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે જ્યારે કોઈ મુસલમાન આપનું નામ લે અથવા એની સામે આપનું નામ લેવામાં આવે તો તે આપ પર સલાતો સલામ પઢે.

અલ્લામા ઈબ્ને કૈયિમ જવઝિયા લખે છે : "ઈમામ અબૂ જઅફર તહાવી અને અલ્લામા અબૂ અબ્દુલ્લાહ હલીમીનો મસ્લક એ છે કે જ્યારે પણ કોઈ શખ્સ આપનો ઝિક્ર કરે તો એના પર આપના ઝિક્રની સાથે દુરૂદ શરીફ પઢવુ ફર્ઝ છે અને નહીં પઢે તો ગુનેહગાર થશે." તેમની દલીલો આ છે :

ઈમામ તિર્મિઝીએ હસન સનદ સાથે અને ઈમામ હાકિમે સહીહ સનદ સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "તે શખ્સ કંજૂસ છે જેની સમક્ષ મારું નામ ઝિક્ર કરવામાં આવ્યું અને તેણે મારા પર દુરૂદ ન પઢયું."

ઈમામ નિસાઈએ સહીહ સનદ સાથે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તે શખ્સ બખીલ છે જેની સમક્ષ મારો ઉલ્લેખ કરવામાં આવ્યો અને તેણે મારા પર દુરૂદ ન પઢયું."

તેમજ તેમણે કહ્યું છે કે જે શખ્સે નબી ﷺનો ઉલ્લેખ કર્યો અથવા તેની સમક્ષ આપનો ઝિક્ર કરવામાં આવ્યો અને તેણે આપના પર દુરૂદ ન પઢયું, તો તેણે આપની સાથે બેવફાઈ કરી અને કોઈ મુસલમાનના માટે આપની સાથે બેવફાઈ કરવી જાઈઝ નથી, કેમ કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેવફાઈઓમાંથી એ છે કે કોઈ શખ્સની સામે મારો ઝિક્ર કરવામાં આવે અને તે મારા પર દુરૂદ ન પઢે" (ﷺ)

અને સહીહ હદીષમાં છે કે, "કોઈ શખ્સ ત્યાં સુધી મો'મિન નથી થઈ શકતો જ્યાં સુધી પોતાની ઔલાદ, મા બાપ અને તમામ લોકો કરતાં અધિક આપને મહોબ્બત ન કરે. એટલા માટે મોમિનની નજીક આપનુ સૌથી અધિક પ્રિય હોવું ફર્ઝ છે, અને એના પર એ લાઝિમ છે કે તે આપની તાઝીમ તથા તૌક઼ીર કરે, અને તાઝીમ તથા તૌક઼ીર માટે એ અનિવાર્ય છે કે જ્યારે આપનો ઝિક્ર કરે અથવા આપનો ઝિક્ર સાંભળે તો આપ પર દુરૂદ શરીફ પઢે. અને જમહૂર ઉલમાની નજીક એ મુસ્તહબ છે. *(જલાઉલ ઈફહામ, ભેજ, ૨૨૯–૨૩૭)*

તેમજ અલ્લામા ઈબ્ને કૈયિમ જવઝિયા પોતાની સનદની સાથે વર્ણન કરે છે : "અબૂ બક્ર મુહમ્મદ ઈબ્ને ઉમરે કહ્યું કે હું અબૂ બક્ર ઈબ્ને મુજાહિદની પાસે બેઠેલો હતો. એવામાં શિબ્લી આવી ગયા. તો અબૂ બક્ર બિન મુજાહિદ એમના માટે ઉભા થયા અને તેમનાથી મુઆનિક઼ા કર્યો (ગળે મળ્યા), અને તેમની આંખોની દરમ્યાન બોસો આપ્યો. મેં કહ્યું, યા સૈયદી !

સર્વ બગદાદના લોકો તો શિબ્લીને દીવાના કહે છે અને આપે એમની આટલા પ્રમાણમાં તાઝીમ કરી ?! તેમણે કહ્યું કે મેં એમની સાથે તે જ કર્યું જે મેં રસૂલુલ્લાહ ﷺને એમની સાથે કરતાં જોયું છે, અને એનું કારણ એ છે કે મેં એક દિવસ ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારત કરી. શિબ્લી આવ્યા તો રસૂલુલ્લાહ ﷺ તેના માટે ઉભા થઈ ગયા અને તેની આંખોની વચ્ચે બોસો આપ્યો. મેં કહ્યું, યા રસૂલુલ્લાહ ! ﷺ આપ શિબ્લીની આટલા પ્રમાણમાં ઈજ્જત કરો છો ? આપે ફર્માવ્યું, આ શખ્સ દરેક નમાઝ બાદ આ આયત પઢે છે :–

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۲۸﴾

"બેશક ! તમારી પાસે તમારામાંથી એક મહાન રસૂલ તશરીફ લાવ્યા, તેમના માટે તમારું તકલીફમાં પડવું સખત ભારે છે. એઓ તમારી ખૂબ જ ભલાઈ ચાહવાવાળા છે અને મો'મિનો પર ખૂબ જ રહીમ તથા બેહદ મહેરબાન છે." *(સૂ. તૌબા, આ. ૧૨૮)*

આ આયત પછી ત્રણ વાર મારા પર દુરૂદ પઢે છે અને કહે છે : صَلَّى اللهُ عَلَيْكَ يَا مُحَمَّد "સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ." (ﷺ) પછી જ્યારે મારી પાસે શિબ્લી આવ્યા તો મેં તેમને પૂછયું, આપ દરેક નમાઝ બાદ શું પઢો છો ? તો તેમણે આ જ પ્રમાણે વર્ણન કર્યું. *(જલાઉલ ઈફહામ, પેજ–૨૮૫)*

## (૭) રસૂલુલ્લાહ ﷺથી મુલાકાતનો શોખ હોવો

મોહિબ્બની સાતમી નિશાની મહબૂબ સાથે મુલાકાતનો શોખ હોવું છે. દરેક તાલિબ તથા મુહિબ્બ પોતાના મત્લૂબ તથા મહબૂબ સાથે મુલાકાતની તમન્ના ધરાવતો હોય છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે મુલમાનના દિલમાં આપની ઝિયારત તથા આપની મુલાકાતનો શોખ હોય.

ઈમામ મુસ્લિમ રિવાયત કરે છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મતમાં મારી સાથે સૌથી વધુ મહોબ્બત કરવાવાળા લોકો મારા બાદ થશે, એમનામાંથી કોઈ એક શખ્સની એ તમન્ના હશે કે કાશ ! તેના સર્વ ઘરવાળાં તથા માલના બદલામાં તેને મારી ઝિયારત નસીબ થઈ જાય."

*–(સહીહ મુસ્લિમ, ૨/૩૭૯)*

આ હદીષને ઈમામ અહમદે પણ રિવાયત કરી છે. *(મુસ્નદે અહમદ, ૫/૧૫૬, ૧૭૦)*

ઈમામ દયલમી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સે બયતુલ્લાહનો હજ કર્યો અને મારી ઝિયારત ન કરી, તેણે મારી સાથે બેવફાઈ કરી. *(દયલમી, ફિરદોસુલ અખ્બાર, ૪/૭૧, બૈરૂત)*

## ★ દામાદે તાજુશ્શરીઅહ–મૌલાના શોએબ રઝા ચલ બસે ! ★

**બરેલી શરીફ** : આજરોજ તા. ૧૧–૬–૨૦૧૭, ૧૫–રમઝાન હિ.સ. ૧૪૩૮ ઝહોરની આગળ આગળ આ ગમઅંગેઝ ખબર મળી કે **હઝરત મૌલાના શોએબ રઝા નઈમી**નો ઈન્તેકાલ થઈ ગયો. અમોને આ દર્દનાક ખબરથી સદમો થયો. ખાનદાને તાજુશ્શરીઆ مدظلہ العالی ના આ ગમમાં અમો બરાબરના શરીક છીએ. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, દરજાની બુલંદી કરે અને સર્વ સગાંઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા વ નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

હવે જુઓ સર્વ અસ્લાફમાં નમાઝનો જઝબો કેટલા પ્રમાણમાં રહેતો હતો. તેમને ખૌફે ખુદા અને કયામતનો એહસાસ અને અલ્લાહ ﷻ તથા તેના રસૂલ ﷺના એહકામનો કેટલા પ્રમાણમાં લેહાઝ હતો.

## અંધ રહેવું પસંદ કર્યું પણ નમાઝ ન છોડી !

ઈમામ મુન્ઝરી رحمۃ اللہ علیہએ પોતાની જગ વિખ્યાત કિતાબ 'અત્તરગીબ વત્તરહીબ'માં મુસ્નદે બુઝ્ઝારના હવાલાથી નક્લ કર્યુ છે કે જ્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہની દષ્ટિ જતી રહી તો લોકોએ તેમને અર્ઝ કરી કે અમે તમારી આંખો ઠીક કરાવી દઈએ પણ તમારે અમુક દિવસો નમાઝ છોડવી પડશે, કેમ કે ઈલાજ દરમ્યાન હલન ચલન નુકસાન કર્તા છે. તો આપ رضی اللہ عنہએ એ સાંભળીને ફર્માવ્યું કે મારાથી એ નથી થઈ શક્તું, કેમ કે તાજદારે રિસાલત ﷺનું ફર્માન મુબારક છે કે જેણે નમાઝ છોડી તેના પર ક્યિામતના દિવસે અલ્લાહ તઆલા અતિશય ગયઝો ગઝબ તથા સખત ગુસ્સો ફર્માવશે. જેથી હે લોકો ! મને આંધળા રહેવું મન્ઝૂર છે ! હું અલ્લાહ ﷻના ગઝબને સહન કરવાની શક્તિ નથી ધરાવતો. જેથી આપ رضی اللہ عنہએ આંખો ઠીક ન કરાવી અને નાબીના જ રહ્યા.

## જમાઅત માટે આવી બેક્રારી ક્યાં જોવા મળે ?

કિતાબ શવાહિદુન્નબુવ્વતમાં આરિફ જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નાબીના હોવાની હાલતમાં એક છોકરો પોતાની સાથે રાખતા હતા જે નમાઝના સમયમાં આપની લાઠી પકડીને આપને મસ્જિદમાં લાવ્યા કરતો. એક દિવસે તે છોકરો નમાઝના સમયે હાજર ન થયો અને આપ ખૂબ જ બેચૈન થઈ ગયા. બાજમાઅત નમાઝના શોખે આપ رضی اللہ عنہને બેચૈન કરી નાખ્યા. છેવટે આપે અલ્લાહ તઆલાની બારગાહમાં ફરિયાદ કરી કે હે અલ્લાહ ! ﷻ મારું નાબીના હોવું કયામતના દિવસે કયાંક મને બેઈજ્જત ન કરે. હે અલ્લાહ ! ﷻ મને કયામતની બેઈજ્જતીથી બચાવી લે. તે જ વખતે આપની આંખો તુરત જ રોશન થઈ ગઈ અને આપ મસ્જિદમાં ચાલ્યા ગયા. ત્યારબાદ પણ એવું થવા લાગ્યું કે જયારે પણ નમાઝનો સમય આવતો તો આપની આંખો રોશન થઈ જતી. અને જયારે નમાઝથી ફારિગ થઈને પોતાના ઘરે આવી જતા તો ફરી નાબીના થઈ જતા.

પ્યારા દીની ભાઈઓ ! જોયું તમે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો જઝબો કેટલા પ્રમાણમાં જબરદસ્ત હતો. જમાઅત તર્ક થવાના ડરે કાંઈક એવો ગલ્બો કર્યો કે રહ્મતે ખુદાવંદી જોશમાં આવી ગઈ અને અલ્લાહ ﷻના હુકમથી નમાઝના સમયોમાં તેમની આંખો રોશન થઈ જતી હતી. જયારે કે શરીઅતે મુતહ્હરામાં નાબીના શખ્સોને મસ્જિદમાં જઈને જમાઅતથી નમાઝ અદા કરવી વાજિબ નથી. અફસોસ ! આજે સારા તંદુરસ્ત લોકો જમાઅત તો જમાઅત મુદ્દલે નમાઝ જ નથી પઢતા.

તો યાદ રાખો કે જિંદગી બેહદ ટૂંકી છે અને નજીકમાં જ મૌત આવનાર છે. ક્યાંક એવું ન થાય કે નમાઝો છોડવાની હાલતમાં ગુનાહોભરી જિંદગીથી તૌબા કર્યા વિના આ દુનિયાથી રુખસદ થવું પડે ! તો પછી પસ્તાવાથી કે માથુ ફોડવાથી કાંઈ હાથ નહીં આવે. જેથી અત્યારે મોકો છે તો જલ્દી જલ્દી પોતાના ગુનાહોથી સાચી તૌબા કરી લો.

## નમાઝ ત્યજનાર માટે જહન્નમના અઝાબો

યાદ રાખો ! જે કોઈ જાણી બુઝીને એક નમાઝ કઝા કરી આપે છે તેને "રોનકુલ મજાલિસ"ની રિવાયતના ખુલાસા પ્રમાણે દુનિયવી જિંદગીના હિસાબથી બે કરોડ અઠ્ઠાવીસ લાખ વરસ જહન્નમની આગમાં સળગવું પડશે.

હદીષે પાકમાં આવ્યું છે : જહન્નમમાં એક વાદી છે જેનું નામ "લમલમ" છે, એમાં ઊંટની ગરદનની જેવા મોટા મોટા સાપો છે. દરેક સાપની લંબાઈ એક મહિનાના અંતર બરાબર છે. જ્યારે એ સાપ બેનમાઝીને ડસશે તો તેનું ઝહેર તેના શરીરમાં સિત્તેર વરસો સુધી જોશ મારતુ રહેશે. અને જહન્નમમાં એક વાદી છે જેનું નામ "હુબ્બુલ હુઝન" છે. એમાં કાળા ખચ્ચરના જેવા વિછી છે. તેના સિત્તેર ડંખો છે અને દરેક ડંખમાં ઝહેરની થેલી છે. તે વિછી જ્યારે બેનમાઝીને ડંખ મારે છે તો તેનું ઝહેર તેના આખા શરીરમાં ફેલાય જાય છે અને એ ઝહેરની ગરમી એક હજાર વરસ સુધી રહે છે. ત્યારબાદ તેનાં હાડકાંઓથી ગોશ્ત ખરે છે અને તેના ગુપ્તાંગથી પરુ વહેવા લાગે છે અને તમામ જહન્નમી એના પર લઅનત મોકલે છે.

*–(કુર્રતુલ ઉયૂન)*

## નમાઝ પઢવાના દુનિયવી ઉખરવી ફાયદા

હવે જુઓ નમાઝ પઢવાની બરકતો અને ફાયદા કેટલા છે. હદીષ મુબારકમાં ઈર્શાદ છે કે નમાઝ દીનનો સ્તંભ છે. નમાઝ અલ્લાહ તઆલાની ખુશ્નુદીનો સબબ છે. નમાઝથી રહ્મત નાઝિલ થાય છે. નમાઝથી ગુનાહ માફ થાય છે. નમાઝ બીમારીઓથી બચાવે છે. નમાઝ દુઆઓની કબૂલિયતનો સબબ છે. નમાઝથી રોજીમાં બરકત થાય છે. નમાઝ અંધારી કબ્રનો ચિરાગ છે. નમાઝ કબ્રના અઝાબથી બચાવે છે. નમાઝ જન્નતની કૂંજી છે. નમાઝ પુલસિરાતના માટે આસાની છે. નમાઝ જહન્નમના અઝાબથી બચાવે છે. નમાઝ પ્યારા આકા ﷺની આંખોની ઠંડક છે. નમાઝીને સરકાર ﷺની શફાઅત નસીબ થશે અને નમાઝીના માટે સૌથી મહાન ઈનામ એ છે કે તેને કયામતના દિવસે અલ્લાહ جل جلاله નો દીદાર નસીબ થશે.

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ઝવાજિરમાં આ હદીષ નકલ કરી છે : જે શખ્સ હમેશાં પાંચ સમયની નમાઝો બાજમાઅત પઢતો રહેશે તેને અલ્લાહ તઆલા પાંચ વાતો અર્પણ કરશે.

પ્રથમ : મૌતની સખ્તીથી બચાવશે. બીજુ : કબ્રના અઝાબથી મહેફૂઝ રાખશે. ત્રીજુ : હશ્રના દિવસે એવો શખ્સ ખૂબ જ અમ્નની સાથે રહેશે. આમાલનામુ તેના જમણા હાથમાં મળશે. ચોથુ : પુલસિરાતથી તેજ ઉડનાર પક્ષીની જેમ પસાર થઈ જશે. પાંચમું : જન્નતમાં વિના હિસાબ કિતાબ દાખલ થશે. દુનિયાની જિંદગી ખત્મ થયા બાદ ઈન્સાન પર પાંચ મુસીબત આવે છે. પ્રથમ : મૌત, બીજી : કબ્ર, ત્રીજુ : હશ્રનું મેદાન એટલે કયામતનો ભયાનક મન્ઝર. ચોથુ : પુલસિરાત, પાંચમું : જન્નતનો દરવાજો બંધ હોવું. ખુદા તઆલાએ આ મુસીબતોને દૂર કરવા અને તેમને આસાન કરવાના હેતુથી પાંચ નમાઝો ફર્ઝ કરી. ........*(ક્રમશઃ)*

# તઝકેરતુલ અવલિયા

## ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ (હપ્તો : ૦૫)

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**તબાહી મુર્દાદિલીમાં છે** : માલિક બિન દીનાર કહે છે કે જ્યારે મેં આપને પૂછ્યું કે લોકોની તબાહી કઈ ચીજમાં છુપાયેલી છે ? ફર્માવ્યું કે મુર્દાદિલીમાં ! મેં પૂછ્યું, મુદાર્દિલીનો શો અર્થ છે ? ફર્માવ્યું, દુનિયા તરફ લલચાઈ જવું.

**જિન્નાતને તબ્લીગ** : એકવાર હઝરત અબ્દુલ્લાહ ફજરની નમાઝના માટે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہની મસ્જિદમાં તશરીફ લઈ ગયા તો અંદરથી દરવાજો બંધ હતો અને આપ દુઆમાં મશ્ગૂલ હતા અને કેટલાક લોકોના આમીન કહેવાના અવાજો આવી રહ્યા હતા. જેથી હું એ ખયાલ કરીને કે કદાચ આપના મુરીદો હશે બહાર જ રોકાઈ રહ્યો. અને જ્યારે સવારે દરવાજો ખુલ્યો અને મેં અંદર જઈને જોયું તો આપ એકલા હતા. જેથી નમાઝથી ફારિગ થયા બાદ જ્યારે પરિસ્થિતિ માલૂમ કરી તો ફર્માવ્યું કે પ્રથમ તો કોઈને ન બતાવવાનો વાયદો કરો ! પછી ફર્માવ્યું કે અહીં જિન્નાત વગેરે આવે છે અને હું એમની સમક્ષ વઅઝ કહીને દુઆ માગુ છું, જેના પર તેઓ સૌ આમીન, આમીન કહે છે.

**કરામત** : કેટલાક બુઝુર્ગ આપની સાથે હજ્જ માટે રવાના થયા અને એમનામાંથી અમુક લોકોને સખત તરસ લાગી. રસ્તામાં એક કૂવો દેખાયો પણ તેના પર રસ્સી કે ડોલ કાંઈ ન હતું. અને જ્યારે હસન બસરી رحمۃ اللہ علیہને સ્થિતિ વર્ણવવામાં આવી તો ફર્માવ્યું કે જ્યારે હું નમાઝમાં મશ્ગૂલ થઈ જાઉં તો તમે પાણી પી લેજો. જેથી જ્યારે આપ નમાઝના માટે ઉભા થયા તો અચાનક કૂવામાંથી પાણી આપોઆપ ઉભરાઈ ઉઠયું અને સર્વ લોકોએ સારી રીતે તરસ છીપાવી લીધી. પરંતુ એક શખ્સે સાવચેતી પૂરતુ થોડુક પાણી એક કૂજામાં રાખી લીધું. આ હરકતથી કૂવાનો જોશ એકદમ ખત્મ થઈ ગયો. અને આપે ફર્માવ્યું કે તમે ખુદા પર ભરોસો ન કર્યો આ તેનું પરિણામ છે. પછી આગળ રવાના થયા તો રસ્તામાંથી કેટલીક ખજૂરો ઉઠાવીને લોકોને આપી જેના ઠળિયા સોનાના હતા જેને વેચીને લોકોએ ખાવા પીવાનો સામાન પણ ખરીદયો અને સદકા પણ કર્યા.

**નિય્યતની અસર** : મશહૂર છે કે અબૂ અમ્ર કુર્આનની તાલીમ આપ્યા કરતા હતા. એવામાં એક નાની વયનો હસીન છોકરો તાલીમના માટે પહોંચ્યો અને આપે તેને બુરી નિય્યતે જોયો, જેના પરિણામે એ જ વખતે આખુ કુર્આન ભૂલી ગયા અને ગભરાયેલી હાલતમાં હઝરત હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થઈને આખો બનાવ જેવો બન્યો તેવો કહી આપ્યો. આપે ફર્માવ્યું કે હજના દિવસો નજીક છે, પ્રથમ હજ અદા કરો અને હજ અદા કરીને મસ્જિદે હનીફમાં પહોંચી જાવ. ત્યાં તમને મસ્જિદના મેહરાબમાં એક સાહબ ઈબાદતમાં વ્યસ્ત જોવા મળ શે. જ્યારે તે ઈબાદતથી ફારિગ થઈ જાય તો તેમને દુઆની દરખાસ્ત કરજો. અબૂ અમ્ર કહે છે કે જ્યારે હું મસ્જિદમાં પહોંચ્યો તો ત્યાં એક મોટી ભીડ હતી અને કેટલીકવાર પછી એક બુઝુર્ગ તશરીફ લાવ્યા તો સૌ તાઝીમ માટે ઉભા થઈ ગયા. અને સર્વ લોકોના

ચાલ્યા ગયા બાદ બુઝુર્ગ એકલા રહી ગયા તો મેં મારો પૂરો બનાવ વર્ણન કર્યો. જેથી તે બુઝુર્ગના તસર્રૂફથી મને ફરીથી કુર્આન યાદ થઈ ગયું અને જ્યારે ખુશીના આવેશમાં કદમબોસ થયો તો તેમણે પૂછયું કે મારો પતો તને કોણે બતાવ્યો ? મેં હઝરત હસન બસરીનું નામ લઈ લીધું. આ સાંભળીને તેમણે ફર્માવ્યું કે હસન બસરીએ મને રુસ્વા કરી દીધો ! હું પણ એમનું રાઝ ફાશ કરીને રહીશ. ફર્માવ્યું કે જે સાહબ ઝોહરની નમાઝ વખતે અહીં હતા તે હસન બસરી رحمۃ اللہ علیہ જ હતા, જેઓ આ રીતે દરરોજ અહીં આવે છે અને મારી સાથે વાતો કરીને અસરના સમય સુધીમાં બસરા પહોંચી જાય છે. હસન બસરી رحمۃ اللہ علیہ જેના રહનુમા હોય તેને કોઈ ગૈરની હાજત નથી.

નકલ થયેલ છે કે કોઈ શખ્સને ઘોડામાં કાંઈક અયબ થઈ ગઈ. અને તેણે જ્યારે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہને આ સ્થિતિ વર્ણવી તો આપે ચારસો દિરહમમાં એનાથી ઘોડો ખરીદી લીધો. પરંતું તે જ રાત્રે ઘોડાના માલિકે ખ્વાબ જોયો કે જન્નતમાં એક ઘોડો ચારસો મુશ્કી ઘોડાઓની સાથે ચરતો ફરી રહ્યો છે. તેણે સવાલ કર્યો કે આ ઘોડા કોના છે ? તો ફરિશ્તાએ બતાવ્યું કે પહેલાં તો સૌ તારા હતા પણ હવે હસન બસરીની માલિકીમાં છે. તે શખ્સ જાગીને હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યો અને અર્ઝ કરી, આપ આપની રકમ લઈને મને મારો ઘોડો પરત કરી આપો. આપે ફર્માવ્યું, જે ખ્વાબ તેં રાતે જોયો છે તેને હું પહેલાં જ જોઈ ચૂક્યો છું ! આ સાંભળીને નિરાશ થઈને પરત થઈ ગયો. પછી બીજી રાતે હઝરત હસન બસરીએ ખ્વાબમાં આલીશાન મહેલો જોઈને પૂછયું કે આ કોના છે ? જવાબ મળ્યો કે જે પણ સોદાને ફોગ કરી આપે. જેથી આપે સવારમાં ઘોડાના માલિકને બોલાવીને સોદો ફોગ કરી આપ્યો.

**દા'વતનો તરીકો** : શમ્ઊન નામનો એક અગ્નિપૂજક આપનો પડોશી હતો. જ્યારે મૃત્યુ શૈયા પર બીમારી સપડાયો. તો આપે તેના ત્યાં જઈને જોયું કે એનું શરીર આગના ધૂમાડાઓથી કાળુ પડી ગયું છે. આપે સૂચન કર્યું કે અગ્નિપૂજા ત્યજીને ઈસ્લામમાં દાખલ થઈ જા ! અલ્લાહ તઆલા તારા પર રહમ ફર્માવશે. તેણે અર્ઝ કરી કે હું ચાર ચીજોના કારણે ઈસ્લામથી દૂર છું. **પ્રથમ** એ કે જ્યારે તમારા લોકોની માન્યતા (અકીદા)માં દુનિયાની મહોબ્બત બુરી ચીજ છે તો પછી તમે એની તલાશ કેમ કરો છો ? **બીજુ** એ કે મૌતને યકીની જાણો છો તો પછી દુનિયામાં રઝાએ ઈલાહી માટે કામ શા માટે કરો છો ? **ત્રીજુ** એ કે મૌતને યકીની જાણવા છતાં પણ એનો સામાન કેમ નથી કરતા ? **ચોથુ** એ કે જ્યારે તમે તમારા કૌલના પ્રમાણે ખુદાવંદીના જલ્વાના દીદારને ઉમદા ચીજ માનો છો તો પછી દુનિયામાં રઝાએ ઈલાહી વિરૂધ્ધ કામો શા માટે કરો છો ? આપે ફર્માવ્યું કે એ તો મુસલમાનોના કર્મો તથા કિરદાર છે, પરંતું અગ્નિપૂજામાં સમયની બર્બાદી કરીને તને શું મળ્યુ ?! મો'મિન ચાહે ગમે તેવો હોય કમસે કમ વહદાનિયતને (એક અલ્લાહ)ને તો સ્વીકાર છે, પણ તેં સિત્તેર વરસ આગને પૂજી છે અને જો આપણે બંનેવ આગમાં પડી જઈએ તો આપણને બંનેને સમાન રીતે સળગાવશે કે પછી તારી પૂજાનો લેહાઝ રાખી તને છોડી દેશે ?! પણ મારા મૌલામાં એ તાકત છે કે જો એ ચાહે તો મને આગ રજમાત્ર પણ નુકસાન નથી પહોંચાડી શક્તી. અને આવું કહીને પોતાના હાથમાં આગ ઉઠાવી લીધી અને કોઈ અસર હાથ મુબારક પર ન થઈ. શમ્ઊને આ પરિસ્થિતિથી પ્રભાવિત થઈને અર્ઝ કરી કે હું તો સિત્તેર વરસથી અગ્નિપૂજામાં વ્યસ્ત છું, હવે છેવટના સમયે શું મુસલમાન થાઉં ?! પરંતું જ્યારે આપે ઈસ્લામ લાવવા બીજીવાર આગ્રહ કર્યો તો તેણે અર્ઝ કરી કે એ શર્ત પર ઈમાન લાવી શકુ છું કે આપ

મને એ કરારનામુ લખી આપો કે મારા મુસલમાન થઈ ગયા બાદ અલ્લાહ તઆલા મને તમામ ગુનાહોથી નજાત આપીને મારી મગફેરત ફર્માવી દેશે. જેથી આપે એ જ લખાણનું એક કરારનામુ તેને લખી આપુ. પરંતું તેણે કહ્યું કે એના પર બસરાના ન્યાયપ્રિય લોકોની સાક્ષી પણ લખાવી દો. આપે ગવાહીઓ પણ લખાવી આપી. ત્યારબાદ શમ્ઊન સાચા દિલથી મુસલમાન બની ગયો અને વિનંતી કરી કે મારા મૃત્યુ બાદ આપ આપના જ હાથ વડે ગુસ્લ આપીને મને કબરમાં ઉતારશો અને કરારનામુ મારી સાથે રાખી દેજો જેથી કયામતના દિવસે મારા મો'મિન હોવાની સાબિતી મારી પાસે રહે. આ વસિયત કરીને કલ્મએ શહાદત પઢતો પઢતો દુનિયાથી વિદાય થયો. અને આપે તેની પૂરી વસિયત પર અમલ કર્યો. અને એ જ રાત્રે ખ્વાબમાં જોયું કે શમ્ઊન ખૂબ જ કિંમતી લિબાસ તથા સોનેરી તાજ સાથે જન્નતની સૈરમાં વ્યસ્ત છે. અને જ્યારે આપે સવાલ કર્યો કે કેવું થયું ? તો તેણે અર્ઝ કરી કે ખુદાએ પોતાના ફઝ્લથી મારી મગફિરત ફર્માવી દીધી અને જે ઈનામો મારા પર કર્યા તે અવર્ણનીય છે. જેથી હવે આપના ઉપર કોઈ બોજ નથી. આપ આપનુ કરારનામુ પરત લઈ લો, કેમ કે મને હવે એની જરૂરત નથી. અને જ્યારે સવારે આપ જાગ્યા તો તે કરારનામુ આપના હાથમાં હતું. આપે અલ્લાહનો શુક્ર અદા કરતાં ફર્માવ્યું કે હે અલ્લાહ ! તારો ફઝ્લ કોઈ સબબનો મોહતાજ નથી, જ્યારે એક અગ્નિપૂજકની ૭૦ વરસની આગની પૂજા પછી કેવળ એકવાર કલમો પઢયા બાદ મગફિરત ફર્માવી આપી તો જેણે ૭૦ વરસ તારી ઈબાદત તથા રિયાઝતમાં પસાર કર્યા હોય કે તે કેવી રીતે તારા ફઝ્લથી મેહરૂમ રહી શકે છે ?!

**ઈન્કેસારી તથા આજીજી (નમ્રતા) :** આપ એટલા પ્રમાણમાં નમ્રતાવાળા હતા કે દરેક વ્યક્તિને પોતાનાથી બેહતર સમજતા. એક દિવસ દજલા નદી પર આપે કોઈ હબશીને સ્ત્રીની સાથે એ રીતે શરાબનોશીમાં વ્યસ્ત જોયો કે શરાબની બોટલ એની સામે હતી. એ વખતે આપને એ ખયાલ આવ્યો કે શું આ પણ મારાથી બેહતર હોય શકે છે ?! કેમ કે એ તો શરાબી છે. એ દરમ્યાન એક નાવડી સામે આવી જેમાં સાત માણસો હતા, અને તે ડૂબી ગઈ. એ જોઈને હબ્શી પાણીમાં કૂદી ગયો અને છ વ્યક્તિઓને એક એક કરીને બહાર કાઢી. પછી આપને અર્ઝ કરી, આપ કેવળ એકની તો જાન બચાવી લો ! હું તો આ ઈમ્તેહાન લઈ રહ્યો હતો કે આપની બાતિની આંખ ઉઘાડી છે કે નહીં ! અને આ સ્ત્રી જે મારી પાસે છે એ મારી મા છે અને આ બોટલમાં સાદુ પાણી છે. આ સાંભળતાં જ આપ એ યકીનની સાથે કે આ કોઈ ગયબી શખ્સ છે તેના કદમો પર ગબડી પડયા અને હબ્શીને કહ્યું, જે રીતે તેં છ વ્યક્તિઓનો જીવ બચાવ્યો એ જ પ્રમાણે ઘમંડ તથા ફખ્રથી મારી જાન પણ બચાવી લે. તેણે દુઆ કરી કે અલ્લાહ તઆલા આપને નૂરે બસીરત અતા ફર્માવે, એટલે કે ઘમંડને દૂર કરી આપે. જેથી એવું જ થયું કે ત્યારબાદથી પોતાને કદી કોઈનાથી બેહતર નથી વિચાર્યા, અને એવી કૈફિયત થઈ ગઈ કે એક કૂતરાને પણ જોઈને કહેતા કે અલ્લાહ તઆલા આ કૂતરાના જ સદકામાં મને મકબુલિયત અતા કરી આપે.

એક શખ્સે સવાલ કર્યો કે કૂતરાથી આપ બેહતર છો કે કૂતરો ? ફર્માવ્યું કે જો અઝાબથી છૂટકારો હાંસલ થઈ ગયો તો હું બેહતર છું, નહીં તો કૂતરો મારા કરતાં સેંકડો ગણો અફઝલ છે. કેટલાક લોકોએ આપને અર્ઝ કરી કે, ફલાણો શખ્સ આપની ગીબત કરી રહ્યો છે. તો આપે તોહફારૂપે તેને તાજી ખજૂરો મોકલતાં પયગામ આપ્યો કે સાંભળ્યું છે કે તમે તમારી નેકીઓ મારા નામાએ આમાલમાં લખાવી દીધી છે ! એનો કોઈ બદલો નથી ચૂકવી શકતો.

# શરઈ અહકામ વ મસાઈલ

**અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**
*(પ્રિન્સિપાલ વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

## જાતિ પરિવર્તન કરનાર વિશે હુકમ

**ગુપ્તાંગ બદલવાની સ્થિતિ વિશે પ્રશ્ન :** ઝયદ આકિલ તથા બાલિગે પચીસ વરસની ઉમરમાં શાદી કરી જેનાથી તેને બે બાળકો છે. પછી તેણે બીજી શાદી કરી જેનાથી ચાર બાળકો છે. હવે તેની ઉમર પંચાવન કે સાઈઠ વરસની છે. તેણે ભેલ્વર જઈને પોતાની જાતિ તબદીલ કરાવી લીધી. એટલે તેને પુરૂષ લિંગ તથા સાથેનાં અંગ નથી , પેશાબના સ્થાને કેવળ એક કાણુ છે જેનાથી તે પેશાબ કરે છે. તે પોતે પણ કહે છે કે મેં મારી જાતિ (પુરૂષમાંથી સ્ત્રી) તબદીલ કરાવી લીધી છે. અને તેના દેખાડવા પર લોકોએ જોયું પણ છે કે તેને પુરૂષ લિંગ નથી, કેવળ એના સ્થાને પેશાબ માટેનું એક કાણુ છે. તે સ્ત્રીઓના લિબાસ પહેરે છે, કાન તથા નાક સ્ત્રીઓ જેમ છીંદાવી લીધાં છે અને પોતાનું નામ "તમન્ના" રાખેલ છે. તે મસ્જિદે પણ આવે જાય છે. તે મજનૂ કે પાગલ પણ નથી, સહી સલામત છે.

(૧) હવે એવા શખ્સના બારામાં શરઈ હુકમ શું છે ?

(૨) શું આવા શખ્સ પર સ્ત્રીનો હુકમ લાગુ થશે ?

(૩) એ જો મરી જાય તો તેની નમાઝે જનાઝા સ્ત્રીની નિય્યતે પઢવામાં આવશે કે પુરૂષની નિય્યતે ?

(૪) શું એ શખ્સને હવે મુસ્લિમ બિરાદરીમાં રાખવામાં આવશે ? કે પછી મુસલમાનોએ એનો બોયકોટ કરવો જરૂરી છે ?

(૫) વર્ણવેલ શખ્સ હિજડાઓની સાથે રહીને કમાણી કરે છે. હવે જે એની કમાણી છે તેને મદ્રસા કે મસ્જિદમાં ખર્ચ કરી શકાશે કે નહીં ?

(૬) શું આવો શખ્સ મસ્જિદમાં આવીને નમાઝ અદા કરી શકે છે ?

(૭) તેની પત્ની તથા ઔલાદ માટે શું શરઈ હુકમ છે ?

(૮) શું તેના આવા અમલથી તેની પત્ની તેના નિકાહથી નીકળી જશે ?

(૯) એ શખ્સના કારણે ગામમાં ઘણો હંગામો છે. નવયુવાન છોકરાઓની હવે એના ઘરે આવન જાવન વધી ગઈ છે.

**પ્રશ્નકર્તા :** *અબ્દુલહકીમખાન તથા કમરુદ્દીનખાન તથા અન્ય, જગતસંખપુર, ઓડિશા*

### :: શરીઅતનો હુકમ ::

અલ્લાહે જેને પુરૂષ બનાવ્યો તે પુરૂષ છે અને જેને સ્ત્રી બનાવી તે સ્ત્રી છે. પુરૂષ પોતાની જાતિ બદલીને સ્ત્રી નથી બની શકતો અને સ્ત્રી પોતાની જાતિ બદલીને પુરૂષ નથી બની શકતી. પુરૂષ લિંગ વિગેરે કપાવીને અલગ કરી દેવું **હરામ** તથા **કબીરા ગુનોહ** છે, કે એ અલ્લાહની બનાવેલી ચીજને બગાડવું છે, જે **શૈતાની કામ** છે. એ શખ્સ સ્ત્રી નથી, હજી પણ પુરૂષના જ હુકમમાં છે. અને મુસલમાન છે જેથી તેનું મૃત્યુ થાય તો તેની નમાઝે જનાઝા પુરૂષોની નિય્યતથી પઢવામાં આવે. તે મસ્જિદે આવીને નમાઝ પઢી શકે છે. તેની ઔલાદ ષાબિતુન્નસબ છે અને તેની પત્ની હજી પણ પત્ની છે, તેના તલાક આપ્યા વિના તેના નિકાહથી બહાર થશે નહીં. ઝયદ વિવિધ કારણોએ

ગુનેહગાર, ફાસિક઼ તથા અલ્લાહના ગઝબનો મુસ્તહિક઼ છે. પુરૂષ લિંગ તથા ખુસ્યા કપાવવાં, હિજડાઓ સાથે રહીને કમાણી કરવી અને તેમનો ધંધો અપનાવવો, નવયુવાન છોકરાઓ સાથે તઅલ્લુક઼ રાખવો એ સબબોના કારણે એની સાથે સંબંધ કટ કરવો વાજિબ છે ત્યાં સુધી કે તે પોતનાં સર્વ નાજાઈઝ કામોથી મુસલમાનના જાહેર મજમામાં તૌબા કરીને સુધરેલા હાલ પર ન આવી જાય. એના હરામ ધંધાની કમાઈ મસ્જિદમાં લગાડવી જાઈઝ નથી. હા ! જો ખબર ન હોય તો અલગ વાત છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## આંખના ઓપરેશનની હાલતમાં વુઝૂ

**સવાલ** : લગભગ નવ વરસ પહેલાં મારી આંખમાં વાગ્યુ હતું. ડોક્ટરે કહ્યું હતું કે જ્યારે મોટી ઉમર થઈ જાય ત્યારે ઓપરેશનના થકી આંખને ઠીક કરવામાં આવશે. જો કે ઓપરેશન વિના જિંદગી પસાર કરવી શક્ય તો છે, ફક્ત અભ્યાસ વધુ સમય કરવા પર તકલીફ થાય છે. એનુ કારણ ડોક્ટર બંને આંખો વચ્ચે સંતુલન ન હોવું બતાવ્યું છે, અને એ ઓપરેશન થકી લગભગ પરેશાની દૂર થઈ શકશે. હવે ઓપરેશનનો તરીક઼ો નીચે પ્રમાણે લિંક પર ક્લિક કરવાથી સંપૂર્ણપણે જણાય જશે.

ટૂંકમાં : આંખની કીકીને ડાબે કે જમણે ખોતરીને લેન્સને ઈન્જેક્શનમાં નાખીને આંખ પર ઈન્જેક્ટ (Inject) કરી દેવામાં આવે છે. પછી તે લેન્સ (Lens) તે કિનારાઓમાં જઈને ફસાય જાય છે અને હવે એ એમાં ફિક્સ (Fix) થઈ જાય છે. અધિક જાણકારી માટે આ Google પર IPCL Surgery ટાઈપ કરીને માહિતી મેળવી શકાય છે.

ડોક્ટરે કહ્યું કે ઓપરેશન પછી એક મહિના સુધી આંખમાં પાણી ન જવું જોઈએ. હવે ડોક્ટર કાફિર છે તો હું શું કરીશ ? કઈ રીતે વુઝૂ તથા ગુસ્લ કરીશ ? શું તયમ્મુમની ઈજાઝત છે ?

**પ્રશ્નકર્તા** : *સુહેલ અખ્તર ક઼ાદરી, ધારાવી–મુંબઈ*

### :: શરીઅતનો હુકમ ::

તમારી આંખનું ઓપરેશન કરાવી શકો છો. અને નમાઝના માટે તયમ્મુમ ન કરો બલ્કે ચહેરા સિવાય સર્વ અંગો પર વુઝૂ કરો. એટલે કે હાથો તથા પગોને ધૂઓ અને માથાનો મસહ કરો. રહી ગયો ચહેરો તો એના બારામાં નીચે પ્રમાણે વર્ણવેલ વિગત મુજબ જે શક્ય હોય તેના પર અમલ કરે. બહારે શરીઅતમાં છે :

"વુઝૂનાં અંગો જો ફાટી ગયાં હોય અથવા એમાં ફોલ્લા અથવા અન્ય કોઈ બીમારી હોય અને તેના પર પાણી વહાવવું નુકસાન કરતુ હોય અથવા સખત પીડા થતી હોય, તો ભીનો હાથ ફેરવી લેવો પૂરતો છે. અને જો એ પણ નુકસાન કરતું હોય તો એના પર કપડુ રાખીને કપડા પર મસહ કરે. અને જો એ પણ નુકસાન કરતું હોય તો માફ છે. અને જો એમાં કોઈ દવા ભરી લીધી હોય તો તેને કાઢવી જરૂરી નથી, તેના પરથી પાણી વહાવી દેવું પૂરતુ છે. *(માખૂઝ : ફતાવા હિંદિયહ, કિતાબુત્તહારત, ૧/૩૫)* વલ્લાહુ અઅ્લમ.

*(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ મંથલી–મુંબઈ, ઓગષ્ટ–૨૦૧૭)*

**૧૦ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો**

**કિતાબ** : "ઉમ્મી નબી" (ﷺ) (ગુજરાતી લિપિ ઉર્દૂ બોલીમાં)

**અઝ** : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની

**પ્રકાશક** : મોહદ્દિષે આ'ઝમ મિશન મિરઝાપુર, ૧૫–પેરડાઈઝ કોમ્પ્લેક્ષ, મિર્ઝાપુર, અમદાવાદ–૩૮૦૦૦૧, ફોન : ૦૭૯–૨૫૫૦૦૯૪૭

વિસાલ મુબારક : 3 રમઝાનુલ મુબારક

# હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રાની رضی اللہ عنہا બારગાહમાં

## ડો. ઈકબાલનું અકીદતનું નઝરાણુ

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હકીમુલ ઉમ્મત અલ્લામા ડો. મુહમ્મદ ઈક્બાલ સાચા આશિકે રસૂલ અને મુહિબ્બે બતૂલ વ આલે બતૂલ હતા. તેમણે સય્યદએ કાએનાત ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا ની બારગાહમાં ખૂબ જ સરસ અંદાજમાં હદિયએ અકીદત રજૂ કર્યો છે. જેમાં આપની અઝમત, અજોડપણુ, ઈબાદતો રિયાઝત, ઈફ્ફતો પાકદામની, શર્મો હયા, ફક્રો ઈસ્તિગ્ના (કોઈનું મોહતાજ ન હોવું), સબ્રો રઝા, વફાદારી અને અવલાદની ઉચ્ચ તર્બિયત આવી અનેક ખૂબીઓને ઘણી જ સંદર રીતે સમાવી દીધી છે. આજના આ પુર ફિતન દૌરમાં જરૂરત એ વાતની છે કે ઈસ્લામી બેટીઓ રસૂલુલ્લાહ ﷺનાં સાહબઝાદી અને ઈસ્લામની માયનાઝ હસ્તીના જીવન ચરિત્રને પોતાનાં આદર્શ બનાવે જેથી દીન અને દુનિયામાં સફળતા પ્રાપ્ત કરી શકે.

**મરયમ અઝ યક નિસ્બતે ઈસા અઝીઝ**
**અઝ સેહ નિસ્બત, હઝરતે ઝહરા અઝીઝ**

"હઝરત સૈયદા મરયમ رضی اللہ عنہا ની ઈજ્જત અને મર્તબો કેવળ એક નિસ્બતથી સાબિત છે કે આપ સૈયદોના ઈસા علیہ السلام નાં વાલિદા છે પરંતુ સૈયદા ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا ની ઈજ્જત અને મર્તબો ત્રણ નિસ્બતોથી સાબિત છે."

**નૂર ચશ્મે રહમતુલ્લિઆલમીન**
**આં ઈમામે અવ્વલીનો આખિરીન**
**આં કે જાં દર પૈકરે ગીતી દમીદ**
**રોઝગારે તાઝા આઈં આફરીદ**

"એક નિસ્બત તો એ કે આપ રહ્‌મતુલ્લિઆલમીન અને સર્વ ઈન્સાનિયતના માર્ગદર્શક અને ઈમામ ﷺની આંખોનું નૂર અને લખ્તે જિગર છે. (આપ ﷺ) એ હસ્તી છે કે જેણે ધરતીના પટના શરીરમાં નવેસરથી પ્રાણ ફૂંક્યો અને એક નવી વ્યસ્વથા અને નવા યુગનું નિર્માણ કર્યુ.

**બાનૂએ આં તાજદારે હલ અતા**
**મુર્તઝા, મુશ્કિલ કુશા, શેરે ખુદા**
**પાદશાહ વ કુલ્બએ અયવાને ઊ**
**હુસામો યક, યક ઝિરહ સામાને ઊ**

"આપની બીજી નિસ્બત એ છે કે આપ એ હસ્તીનાં જીવનસાથી છે જેમનો મર્તબો એ છે કે તેઓ સૂરએ દહ્‌રની આયતે કરીમા :–

وَ يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّ اَسِيْرًا ﴿۸﴾

"અને ખાવા ખવડાવે છે એની મહોબ્બત પર મિસ્કીન તથા યતીમ તથા કેદીને" *(સૂ. દહર, આ. ૮)* ના મિસ્દાક હોવાની સાથોસાથ મુર્તઝા પણ છે, મુશ્કિલ કુશા અને શેરે ખુદા પણ છે. એ શેરે ખુદા کرم اللہ وجہہ الکریم કે બાદશાહે વક્ત હોવા છતાં પણ તેમનું શાહી દરબાર એક ઝુપડી હતી. એક ઝુલ્ફિકારે હૈદરી અને એક બખ્તર તેમની કુલ કાયનાત (સરમાયો) હતી.

**માદરે આં મર્કઝે પરકારે ઈશ્ક**
**માદરે આં કાફલા સાલાને ઈશ્ક**

"સૈયદા ફાતેમા ઝહરા رضی اللہ عنہا ની ઈજ્જત તથા અઝમતની ત્રીજી નિસ્બત એ છે કે આપ હસ્નૈન કરીમૈન رضی اللہ عنہ નાં વાલિદા માજિદા رضی اللہ عنہا છે, જેમનામાંથી એક ઈશ્કની રૌનક અને ખશીઓના કેન્દ્ર હતા અને બીજા એ જ ઈશ્કે રબ્બાનીના કાફલાના સાલાર હતા.

**આં યકે શમ્એ શબિસ્તાને હરમ**
**હાફિઝે જમ્ઈય્યતે ખૈરૂલ ઉમમ**
**તા નશીનદ આતિશે પૈકારો કીં**
**પુશ્તે પા ઝદ બરસરે તાજો નગીં**

"હઝરત સૈયદા ફાતિમા ઝહરા رضی اللہ عنہا ના ફરઝંદોમાંથી એક (ઈમામ હસન رضی اللہ عنہ) તો એ છે જે બૈતુલ્લાહના માટે પ્રકાશિત દિવા સમાન છે અને ઉત્તમ ઉમ્મત એટલે મુસ્લિમ પ્રજાની એકતાના રક્ષક પણ છે. જંગ અને હસદની આગને ઓલવવા માટે આપે તખ્તો તાજને ઠુકરાવી દીધા હતા.

**વાં દિગર મૌલાએ અબરારે જહાં**
**કુવ્વતે બાઝૂએ અહરારે જહાં**
**દર નવાએ ઝિંદગી સોઝ અઝ હુસૈન**
**એહલે હક્ હરિંયત આમોઝ અઝ હુસૈન**

"અને એ જે બીજી હસ્તી છે એટલે સૈયદુના ઈમામ હુસૈન رضی اللہ عنہ તો આપ તક્વાની દુનિયાના નેક લોકોના સરદાર અને આઝાદીના ઈચ્છુક લોકો માટે બાઝૂઓની હૈસિયત છે. જિંદગીના તારાનામાં સોઝ (દર્દ) સૈયદના ઈમામ હુસૈનનો શુક્ર ગુઝાર છે, અને હક્કવાળાઓને આઝાદીનો સબક્ આપનાર પણ છે.

**સીરતે ફરઝંદહા અઝ ઉમ્મહાત**
**જૌહરે સિદકો સફા અઝ ઉમ્મહાત**
**મઝરએ તસ્લીમ રા હાસિલ બતૂલ**
**માદરાં રા ઉસ્વએ કામિલ બતૂલ**

"અવલાદની તર્બિયત માની ગોદથી જન્મ લે છે અને સચ્ચાઈ તથા પવિત્રતાનાં મોતી માની તર્બિયતથી પ્રાપ્ત થાય છે. આજ્ઞાકારી હોવા અને અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવાનો નિચોડ સૈયદા ઝહરા બતૂલ رضی اللہ عنہا છે, આ જ હસ્તી છે જે માતાઓ માટે સંપૂર્ણ આદર્શ પણ છે."

**બેહરે મોહતાજે દિલશ આં ગૂના સોખ્ત**
**બા યહૂદે ચાદરે ખૂદ રા ફરોખ્ત**

"રિવાયત છે કે એક બે સહારા ફકીરની હાલત પર આપનું દિલ એટલું પ્રભાવિત થયું કે (તે ફકીરને આપવા માટે) પોતાની ચાદર પણ એક યહૂદીને વેચી આપી."

**ગિરયાહાએ ઊ ઝે બાલીં બેનિયાઝ**
**ગૌહર અફશાનદે બદામાને નમાઝ**
**અશ્કે ઊ બરસીદ જિબ્રીલ અઝ ઝમીં**
**હમ ચૂ શબનમ રેખ્ત બર અર્શે બરીં**

"આપની આહોઝારી કોઈ તકીયાની મોહતાજ ન હતી. નમાઝ પઢતા સમયે આપની આજ્ઞાંકિત આંખોથી અશ્રુ મોતી બનીને ટપકતાં હતાં, એ જ અશ્રુ જિબ્રઈલ علیہ السلام જમીનથી ઉઠાવતા અને શબનમના ટીપાની જેમ અર્શે બરીં પર ઠાલવતા જતા હતા.

**રિશ્તએ આઈને હક્ક ઝન્જીરે પા અસ્ત**
**પાસે ફર્માને જનાબે મુસ્તફા અસ્ત**
**વરના ગિર્દે તુર્બત શ ગર્દીદ મે**
**સજદહા બર ખાકે ઊ પોશીદ મે**

*–(અસ્રાએ રૂમૂઝ, પેજ : ૧૫૨, ૧૫૩)*

"શરીઅતે મુસ્તફાની દોરી પગની સાંકળ (રૂકાવટ) છે અને રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ના ફર્માનનો લેહાઝ હેતુ છે, નહીં તો દીવાનાની જેમ આપની કબ્રે અત્હરના તવાફ અને ત્યાં સજ્દા કરવા માટે દિલ બેક્રાર છે." *(બાબે મદીનતુલ ઈલ્મ, પેજ ૩ ૦૨ થી ૩૦૬)*

*(હવાલો : નૂરુલ હબીબ મંથલી, બસીરપુર–પાક., મે–૨૦૧૭)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક્ વિશે, ક્સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧

(વિસાલ : ૧૮ શવ્વાલ, હિ.સ. ૭૨૫)

# હઝરત અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અબુલ હસન નામ અને ખુસ્રૂ ઉપનામ હતું. અસલ નામ ખુસ્રૂના ઉપનામમાં દબાય ગયું, જેથી અમીર ખુસ્રૂના નામથી પ્રસિધ્ધ છે. વાલિદે બુઝુર્ગવારનું નામ અમીર સૈફુદ્દીન લાચીન અને નાનાનું નામ ઈમાદુલ મલિક હતું. અમીર ખુસ્રૂના વાલિદ બલ્ખ (તુર્કસ્તાન)ના અમીરઝાદાઓમાંથી હતા. સ્થાનિક તોફાનોના કારણે ત્યાંથી હિજરત કરી સુલ્તાન શમ્સુદીન અલ્તમશના શાસનકાળમાં હિંદુસ્તાન આવ્યા અને પટયાલી જિલ્લા એટામાં આવીને વસ્યા. અમીર સૈફુદ્દીન એટાથી દિલ્હી આવ્યા. ખાનદાની માન મોભા અને અસામાન્ય લાયકાતના કારણે બહુ જલ્દી બાદશાહના નજીકના લોકોમાં સામેલ થઈ ગયા. અહિયાં તેમની શાદી ઈમાદુલ મલિકની સાહબઝાદીથી થઈ. તેમના પેટથી ત્રણ પુત્રો જનમ્યા એમાં અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ સૌથી નાના પુત્ર હતા. આપની વિલાદત હિ.સ. ૬૫૩ માં થઈ.

જ્યારે અમીર ખુસ્રૂ પેદા થયા તો આપના વાલિદે માજિદ પેદાઈશના તુરંત બાદ કપડામાં લપેટી એક મજઝૂબ પાસે લઈ ગયા. મજઝૂબ પડોસમાં રહેતા હતા. મજઝૂબે જોઈને જ કહ્યું :

''અમીર ! આ બાળક અસામાન્ય સલાહિયતોનો (કાબેલિયતોનો) માલિક થશે અને મશ્હૂર શાઈર ''ખાક઼ાની''થી પણ બે ક઼દમ આગળ હશે.''

હઝરત અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہની તાલીમ આપના નાના ઈમાદુલ મલિક પાસે થઈ. ઈમાદુલ મલિક પણ હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہના મુરીદ અને અજોડ આલિમ હતા. જ્યારે નવ વરસના થયા તો આપના વાલિદ અમીર સૈફુદ્દીને એંસી વરસની વયે શહાદત પામી. એટલે તાલીમ અને તર્બિયતની સંપૂર્ણ જવાબદારી નાના ઈમાદુલ માલિકના માથે આવી. નાનાની ઉમર ભલે તે સમયે એક સો તેર (૧૧૩) વરસની હતી પરંતુ હોનહાર નવાસાની તાલીમો તર્બિયતમાં સંપૂર્ણ રીતે વ્યસ્ત થઈ ગયા. થોડા જ અરસામાં આપ સર્વ ઈલ્મોથી ફારિગ થઈ ગયા અને આપની ગણના તે સમયના ફાઝિલોમાં થવા લાગી. બાળપણથી જ નેક પ્રકૃતિવાળા, હાજર જવાબ, તીવ્ર બુધ્ધિવાળા, ઉચ્ચ દિમાગી શક્તિવાળા, સારા અવાજવાળા હતા. શેરો શાયરીથી ફિતરી રીતે લગાવ હતો. ખૂબ જ શેઅર કહેતા અને લોકોથી પ્રશંસા મેળવતા. શરૂઆતમાં એ નિયમ હતો કે જે કાંઈ શેઅર કહેતા પોતાના મોટા ભાઈ ઈઝ્ઝુદ્દીનને સુધારણા માટે દેખાડતા. એવું જણાય છે કે આખુ ખાનદાન ઈલ્મો અદબનો આફતાબ હતું.

### ★ હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ખિદમતમાં ★

એ બાબતની સહમતિ છે કે હજુ અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ ઉલૂમો ફુનૂન પ્રાપ્ત કરી રહ્યા હતા અને આપની વય મુશ્કિલથી આઠ નવ વરસની હશે કે પોતાના ભાઈ અને અન્ય લોકોની સાથે હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા અને સમયના અજોડ મુર્શિદના દામનમાં પનાહ લીધી. આપની સાથે આખુ ખાનદાન બયઅતની મુશર્રફ થયું. જાહેરી ઉલૂમ પ્રાપ્ત કર્યા બાદ તો આપે પોતાનું સંપૂર્ણ

ધ્યાન પોતાના પીરો મુર્શિદથી ફૈઝ પ્રાપ્ત કરવામાં કેન્દ્રિત કરી દીધુ હતું. હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ પણ અત્યંત મહેરબાની અને વિનમ્રતાથી પેશ આવતા. અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ જે કાંઈ લખતા હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ ખૂદ તેને જોતા અને યોગ્ય સુધારણા તથા ફેરબદલનો મશ્વરો પણ આપતા એક દિવસ આપે અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ ને કહ્યું : અસ્ફહાનીયોની જેમ શાયરી લખો. અમીર ખુસ્રૂ ખૂબ જ સરસ સરખામણીઓ તથા ઈસ્તેઆરાત (હકીકી તથા મિજાઝી સરખામણી) તથા ઈશારાઓથી સજાવેલ એક ગઝલ લખીને લઈ ગયા, આપ ઘણા ખુશ થયા. અમીર ખુસ્રૂએ પોતાનું કાવ્ય સંગ્રહ મુબ્તદા વ મુન્તહા સૌ પ્રથમ પોતાના પીરો મુર્શિદની ખિદમતમાં રજૂ કર્યું.

સિયરૂલ અવલિયાના લેખકનું વર્ણન છે કે અમીર ખુસ્રૂએ એક દિવસ હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہની ખિદમતમાં એક શેર રજૂ કર્યો. હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ ઘણા પ્રસન્ન થયા અને ફર્માવ્યું : શું માગે છે ? અમીર ખુસ્રૂએ દરખાસ્ત કરી કે દુઆ ફર્માવો કે હું શીરીં સુખન (મધૂરવાણીવાળો) થઈ જાઉં. હુકમ થયો, ચારપાઈ નીચે ખાંડનો થાળ રાખેલ છે તેમાંથી થોડી ખાંડ ખાવ, થોડી પોતાના માથા પર નાખો. હુકમ અનુસાર કરવામાં આવ્યું. અમુક જ વરસોમાં અમીર ખુસ્રૂની શીરીં સુખની આખા જગતમાં ચોતરફ ફેલાય ગઈ અને અમીર ખુસ્રૂને અજોડ શાયર સ્વીકૃત કરવામાં આવ્યા. આ પ્રસંગ બાદ અમીર ખુસ્રૂ અફસોસ કરતા કે મેં બીજી કોઈ દરખાસ્ત કેમ ન કરી ?!

**ઈબાદતો રિયાઝત** : હઝરત અમીર ખુસ્રૂ رضی اللہ عنہને બાતિની ઈલ્મથી ફિતરી લગાવ હતો, એટલા માટે રાહે સુલૂકની મંઝિલો પણ ઘણી ઝડપથી પાર કરવા લાગ્યા. ભલે આપ જાહેરમાં બાદશાહો તથા ઉમરાવોના મહત્વના સોહબતવાળા હતા, પરંતુ આપના રાત દિવસ ઈબાદતો રિયાઝતથી ભરેલા હતા.

આપ દરરોજ રાત્રે તહજ્જુદના સમયે કુર્આને પાકના સાત સિપારા અત્યંત ખુશ ઈલ્હાન (સારા અવાજે) તિલાવત કરતા, તે ઉપરાંત અધિક્તમ રોઝા રાખતા. ઈતિહાસકારોનું વર્ણન છે કે ચાલીસ વરસ સુધી લગાતાર રોઝા રાખ્યા.

એકવાર સુલ્તાનુલ મશાઈખ رحمۃ اللہ علیہએ આપને પૂછયું, ઈબાદત અને શુગલ (રબની યાદ)ની શું સ્થિતિ છે ? અર્ઝ કરી, અમુક દિવસોથી એક નવુ પરિવર્તન જોઉં છું. જ્યારે તહજ્જુદ માટે જાગુ છું તો આપોઆપ રૂદન છવાઈ જાય છે. મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! હવે કાંઈ જાહેર થવાનું શરૂ થઈ ગયું !

છેવટમાં તો ઈશ્કે ઈલાહીની એવી સોઝિશ (આગ) આપનામાં પેદા થઈ ગઈ હતી કે જ્યારે વસ્ત્રો પહેરતા તો છાતીની પાસેનું કપડુ સળગી જતું ! જેમ કે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ખૂદ ફર્માવે છે :–

"કયામતના દિવસે જો મને પૂછવામાં આવશે કે શું લાવ્યો છે ? તો હું અર્ઝ કરીશ, "આ તુર્કના સીનાની સોઝિશ લાવ્યો છું."

પીરો મુર્શિદને પોતાના મહબૂબ મુરીદથી જે દિલી લગાવ હતો તેનું અનુમાન આનાથી થઈ શકે છે કે એક દિવસ હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ આપને ફર્માવ્યું :–

"હે તુર્ક ! હું સૌનાથી તંગ આવી ગયો છું, ત્યાં સુધી કે પોતાનાથી પણ, પરંતુ તારાથી કદી તંગ નથી થતો."

એકવાર એક વ્યક્તિએ હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ખિદમતમાં દરખ્વાસ્ત કરી અને હિંમત

કરીને અર્ઝ કરી કે આપ જે નજરોથી અમીર ખુસરૂને જુઓ છો, માત્ર એકવાર મને પણ એ નજરોથી જોઈ લો. એ સાંભળી તે સમયે તો કાંઈ ન ફર્માવ્યું, થોડીવાર પછી ફર્માવ્યું કે મારા દિલમાં ખયાલ આવ્યો કે તું અમીર ખુસરૂ જેવી લાયકાત તો પેદા કરી લે !

અમીર ખુસરૂ رحمۃ اللہ علیہને પણ પોતાના મુર્શિદથી કાંઈક એવો દીવાનગીભર્યો સંબંધ હતો કે જેનું ઉદાહરણ જવલ્લે જ મળશે. અમીર ખુસરૂ એક મહાન શાયર હોવાની સાથે શાહી દરબારથી જોડાએલ હોવાના કારણે માલદાર હતા. પરંતુ એ છતાં મુર્શિદના અદના ખાદિમ બનીને રહેતા. પોતાના મુર્શિદને ગઝલો સંભળાવતા, જે શેઅર પસંદ આવતો તેને વારંવાર પઢતા. સારાંશ કે કદી ખાદિમ બનીને સામે આવતા, કદી એક ખુશ ઈલ્હાન શાયરના રૂપમાં આવતા. એટલા માટે જ મુર્શિદના દિલમાં પણ લગાવ પેદા થતો. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*ખુસરૂ કે બનઝ્મો નશ્ર મિષ્લરા કમ ખાસ્ત*
*મિલ્કિયતે મુલ્કે સુખન આં ખુસરૂ રા અસ્ત*
*ઈ ખુસરૂવે મા અસ્ત નાસિરે ખુસરૂ નેસ્ત*
*ઝેરાકે ખુદાએ નાસિર ખુસરૂવે મા અસ્ત*

## ★ મુર્શિદની સાથે દીવાનગીભરી અક઼ીદતની એક ઘટના ★

એકવાર એક દુરવેશે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પાસે આવીને સવાલ કર્યો. સંજોગોવસાત તે દિવસે લંગરખાનામાં કોઈ ચીજ ન હતી. મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ઈન્તેજાર કરો, આજે જે કાંઈ આવશે તે તમારું છે. પરંતુ ઈત્તેફાક઼થી તે દિવસે કોઈ ચીજ ક્યાંયથી ન આવી. ફર્માવ્યું, અચ્છા ! જો કાંઈ ક્યાંકથી આવશે, સર્વ તમને દઈ દેવામાં આવશે. બીજો દિવસ પણ એ રીતે ખાલી ગયો, કોઈ ચીજ ન આવી ! છેવટે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ પોતાના પગની જૂતીઓ દુરવેશને આપી રુખ્સત કર્યો. તે જૂતીઓ લઈ બહાર નીકળ્યો. અમીર ખુસરૂથી મુલાકાત થઈ. પીરો મુર્શિદની ખૈરિયત પૂછી તો દુરવેશે કહ્યું, ખૈરિયતથી છે. અમીર ખુસરૂ વિચારમાં ઉભા હતા. તુરંત બોલી ઉઠયા, મને તારાથી શૈખની ખુશ્બુ આવે છે, શાયદ એમની કોઈ ચીજ તારી પાસે છે. દુરવેશે કહ્યું, આ શૈખની જૂતીઓ મારા પાસે છે, મને અતા કરવામાં આવી છે. અમીર ખુસરૂ બેતાબ થઈ ગયા. દુરવેશને કહ્યું, એને વેચીશ ? તે તુરત રાજી થઈ ગયો. આપે તુરત પાંચ લાખ રૂપિયા જે બાદશાહે વક઼્તથી એક ક઼સીદાના બદલામાં મળ્યા હતા તે દુરવેશને હવાલે કરી દીધા અને મુર્શિદના નાલૈન લઈ માથા પર મૂકી મુર્શિદની ખિદમતમાં પહોંચ્યા, અને અર્ઝ કરી, "હુઝૂર ! એ દુરવેશ આટલા પર જ રાજી થઈ ગયો, જો સર્વ જાન માલ આ નાલૈનના બદલામાં માગત તો હું સર્વ આપીને આ નાલૈન લઈ લેતો !"

## ★ મુર્શિદના વિસાલનો સદમો ★

અમીર ખુસરૂ رحمۃ اللہ علیہને પોતાના પીરો મુર્શિદથી બેહદ મહોબ્બત હતી. તેનું અનુમાન ઉપરોક્ત પ્રસંગોથી લગાડી શકાય છે. એટલે આપની આદત હતી કે આપ પોતાના સમયનો અધિક્તમ ભાગ પોતાના પીરો મુર્શિદ હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પાસે પસાર કરતા. પરંતુ અમીર ખુસરૂ મુર્શિદના વિસાલના સમયે દિલ્હીથી ઘણે દૂર સુલ્તાન ગ્યાષુદ્દીન તગ઼લક઼ની સાથે બંગાલ ગયા હતા. મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہનો વિસાલ થયો તો એકાએક અમીર ખુસરૂ رحمۃ اللہ علیہના દિલ પર એક અજીબ સ્થિતિ છવાઈ ગઈ અને બાદશાહથી ઈજાઝત લઈ દીવાનાવાર આવ્યા. દિલ્હી પહોંચીને માલૂમ થયું કે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પોતાના મહબૂબે હક઼ીક઼ીને જઈ

મળ્યા. એ સાંભળી બેતાબ થઈ ગયા. જે કાંઈ પાસે હતું સર્વ મુર્શિદના ઈસાલે સવાબ માટે ફક઼ીરો તથા ગરીબોમાં લૂટાવી દીધું. માથાના વાળો કપાવી નાખ્યા અને પાગલોની જેમ મઝારે પુરઅન્વાર પર આવી પડી ગયા, પછી તેનાથી ટકરાઈને એક ચીસ પાડી અને કહ્યું, "આશ્ચર્ય છે કે સૂરજ જમીનમાં છુપાઈ જાય અને ખુસ્રૂ જીવિત રહે !" આવુ કહી બેહોશ થઈ ગયા, હોશ આવ્યો તો ફરી રૂદન કરવા લાગ્યા. સારાંશ કે સાદાં કપડાં પહેરી મઝારે અક઼દસ પર આવી બેસી ગયા અને દુનિયાથી દૂર થઈ ગયા.

## ★ પીરો મુર્શિદના ગમમાં જાન આપી દીધી ★

હઝરત મહૂબે ઈલાહી رحمۃ اللہ علیہના વિસાલે હઝરત અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہને અર્ધમૃત કરી દીધા હતા. દુનિયાને ત્યજીને રોઝએ અન્વર પર પડયા રહેતા હતા. જેથી આ જ ગમમાં છ મહીના બાદ ૧૮ શવ્વાલ હિ.સ. ૭૨૫માં આલમે આખેરતમાં પધાર્યા અને આ રીતે પોતાના પીરો મુર્શિદથી જઈને મળ્યા.

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ પેશનગોઈ ફર્માવી હતી અને સાથોસાથ વસિયત પણ કરી હતી :

"અમીર ખુસ્રૂ મારા બાદ જીવંત ન રહેશે. તેમના ઈન્તેક઼ાલ બાદ મારી બાજુમાં દફન કરજો. તે મારો રાઝદાં (ભેદ જાણનાર) છે અને હું તેમના વિના જન્નતમાં ક઼દમ નહીં રાખું."

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના હુકમ અનુસાર હઝરત અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہને મઝાર શરીફની બિલ્કુલ સાથે દફન કરવામાં આવ્યા. લગભગ બે સદીઓ સુધી મઝાર પર કોઈ ઈમારત બંધાયી ન હતી, સૌથી પહેલાં મેહદી ખ્વાજા નામી એક અમીરે આપનો મઝાર બંધાવ્યો. ત્યાર પછી મઝારની ઈમારતમાં અધિક વધારો કરવામાં આવ્યો.

અમીર ખુસ્રૂ رحمۃ اللہ علیہ ઘણા મોટા ક઼લમકાર અને અજોડ શાયર હતા. વિવિધ વિષયો પર ૯૯ કિતાબો લખી જેમાંની મોટાભાગની આજે અપ્રાપ્ય છે. આપના અશ્આરની કુલ સંખ્યા પાંચ લાખ છે. આપે જ હઝરતે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના કહેવા પર ઉર્દૂનો પાયો નાખ્યો. એ સિવાય આપ દુરવેશ કામિલ અને શૈખે તરીક઼ત હતા. સિયરુલ અવલિયાના લેખકનું બયાન છે :–

"આપના સાથીઓમાં સુલ્તાનુશ્શાએરી, બુરહાનુલ ફુઝલા અમીર ખુસ્રૂ છે, જે ફઝીલત અને બુઝુર્ગીમાં આગળના અને પાછળના લોકોથી આગળ નીકળી જશે, અંતર સાફ રાખતા હતા, ભલે જાહેરમાં બાદશાહોથી સંબંધ રાખતા હતા, પરંતુ સૂરત અને સીરતમાં એહલે તસવ્વુફનો તરીક઼ો સ્પષ્ટ હતો. આપની ગણના એ લોકોમાં થતી હતી જે તસવ્વુફના રંગમાં ડૂબેલા હતા."

હઝરત શૈખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ અંત્યંત જોરદાર શબ્દોમાં આપની પ્રશંસા કરી છે અને શાયરીની દુનિયાના તાજદાર કહ્યા છે.

*(નૂરુલ હબીબ મંથલી, બસીરપુર–પાક., જુન–જુલાઈ, ૨૦૧૭)*

**૧૦ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો**

**કિતાબ** : હઝરત અવૈસ કરની رحمۃ اللہ علیہ (પેજીસ–૨૪)

**સંપાદક** : અલીમુહમ્મદ અહમદ બાબી (પોરબંદર)

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, ગઢની રાંગ, સિપાઈ શેરી, માતમ ચોક, મોરબી, મોરબી–૩૬૩૬૪૧

# હજ્જના સફરમાં
# વિધવા કે તલાક઼ થવા વિશે હુકમો

રજૂકર્તા : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બરેલી શરીફનો ૧૪મો ફિક઼્હી સેમીનાર ગત ૨૧, ૨૨, ૨૩ ઓકટોબર ૨૦૧૬ આયોજિત થયો. જેની સરપરસ્તી તાજુશ્શરીઆ હુઝૂર મુફતી અખ્તર રઝા ખાન અઝહરી મિયાં مدظلہ العالی એ ફર્માવી. જેમાં દેશભરના અલગ અલગ પ્રાંતોથી મુફ્તિયાને કિરામની એક મોટી જમાઅતે ભાગ લીધો હતો. આ ત્રિ દિવસીય સેમીનારમાં ત્રણ વિષયો ઉપર વિચાર વિમર્શ તથા ચર્ચાઓ કરવામાં આવી. જેમાંનો એક વિષય હતો : "હજ્જના સફર દરમિયાન ઔરત (સ્ત્રી)ને તલાક઼ થઈ જાય અથવા તે બેવા (વિધવા) થઈ જાય તો શું કરે ?" આ વિષય પર જે ચર્ચાઓ થઈ અને તેના પરિણામે જે ફેંસલાઓ સર્વસંમત્તિથી કરવામાં આવ્યા તે અહીંયાં રજૂ કરીએ છીએ :–

**બાબત : હજ્જના સફર દરમિયાન સ્ત્રીને તલાક઼ થઈ જાય અથવા તે વિધવા થઈ જાય તો શું કરે ?!**

આ વિષય પર નીચે પ્રમાણે સવાલો જવાબ થયા.

**સવાલ નં. ૧** : ઈદ્દતમાં મૂળ નીકળવું જ મનાઈ છે કે શરઈ સફર પર નીકળવાની મનાઈ છે ? મેહરમ વિના નીકળવાની મનાઈ છે કે મેહરમની સાથે પણ નીકળવાથી મનાઈ છે ?

**જવાબ નં. ૧** : હાજરજનોની સંમત્તિથી એ નક્કી થયું કે ઈદ્દતમાં મૂળ નીકળવું જ મનાઈ છે. ભલે તે મેહરમની સાથે હોય કે મેહરમ વિના. રદ્દુલ મોહતાર ભાગ : ૫, પેજ : ૪૪૫માં છે :–

اما الخروج للضرورة فلا فرق بينهما كما نصوا عليه فيما ياتى

"અને નીકળવું જરૂરતના માટે હોય તો પછી મેહરમ સાથે હોવામાં કે ન હોવામાં કાંઈ ફરક નથી." તબ્યીનુલ હક઼ાઈક઼, ભાગ : ૩, પેજ : ૨૭૩માં છે :

والمعتدة يباح لها الخروج الیٰ اقل من السفر للضرورة

"ઈદ્દતમાં બેઠેલી યુવતી માટે જરૂરતના સમયે શરઈ સફરથી ઓછી દૂરી પર જવું (નીકળવું) જાઈઝ છે." ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૫, પેજ : ૮૪૯માં છે :

"**મસ્અલા** : શું ફર્માવે છે કે ઓલમાએ દીન તથા મુફ્તીયાને શરએ મતીન આ મસ્અલામાં કે ઝૈદનો ઈન્તેક઼ાલ થઈ ગયો તે એવી જગ્યાએ રહેતો હતો કે ત્યાં કોઈ ડોકટર નથી. તો તેની પત્ની ઈદ્દતના દિવસોમાં પોતાના તથા પોતાની દિકરી તથા નાના બાળકના ઈલાજ માટે કોઈ બીજી જગ્યાએ જઈ શકે છે કે નહીં ? અને કોઈ હકીમ (ડોકટર)ને નાડી દેખાડી શકે છે કે નહીં ? **જવાબ** : જરૂરતના કારણે નાડી દેખાડી શકે છે. અને બીજી જગ્યાએ એ રીતે જઈ શકે છે કે રાતનો વધુ પડતો ભાગ (અધિક રાત) પોતાના પતિના મકાનમાં જ પસાર કરે. અને જો તે જ મકાનમાં (તે જ સ્થળે) ઈલાજ શક્ય હોય તો (નીકળવું) પણ હરામ છે." એ જ પ્રમાણે તન્વીરુલ અબ્સાર તથા દુર્રે મુખ્તારમાં છે.

(وتعتدان) ای معتدة طلاق وموت (فی بيت و جبت فيه) ولا تخرجان منه (الا أن تخرج أو ينهدم المنزل أو تخاف) انهدامه أو(تلف ما لها أو لا تجد كراء البيت) ونحو ذلك من الضرورات فتخرج لأ قرب موضع اليه

**સવાલ નં. ૨ :** જે સ્ત્રી હજ્જ અથવા ઉમરાનો એહરામ બાંધીને નીકળી અને પોતાના વતનમાં જ સાડા બાણુ કિલોમીટર સફર કર્યા બાદ બેવા અથવા તલાક઼ થઈ ગઈ તો હવે શું કરશે ?!

**જવાબ નં. ૨ :** જે ઔરત હજ્જ અથવા ઉમરાનો એહરામ બાંધીને નીકળી અને પોતાના દેશમાં જ સાડા બાણુ કિલોમીટર સફર કર્યા બાદ વિધવા અથવા તલાક઼વાળી થઈ ગઈ અને તે જ જગ્યાથી મક્કા મુકર્રમા સફરની મુદ્દતની દૂરી પર છે (એટલે બાણુ કિલોમીટર અથવા તેથી વધારે કિલોમીટરની દૂરી પર છે) અને જો તે જગ્યા રોકાણ માટે યોગ્ય નથી તો તે મોહસરા નથી. (મોહસર : જેણે હજ્જ કે ઉમરાનો એહરામ બાંધ્યો પરંતુ કોઈ કારણસર તેને પૂરો ન કરી શક્યો.) બહારે શરીઅતમાં છે, જો બંને તરફ સફરનું અંતર હોય અને ત્યાં વસ્તી ન હોય તો ઈખ્તિયાર છે ચાહે તો જાય અથવા પરત આવી જાય, સાથે મેહરમ હોય કે ન હોય. અને બેહતર છે ઘરે પરત આવી જવું છે. *(બહારે શરીઅત, ૮/૨૪૭)*

બદાઈઉસ્સનાઈઅ, ભાગ : ૩, પેજ : ૩૨૭માં પણ એ જ પ્રમાણે છે.

**وان كان بينها وبين مصرها ثلثة ايام وبينها وبين مقصدها ثلثة ايام فصاعداً فان كان الطلاق فى المفازة او فى موضع لا يصلح للاقامة بان خافت علىٰ نفسها او متاعها فهى بالخيار ان شائت مضت وان شاء ت رجعت۔**

બહારે શરીઅતના લખાણ પરથી સ્પષ્ટ છે કે જો સ્ત્રી એવી જગ્યાએ વિધવા થઈ જાય અથવા તેણીને તલાક઼ થઈ જાય જે જગ્યા રોકાણ માટે યોગ્ય નથી તો તેણીનો મક઼સદ એટલે કે મક્કા મુકર્રમા જવાની ઈજાઝત છે, જેથી તે આ સ્થિતિમાં મોહસરા નથી. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**સવાલ નં. ૩ :** જે સ્ત્રી જિદ્દાહ અથવા મક્કા મુકર્રમા પહોંચી અને હજ્જ પહેલાં વિધવા થઈ ગઈ અથવા તલાક઼ થઈ ગઈ તો શું તે મોહસરા છે કે નહીં ? મક્કા જવાની તેણીને ઈજાઝત છે કે નહીં ? ઈદ્દત ક્યારે, ક્યાં અને કેવી રીતે ગુજારશે ?!

**જવાબ નં. ૩ :** તેણી મોહસરા નથી, તે મક્કા મુકર્રમા જશે અને હજ્જ તથા ઉમરા અદા કરશે અને હજ્જ માટે જો ત્યાં ઈદ્દતના દિવસો ગુજારવાની પરવાનગી ન મળવાની સ્થિતિમાં મેહરમ હોય તો મેહરમની સાથે, નહીં તો દીનદાર ઔરતો (સ્ત્રીઓ) સાથે પોતાના દેશ આવીને ઈદ્દત પૂરી કરશે. અને જો શક્ય હોય કે પરત ફરતી વખતે જ્યાં પહેલાં પહોંચી છે (દા.ત. મુંબઈ) ત્યાં ઈદ્દત ગુજારી શકે છે અથવા તેનાથી નજીક કોઈ જગ્યાએ રહીને ઈદ્દત ગુજારી શકે છે તો ત્યાં જ ઈદ્દત ગુજારે. અને જો તેમાં પણ હરજ (વાંધો) તથા તકલીફ હોય તો મજબૂરીના કારણે શોહર (પતિના) ઘરે પહોંચીને ઈદ્દત પૂરી કરે.

ફતાવા રઝવિય્યહમાં છે : અને જો તેણીનો પતિ તથા મેહરમ નથી તો એટલી દૂર પહોંચી ગઈ કે મક્કા મોઅઝ્ઝમા સુધી સફરની મુદ્દત (અંતર) નથી દા.ત. જિદ્દા પહોંચી ગઈ. તો હવે (મક્કા) પહોંચી જાય, પરત ન ફરે. કેમ કે પરત ફરતી વખતનો સફર મેહરમ વિનાનો છે અને તે હરામ છે. ત્યારબાદ હજ્જ પછી મક્કા મુકર્રમામાં રોકાણ કરે. *(ફતાવા રઝવિય્યહ, ૪/૪૮૪)*

ઝોહરા નૈયરામાં તથા ફત્હુલ કદ઼ીરમાં એ જ પ્રમાણે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના જમાનામાં ત્યાં રોકાણ કરવાની ગુંજાઈશ હતી, પરંતુ હવે હુકૂમત તરફથી ત્યાં રહીને ઈદ્દત ગુજારવાની પરવાનગી નથી. (અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે)

**સવાલ નં. ૪ :** જે ઔરત મદીના મુનવ્વરા

પહોંચીને હજ્જ પહેલાં જ વિધવા થઈ અથવા તેણીને તલાક઼ થઈ જાય તો તે મોહસરા છે કે નહીં ? જ્યારે કે મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમાની દૂરી સફરની મુદ્દતથી અધિક છે. અને મદીના મુનવ્વરામાં ક઼ાનૂની રીતે અઠવાડિયાથી વધુ રોકાણની ઈજાઝત નથી. તો તેણી મક્કા મોઅઝ્ઝમામાં જઈને હજ્જ કરશે કે નહીં ? ઈદ્દત ક્યારે, ક્યાં અને કેવી રીતે ગુજારશે ? શું આવી સ્ત્રીને હરજ (વાંધો) દૂર કરવા અથવા ફર્ઝ થઈ ગયેલ હજ્જથી મુક્તિ પામવા માટે મેહરમ વિના મક્કા મુકર્રમા જવાની ઈજાઝત મળશે ? જ્યારે કે પર્યાપ્ત માલ ન હોવાની સ્થિતિમાં રોઝગાર કમાવા માટે તથા ખેતર, જમીનની દેખરેખ રાખનાર કોઈ બીજુ ન હોય તો તેની દેખભાલ માટે ઈદ્દતમાં રહેલ સ્ત્રીને મૌતની ઈદ્દતમાં નીકળવાની ઈજાઝત આપવામાં આવી છે. તો શું ઉપરોક્ત પરિસ્થિતિમાં છ કારણોમાંથી કોઈ એક કારણનો સહારો લઈ શકાય છે ? જો ઔરતની સાથે મેહરમ હોય તો શું મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમા સુધી ઈદ્દતની હાલતમાં સફર કરવામાં ઈમામે આ'ઝમના ક઼ૌલથી રુજૂઅ કરીને સાહિબૈનના ક઼ૌલ પ્રમાણે ફત્વો આપી શકાય છે ?

**જવાબ નં. ૪ :** જો ઔરત મદીના મુનવ્વરા પહોંચીને એહરામની હાલતમાં હતી અને તલાક઼ થઈ ગઈ અથવા વિધવા થઈ ગઈ તો જો મદીના મુનવ્વરામાં ઈદ્દતના દિવસો સુધી રોકાણની કોઈ સ્થિતિ ન હોય તો તે મોહસરા નથી. તેણીને મક્કા જવા તથા હજ્જ કરવાની ઈજાઝત છે. એ જ પ્રમાણે તે ઔરત જેણે હજુ એહરામ બાંધ્યો હતો કે તલાક઼ થઈ ગઈ અથવા વિધવા થઈ ગઈ તો તેણીને પણ સઊદીના સખત ક઼ાનૂનના આધારે મદીના મુનવ્વરામાં ઈદ્દતના દિવસો સુધી રોકાણની ઈજાઝત ન મળવાના કારણે મક્કા મુકર્રમા જવા તથા હજ્જ કરવાની ઈજાઝત છે. (અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે)

**સવાલ નં. ૫ :** સવાલ નં ૩, ૪ હેઠળ વર્ણન થયેલ સ્થિતિમાં જો શરીઅતની રૂએ હજ્જ કરવાની ગુંજાઈશ નીકળી આવે તો શું હજ્જ કર્યા બાદ વતન પરત થવા માટે મેહરમ બોલાવવો જરૂરી છે ? અથવા છ કારણોમાંથી કોઈ એક કારણના આધારે મેહરમ વિના જવાની ઈજાઝત છે ? જો મજબૂરીની હાલતમાં ઉપરોક્ત ઔરત એવા કાફલાની સાથે વતન પરત આવે જેમાં ભરોસા પાત્ર દીનદાર મર્દો તથા ઔરતો હોય તો શું મેહરમ ન હોવાની કમી પૂરી થઈ જશે ? અને ઔરત ગુનાહથી બચી જશે ?

**જવાબ નં. ૫ :** ઔરત જો મેહરમને બોલાવીને તેની સાથે સફર કરી શકતી હોય તો વિના મેહરમે સફર કરવો હરામ છે. પરંતુ જો અત્યારે સઉદી ગર્વમેન્ટના સખત ક઼ાનૂનના આધારે વતનથી મેહરમને બોલાવીને તેની સાથે પરત થવું સખત મુશ્કેલ છે. એટલા માટે આ હરજ (મુશ્કેલી)ને દૂર કરવા માટે સય્યદુના ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના ક઼ૌલ મુજબ અમલ કરીને ભરોસાપાત્ર દીનદાર ઔરતો સાથે મેહરમ વિના વતન પર થવાની ઈજાઝત છે. આ સ્થિતિમાં ઔરત ગુનેહગાર થશે નહીં.

ફતાવા રઝવિય્યહમાં છે : જો ભરોસાપાત્ર દીનદાર ઔરતો પરત થતી વખતે મળે તો ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના મઝહબ પર અમલ કરીને તેમની સાથે જ પાછી આવે અને જો જવા માટે મળે તો તેમની સાથે જાય. તે તેમની સાથે જ પાછી આવે કે જરૂરતના સમયે અન્ય ઈમામની તક઼લીદ જાઈઝ છે. *(ફતાવા રઝવિય્યહ, ૪/૬૮૪, ૬૮૫)* હા ! અત્યારે જો એરપોર્ટથી ઘર સુધીનો માર્ગ શરઈ સફરનો હોય તો મેહરમની સાથે જ જવું જરૂરી છે કે એરપોર્ટ પર મેહરમને બોલાવીને તેની સાથે પરત થવું મુશ્કેલ નથી. (અલ્લાહ બેહતર જાણનાર છે)

*(પયગામે શરીઅત–દિલ્હી, જૂન–૨૦૧૭)*

# નકસલવાદીઓની તોડફોડ
## આતંકવાદ કેમ નથી ?!

**રજૂકર્તા : મૌલાના અબ્દુર્રઉફ રઝવી-પાલેજ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ફૈઝાને નૂરી-ડભોઈ)*

સુકમા, છત્તિસગઢમાં **૨૫ જવાનો** પર નકસલવાદી હુમલા પછી એકવાર ફરી સત્તાની ખુરશી પર બિરાજમાન લોકો લાગણીનાં વાક્યોના સહારે દેશને થપકી આપીને મીઠી નિદ્રામાં સૂવડાવવા માટે ખેલ ખેલવા લાગ્યા છે. દર વખતે એ વાક્યનું પુનરાવર્તન કરવામાં આવે છે કે શહીદોનું બલિદાન વ્યર્થ નહીં જાય, નકસલવાદીઓના વિરૂધ્ધ પ્રક્રિયા કરવામાં આવશે, પરંતુ અત્યાર સુધી અમલી તૌર પર આ ગંભીર સમસ્યાનો ઉકેલ ન લાવવો હુકૂમતની ગંભીર નિષ્ફળતા છે. સુકમા હુમલામાં શહીદ થનાર એક જવાનના પિતાએ દિલ ધ્રુજાવી દેવાવાળી વાત કહી કે અફસોસ છે કે મારો દિકરો પોતાનાઓની સાથે લડતો લડતો શહીદ થયો ! એક શહીદના પિતાના આ વાક્યો કેવળ વાક્યો નથી, પરંતુ તેની તકલીફમાં એક Unsolvable (ઉકેલી ન શકાય તેવી) સમસ્યાના સંબંધે હકારાત્મક સંદેશ છે.

૨ માર્ચ ૧૯૬૭ ઈ.સ. પશ્ચિમ બંગાળના નકસલવાડીથી મૂડીવાદી પદ્ધતિના વિરૂધ્ધ ઉભી થનાર નકસલી ચળવળે છત્તિસગઢમાં કોંગ્રેસની **રેલી પર હુમલો** કરીને એકવાર ફરી પોતાની ક્રુરતા એહસાસ કરાવી દીધો છે. આ હુમલામાં કોંગ્રેસના રાજ્ય પ્રમુખ નન્દકુમાર પટેલ અને ભૂતપૂર્વ પ્રધાન મહેન્દ્ર કર્મા સહિત **૨૪ લોકોનાં મૃત્યુ** થઈ ગયાં, જ્યારે કે ઘણા લોકો ગંભીર રીતે ઝખ્મી થયા. નકસલીઓ થકી નિર્દોષોના ખૂનથી પોતાની પ્યાસ બુઝાવવાનો આ કોઈ પહેલો બનાવ ન હતો. હવે તો દરરોજ પોલીસ ફોર્સના જવાનો અથવા પોલીસના ખબરી હોવાના આરોપમાં આમ આદમી નકસલીઓના ખૂની પંજાના શિકાર થતા રહે છે. હા ! કોઈ રાજકીય પાર્ટીની રેલી પર આ પ્રકારનો હુમલો નકસલી ક્રુરતાના ઈતિહાસનો પ્રથમ બનાવ જરૂર છે, નહીં તો એ જ છત્તિસગઢમાં ૨૦૧૦ ઈ.સ.માં નકસલીઓએ સિક્યુરીટી ફોર્સ ટીમ પર હુમલો કરી **૭૬ જવાનોને** મૌતના ઘાટ ઉતારી દીધા હતા. તેનાથી પહેલાં ૨૦૦૭ ઈ.સ.માં છત્તિસગઢમાં જ પોલીસ ચોકી પર હુમલો કરી **૫૫ પોલીસ કર્મીઓને** મારી નાખ્યા.

દાંતેવાડામાં નકસલીઓના હુમલામાં **૨૪ લોકોનું મૃત્યુ** થયું હતું જેમાં આમ લોકો પણ સામેલ હતા.

આ વર્ષે ઝારખંડમાં કેલાતીહારમાં નકસલીઓ અને સિક્યુરીટી ફોર્સ વચ્ચે અથડામણમાં **પાંચ ફોજીઓની લાશો** પ્રાપ્ત થઈ, તેઓ પેકી ત્રણમાં વિસ્ફોટક સામગ્રી લગાવી દીધી હતી અને જ્યારે **એક ફોજીની લાશ હટાવવામાં આવી તો તેમાં મહાવિસ્ફોટ થઈ ગયો.** તે લાશની સાથે અન્ય **પાંચ લોકોના ટુકડા થઈ ગયા !** બીજી લાશોના પોસ્મોર્ટમ દરમિયાન જવાનોની લાશોમાંથી વિસ્ફોટક સામગ્રી બહાર આવી. નકસલીઓએ **હિંસાની દરેક હદો પાર કરી** જવાનોના **પેટ ચીરીને તેમાં પ્રેશર બોમ્બ મૂકી દીધા** હતા કે આસાનીથી લાશ ઉઠાવનાર લોકોને મારી શકાય.

નકસલીઓની આ માનવતાને હણનારી હરકત છતાં માનવ અધિકાર સંગઠનોના કાર્યકરો અને હુકૂમતનું તેઓ સાથે લાગણીશીલ વર્તાવ કરવું સમજથી બહાર છે ! હિન્દુસ્તાનમાં નકસલવાદની સમસ્યા લગભગ પચાસ વર્ષો પર ફેલાયેલી છે અને તેનું મૂળ ખૂબ મજબૂત થઈ ગયું છે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તિસગઢ અને આંધ્ર પ્રદેશ જેવા રાજ્યોના વધુ પડતા જિલ્લાઓમાં તેઓએ પોતાની મજબૂત પકડ બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી લીધી છે.

જ્યારે ૨ માર્ચ ૧૯૭૬ ઈ.સ. પશ્ચિમ બંગાળના નકસલવાડીમાં કાનુસાનિયાલે પોતાના સાથીઓની સાથે સામ્રાજ્યવાદના વિરૂધ્ધ જંગનું એલાન કર્યુ અને ૨૪ માર્ચે કિસાન સભાના હેડ જંગલ સંથાલના નેતૃત્વ હેઠળ જમીનદારો પર હુમલો કરવામાં આવ્યો તો તે સમયે તેઓની ધરપકડ કરવા ગયેલ **પોલીસ ટીમને તીર કમાનના હુમલાથી મારી નાખવામાં આવી હતી,** પરંતુ તે સમયે પોલીસને તેઓ પર સફળતા પ્રાપ્ત થઈ. છતાં પણ પહેલાંથી જ તેઓને સામાજિક તથા રાજકીય રક્ષણે ફરી ઉભા થવાનો મોકો આપ્યો. આજે ઉત્તર અને પૂર્વ ભારતના રાજ્યોમાં તેઓ પોતાની મજબૂત પકડ બનાવવામાં સફળ થઈ ગયા છે. આ દરમિયાન સિક્યુરીટી ફોર્સ અને માઓવાદીઓ તથા નકસલીઓની વચ્ચે કેટલી વખત લોહિયાળ મુકાબલા થયા જેમાં હજારો લોકોનાં મરણ થયા.

આમ તો નકસલીઓનો દાવો છે કે તેઓ જમીનના અધિકાર અને સ્થાનિક લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને તેઓ આદિવાસીઓ અને ગરીબ લોકો માટે લડી રહ્યા છે જેઓની સરકાર થકી ઘણા વર્ષોથી અવગણવામાં આવી રહી છે. વાસ્તવમાં તેમનો મકસદ "એક સામ્યવાદી સમાજ" ઉભો કરવું છે. એ જ મકસદના હેઠળ ૨૦૦૯ ઈ.સ.માં પશ્ચિમ બંગાળની રાજધાની કોલકટાથી માત્ર ૨૫૦ કિ.મી. દૂર લાલગઢ જિલ્લા પર નકસલીઓએ કબ્જો કરી લીધો હતો જે કેટલા મહીનાઓ સુધી રહ્યો. **નકસલીઓએ લાલગઢને હિન્દુસ્તાનનો પહેલો આઝાદ ઈલાકો જાહેર કર્યો હતો,** પરંતુ ફોર્સ તેને કચડવામાં કામયાબ રહી.

અમને ખૂબ આશ્ચર્ય થાય છે હિન્દુસ્તાની સમાજની બેવડી પોલીસી પર કે જ્યારે કોઈ વિદેશી થકી આપણા જવાનોનાં માથાં કાપી નાખવાની ખબર આવે છે તો આપણે તેને માનવતા વિરૂધ્ધ અને જાનવરનું નામ આપીએ છીએ, તેના વિરૂધ્ધ તરત જ ફોજી કાર્યવાહીની ડિમાન્ડ કરીએ છીએ પરંતું જ્યારે માઓવાદીઓ આપણા ડઝનબંધી પોલીસો અને જવાનોની લાશોના ચિથરાં ઉડાવે છે, તેમના પેટમાં વિસ્ફોટક સામગ્રી મૂકી દે છે, તો પણ નકસલીઓના વિરૂધ્ધ ન તો હુકૂમત કડક પગલુ ભરે છે અને ન તો હિન્દુસ્તાની સમાજના ઝિંદાદિલ લોકોના કલેજાં દ્રવે છે ! જ્યારે કે એ હકીકત છે કે જ્યાં સુધી ઈન્સાન પોતાના ઘરની હિંસાથી નહીં નિપટે ત્યાં સુધી બહારના હુમલાનો મુકાબલો મુશ્કિલ છે.

નકસલીઓના વિરુદ્ધ ફોજ પોસ્ટ કરવામાં જાતે હુકૂમત પાછળ પડતી નજરે આવે છે, એનું કારણ નકસલીઓને સામાજિક તથા રાજનૈતિક કક્ષાએથી મળવાવાળી સુરક્ષા છે. **પરંતુ શું નકસલીઓ જે કાંઈ કરી રહ્યા છે તે સર્વ કાંઈ ત્રાસવાદ તથા આતંકવાદની કાર્યવાહી હેઠળ નહીં આવે ? અપહરણ, કત્લ, લૂટ અને સરકારી ઈમારતો, રસ્તાઓના બાંધકામમાં લાગેલ જેસીબી મશીનોને આગ લગાડવી વગેરે... આ કામો તો નકસલીઓ કરી રહ્યા છે, તે છતાં તેઓને આતંકવાદી કેમ ગણવામાં આવતા નથી ?!** તેઓના વિરુદ્ધ સખત કાર્યવાહીને ગેરકાયદેસર કેમ સમજવામાં આવે છે ?!

માજી પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહનું એ બયાન મને સારી રીતે યાદ છે જ્યારે તેમણે દાંતેવાડામાં નકસલીઓ થકી **૭૬ પોલીસ કર્મીઓને મારી નાખ્યા** તેના કેટલાક દિવસ પછી કહ્યું હતું કે નકસલી આપણા પોતાના છે અને હુકૂમત તેમનાથી વાતચીત કરવા માટે તૈયાર છે.

સરકાર થકી નકસલીઓથી વાતચીતની કોશિશ પણ કરવામાં આવી પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. નકસલીઓના હોંસલા એટલા વધી ગયા છે કે છત્તીસગઢમાં કોંગ્રેસની રેલી પર હુમલો કર્યા પછી ગૃહપ્રધાન સુશીલ કુમાર શન્ડે જે દિવસે નકસલીઓના વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવાનું એલાન કરી રહ્યા હતા એ જ સમયે નકસલી એ જ છત્તીસગઢમાં લગભગ બે કલાક સુધી ગાડીઓની તલાશી લેતા રહ્યા. જ્યાં તેઓ ગાડીઓને રોકી તલાશી લઈ રહ્યાં ત્યાંથી માત્ર ૬ કિલોમીટરના અંતરે ફૌજી કેમ્પ છે. તે તલાશીના દરમિયાન જાણવા માંગતા હતા કે ક્યાંક કોઈ પોલીસકર્મી તેમાંથી જઈ રહ્યા છે !

સિક્યુરીટી ફોર્સ અને નકસલીઓના વચ્ચે થનારી અથડામણમાં બંને તરફનું નુકસાન આમ લોકોનું જ થાય છે. મતલબ સામાન્ય પ્રજા ફોર્સ અને નકસલી બંનેની ગોળીઓના નિશાન બને છે. જ્યાં એક તરફ સિક્યુરીટી ફોર્સ પર આરોપ લાગે છે કે તેઓએ નકસલી કહી આમ લોકોને નિશાન બનાવ્યા છે, ત્યાં બીજી બાજુ માઓવાદીઓ પર આરોપ છે કે તેઓએ પણ પોલીસના ખબરી કહીને ખૂબ જ પ્રમાણમાં બેગુનાહોને નિશાન બનાવ્યા છે. ગત કેટલાક દિવસોમાં નકસલીઓએ એક મજૂર વ્યક્તિનું અપહરણ કરી પોતાની બનાવેલી અદાલતમાં પોલીસનો ખબરી હોવાના ગુનાહમાં મૌતની સજા સંભળાવી. **તેની પત્ની નકસલીઓના પગે પડીને પોતાના પતિની જિંદગીની ભીખ માગતી રહી પરંતુ તેની આંખોના સામે નકસલીઓએ તેના સુહાગને ઉજાડી નાખ્યો !** ૧૨ જુન ઈ.સ. ૨૦૧૩ના બિહારના નજમુઈમાં કુન્દન હાલ્ટના નજીક **ટ્રેન પર ફાયરિંગ કરી છ લોકોની હત્યા** કરી દીધી.

નકસલીઓનું આટલા પ્રમાણમાં ફેલાવું જેનું સૌથી મોટું કારણ રાજનૈતિક સુરક્ષા છે. જો વિરોધ પક્ષ એવું કહે છે કે નકસલી કોંગ્રેસની પૈદાવાર છે તો તેને માત્ર વિરોધપક્ષનો આરોપ કહી અવગણી નથી શકતા, કેમ કે ઐતિહાસિક વાસ્તવિક્તાઓ પણ તેની ગવાહી આપે છે.

ઈ.સ. ૧૯૮૬માં તેલુગુદેશમ પાર્ટીના લીડર એન. ટી. રામારાવે સૌથી પહેલાં નકસલીઓની તરફદારીમાં કહ્યું હતું કે નકસલી સાચા દેશભક્ત છે. હુકૂમતે તેમને સમજવામાં ભૂલ કરી છે. તેણે પ્રધાનમંત્રી બન્યા પછી નકસલીઓના વિરુદ્ધ કાર્યવાહી કરવાથી પોલીસને રોકી લીધા હતા. તેના સમયમાં નકસલીઓને પોતાને મજબૂત કરવાના સૌથી વધુ મોકાઓ આપવામાં આવ્યા હતા. જ્યારે કે ઈ.સ. ૧૯૮૯માં કોંગ્રેસી લીડર એમ. ચીતા રેડ્ડી, એન.ટી.આર. પર વધી ગયા અને તેનાથી એક કદમ આગળ વધીને તેલુગુ દેશમને હાર આપવા માટે ચૂંટણીમાં ખુલીને નકસલીઓથી સુરક્ષાનો પ્રસ્તાવ મૂકી બેઠા અને તે જીતી પણ ગયા. મિસ્ટર રેડ્ડીના પી.એમ. બન્યા પછી હૈદરાબાદમાં નકસલીઓએ એક ભવ્ય રેલી કાઢી જે નકસલીઓના ઈતિહાસમાં પહેલી રેલી હતી. આસમમાં બોડો આતંકવાદીની સાથે લગભગ એ જ સ્થિતિ છે.

આઝાદ હિંદુસ્તાનમાં સૌથી સમય વધુ સુધી હુકૂમત કરવાવાળી રાજકીય પાર્ટી કોંગ્રેસ છે, જો તે નકસલીઓની સાથે હમદર્દીનો વર્તાવ ન રાખતી તો આજે તેમણે પોતાના સિનયર લીડરોની કુર્બાની ન આપવી પડતી.

આ કેટલા આશ્ચર્યની વાત છે કે **જો ક્યાંક આતંકવાદનો બનાવ બને છે, અથવા ધમાકો કરનારી સામગ્રી મળી આવે છે તો આપણી ગુપ્તચર એજન્સીઓ અને પોલીસો એનાથી જોડાયલ મુસ્લિમ નવજવાનોની તરફ આંગળી કરવામાં ખૂબ જ સ્ફૂર્તિ બતાવે છે જ્યારે કે તેનાથી તેમનો કોઈ વાસ્તવિક સંબંધ નથી હોતો. અને નકસલી દરરોજ કાનૂન અને માનવતાને વિખેરતુ જઈ રહ્યું છે, ફોજ અને આમ લોકોના લોહીથી સરેઆમ હોળી રમે છે તો પણ આપણી ઈન્ટેલીજન્સ એજન્સીઓને તેમના વિરુદ્ધ ન તો સબૂત મળે છે અને ન તેઓનાં ઠેકાણા મળે છે !! મીડિયા પણ ચૂપ રહે છે !**

નકસલી સમસ્યાનો હલ માત્ર એ જ નથી કે તેમના વિરુદ્ધ તાકતોનો ઉપયોગ કરવામાં આવે પરંતુ તેનાથી વધારે જરૂરી છે કે તેમની માગણીઓ પર વિચાર કરવો જોઈએ, નહીં તો આ ગરીબની કૂખમાંથી જન્મ લેવાવાળી ચળવળ ગમે ત્યારે પણ ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે. નેપાલમાં તેણે કઈ રીતે સત્તા પર કબજો કર્યો એ કોઈનાથી છૂપુ નથી. તેઓ કેટલા ખતરનાક છે જેને તમે સમયે સમયે જોતા રહો છો.

*(સબ એડિટર : દૈનિક પત્ર ઈન્કિલાબ, પટના–બિહાર, બહવાલા : કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, દિલ્હી, જૂન–૨૦૧૭)*

## બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### વાલીએ સોરઠ رحمۃ اللہ علیہનો ઉર્સ મનાવાયો

જુનાગઢ : મુકામે હઝરત વાલીએ સોરઠ મિયાં મહમૂદશાહબાવા નકશબંદી رحمۃ اللہ علیہનો ઉર્સ માહે શાબાન હિ.સ. ૧૪૩૮ના ચાંદ ૧૯,૨૦,૨૧–મંગળ, બુધ, જુમેરાતે મનાવાયો. હજારો અકીદતમંદોએ હાજરી આપી. શરીઅત મુજબ ઉર્સ મનાવાયો જેમાં તા. ૧૭–૫–૨૦૧૭ (ચાંદ–૨૦) બુધવારે અસર બાદ દરગાહવાળી મસ્જિદમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)એ દર્સ આપી હાજરજનોની ઈસ્લાહ સુંદર અંદાઝમાં કરી હતી. ઈશા બાદ ખાસ કરીને અતાએ હુઝૂર મુફતીએ આઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (મુંબઈ)એ તેમજ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ના તેમજ સ્થાનિક ઉલમા મઝકૂર ખાનકાહના હઝરત નાસિર બાપુના બયાનો, દુઆ થઈ. પ્રોગ્રામ દરમ્યાન મૌલાના મહબૂબુલ મુર્સલીન (અમદાવાદ), હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ), હઝરત મૌલાના સૈયદ અમીનુલ કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ), જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી (મુંબઈ), હઝરત ગુલઝાર એહમદ નૂરી ગુલઝાર બાપુ (શાહઝાદાએ ખલીફએ મુફતીએ આ'ઝમ મારફાની સાહબ رحمۃ اللہ علیہ), પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તેમજ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) વગેરેને તેમનાં સુન્નિયતની ખિદમતનાં અસાધારણ કામો બદલ ''ફખ્રે સુન્નિયત'' એવોર્ડથી મઝકૂર ખાનકાહ તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

*–રજૂ : ઘાંચી દાઉદ જુમ્આ ગાલિબ (જુનાગઢ)*

### શાદી મુબારક

**પાલેજ** : ખાતે યાકૂબ યૂસુફ આમનજી કંબોલીવાળા (ધનજીશા જીન)ના નેક ફરઝંદ અને તંત્રી બરકાતે ખ્વાજાના ભાણીયા મૌલાના મુહમ્મદરઉફના નિકાહ કોઠી (વાંતરસા) ખાતે શબ્બીર યૂસુફ કડુજીની નેક દુખ્તર સાઈદા સાથે તા. ૨૧–૫–૨૦૧૭ રવિવાર, મુ. ચાંદ ૨૪ શાબાન હિ. ૧૪૩૮ના સવારે ૧૧ વાગ્યે ત્યાંની મસ્જિદ થયા. કસીદા બુર્દા શરીફ હાફિઝ ખત્રી સલીમ ઉમલ્લાવાળાએ પઢયા બાદ સેહરો મૌલાના ઈમરાનરઝા દયાદરવી પઢતા તથા મુફતી સાબિર રંગૂની સાહબે શાદી પર ટૂંકુ બયાન કર્યું હતું. નિકાહ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબે પઢાવ્યા હતા. છેવટમાં સલાતો સલામ દુઆ થઈ હતી. બીજા દિવસે પાલેજ મુકામે સવારે વલીમો રાખ્યો હતો. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓથી સૌને નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**મદદની અપીલ**

## હેરા ઈંગ્લિશ સ્કૂલ (દીની દુનિયવી એજ્યુકેશન માટે)

*C/o.* દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, ઠે. ચાર રસ્તા, મુ. આમોદ જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૧ ૨૪૬૯૯૨ : મો. ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૪૨૭૪૬૪૪૧૧

હાલમાં જુનિ.–સિનિયર KG, સ્ટાન્ડર્ડ 1+2+3 ચાલે છે. ચાલુ સાલથી 3rd Std ચાલુ થયું છે. દિવસે દિવસે સ્ટુડન્ટસ્‌ની સંખ્યા વધતી જાય છે જેથી સત્વરે બીજા આઠ રૂમ બનાવવા જરૂરી છે. અલ્લાહ ભરોસે કામ શરૂ કરી દીધું છે. **એક રૂમના રૂા. 3,50,000/-** (ત્રણ લાખ પચાસ હજાર) ખર્ચ અંદાજે છે. તો આપના તથા મર્હૂમોના સવાબ અર્થે સહકાર કરશો.

**લિ. પ્રમુખ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, મેનેજર : હાફિઝ અ. રહીમ બરકાતી ભોલાવવાળા**

## :: ખાસ મદદ કરવા જેવી જગા ! ::

ખંભાત તાલુકાના તેજા ગામથી ૩ કિ.મિ. અને ખંભાતથી ૪ કિ.મિ.ના અંતરે કચ્છીવાસ આવેલ છે. સુન્નીભાઈઓના ૪૦ જેટલાં કુટુંબો વસે છે. પશુ પાલન તથા મજૂરી કામ કરી ગુજરાન ચલાવે છે. ઈમામને પગાર પૂરો પાડવા **૩ થી ૪ હજાર મદદની મંથલી** જરૂરત છે. હાલ સગવડ ન હોવાથી ઈમામ ન હોવાથી પંજગાના નમાઝ તથા બાળકોની પઢાઈ બંધ છે. તેમજ મસ્જિદના રિપેરિંગ કામમાં **રૂા. દોઢ લાખની જરૂર** છે. તો જેમને રાહે ખુદામાં કાંઈ આપવું જ છે તેઓ આવી જગાએ આપે. થોડામાં ઘણુ સમજી લેશો.

**મદદ માટે સંપર્ક કરો : ૧.** હમઝાભાઈ જત, મો. ૯૯૭૮૨૧૨૨૪૫ **૨.** આબિદ બાપુ સૈયદ, મો. ૯૯૯૮૫૪૭૨૧૩ અથવા પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી બરકાતે ખ્વાજા–માસિક) મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**દેવામાં છે મદદ કરો !**

## મસ્જિદે ઈમામ અહમદ રઝા

*નૂર પાર્ક (ખુશ્બુ પાર્ક), શેરપુરા રોડ, ભરૂચ*

મઝકૂર મસ્જિદ હિંમત કરીને અલ્લાહના નામથી ત્રણ માળની લગભગ રેડી થઈ ગઈ છે પણ રૂા. ૧૦–૧૨ લાખનું કરજ બાકી છે. તો આપ આપના મર્હૂમોના સવાબ અર્થે મસ્જિદના આ કામ માટે ખાસ ધ્યાન કરી લિલ્લાહ મદદ કરશો તેવી અપીલ છે. ❖ **મદદ મોકલવા સંપર્ક : જનાબ દરબારભાઈ પ્લમ્બર, મો. ૯૯૦૪૧૬૮૪૧૯ અથવા પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

## :: દર્દભરી ગુઝારિશ ! ::

જંબુસરકી સરઝમીન પર ડાભા ચોકડી, તવક્કલ સોસાયટી મેં **ફૈઝાને નૂરી ઈબાદતગાહ ઔર તર્બિયતી સેન્ટર** કા કામ ઝેરે તામીર હૈ, જિસ્મેં રેતી, સીમેન્ટ, સ્ટીલ ઔર ટાઈલ્સ વગેરા કી ઝરૂરત હૈ, સાથહી સાથ ઉપર શેડ ભી લગાના હૈ. આપસે પુર ખુલૂસ ગુઝારિશ હૈ કે ઈસ મુબારક મહીને મેં અપની **ઝકાત, સદકા, ફિત્રા, લિલ્લાહ,** ઔર ઈસાલે ષવાબ કી **બડી રકમ** દેકર દીની કામ મેં હમારા સાથ દેકર ષવાબે દારૈન કે હક્દાર બને. હાલમેં **આઠ લાખ કરજ** હો ચૂકા હૈ ઔર ઈમામ મુદર્રિસકા મકાન ભી બનાના હૈ. તો ભરપુર ઈમદાદ કરકે સવાબે જારીઆ કે હક્કદાર બને.

**સંપર્ક કરો : મૌલાના ઝહીર મિસ્બાહી, મો. ૯૯૯૮૯ ૧૬૩૫૨ હાફેઝ મુશ્તાક અશરફી, મો. ૯૭૨૩૦ ૨૬૩૮૪ પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## સુન્ની ઈસ્લામી લાયબ્રેરી–રાજકોટ (ગુજરાત)

સુન્નીયતની અજોડ સેવા કરતી રાજકોટની સુન્ની ઈસ્લામી લાયબ્રેરી હાજી ઉમરભાઈ ચાવડાએ શરૂ કરેલ છે. સમગ્ર ગુજરાતમાંથી ઈસ્લામી સાહિત્ય ભેગુ કરી ઘરે લાવે છે વિના મૂલ્યે કિતાબો વાંચવા અને રાખવા માટે આપવામાં આવે છે. બહાર ગામ પણ કિતાબો મોકલવામાં આવે છે.

બુઝુર્ગોના ઉરસમાં, મદ્રસા મસ્જિદ ચોકમાં પાથરણું પાથરી તેના ઉપર કિતાબોનો ઢગલો કરવામાં આવે છે. લોકો જોઈએ તેટલી કિતાબો લઈ જાય છે. કાયદા તથા કુર્આન શરીફ પણ વિના મૂલ્યે આપવામાં આવે છે. તમારી પાસે રહેલી નાની મોટી નવી જૂની તમામ પ્રકારની ગુજરાતી હિન્દી ઈસ્લામી કિતાબો મોકલશો. અમારા ખર્ચે પાર્સલ છોડાવી લઈશું.

રમઝાન મહિનામાં અમોને યાદ કરશો. તમામ પ્રકારની આર્થિક મદદ મોકલશો. રાજકોટની ઈસ્લામી લાયબ્રેરીને મજબૂત બનાવવા સાથ સહકાર આપશો.

**સંપર્ક કરો : હાજી ઉમર ચાવડા,** ચાંદ રોશની અંકુર સોસાયટી શેરી નં. ૯, દેવપરાની બાજુમાં ભવાની ચોકથી આગળ, કોઠારીયા રોડ, રાજકોટ–૩૬૦૦૨ (ગુજરાત) મો. ૯૩૭૭૩ ૧૮૩૯૩

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

**દયાદરા :** ખાતે હાજી ઈબ્રાહીમ અહમદ ઈસા અલીનો તા. ૨૧–૫–૨૦૧૭, ૨૪–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૮ના રવિવારના રોજ લગભગ ૮૫–૯૦ વરસની વયે ઈન્તેક઼ાલ થઈ ગયો. રવિવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી. મર્હૂમાના સવાબ અર્થે **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ને કુલ રૂા. ૫,૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા :** ખાતે મદીનાબહેન ઈબ્રાહીમ દીવાન (ઐયૂબ બાંગી સાહબના મધર)નો તા. ૨૨–૫–૨૦૧૭, ૨૫–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૮ના સોમવારના રોજ લગભગ ૭૦ વરસની વયે ઈન્તેક઼ાલ થઈ ગયો. સોમવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી.

**દયાદરા :** ખાતે હુરીબેન સુલેમાન ભાનો તા. ૦૬–૬–૨૦૧૭, ૧૦–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૮ના મંગળવારના રોજ લગભગ ૮૫ વરસની વયે ઈન્તેક઼ાલ થઈ ગયો. મંગળવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી.

**દયાદરા :** ખાતે ઈલ્યાસ મુહમ્મદ ટોલીવાળાનો તા. ૦૭–૬–૨૦૧૭, ૧૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૮ના બુધવારના રોજ લગભગ ૪૫–૫૦ વરસની વયે ઈન્તેક઼ાલ થઈ ગયો. બુધવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## પોસ્ટ કાર્ડ લખી કે SMS કરી ફ્રીમાં મંગાવો !

SMS
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**દાવતે હક્ક** *(આવૃત્તિ–૨, પેજીસ : ૧૨૦)*

**સંપાદક (અંગ્રેજીમાં)** : જનાબ સલીમભાઈ ધીસા મનુબરી, પેસ્ટન (યુ.કે.)

**અનુવાદક** : જનાબ શેખ સરદાર અહમદ "શમ્અ"–અમદાવાદ

વહાબી દેવબંદીઓની કિતાબોમાં અલ્લાહ વ રસૂલની શાનમાં કેવી ગુસ્તાખીઓ છે તેનો ચિતાર હવાલા સાથે તેમજ તેમની મૂળ ઉર્દૂ કિતાબોની ઝેરોક્ષ સાથે રજૂ કરેલ છે તેને વાંચો વંચાવો અને પોતાના તેમજ કુટુંબીજનો, દોસ્તો, સગાંના ઈમાનને આ બહુરૂપિયાઓથી બચાવો.

**મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ** *(આવૃત્તિ–૨, પેજીસ : ૪૦)*

**લેખક** : હઝરત અલ્લામા ગુલામરસૂલ સઈદી رحمۃ اللہ علیہ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

કુર્આન હદીષની રોશનીમાં મહબ્બતે રસૂલનું મહત્વ તથા સહાબાએ કિરામનાં દષ્ટાંતો રજૂ કરી સહાબા જેમ ઈમાન લાવવા પ્રેરતી અણમોલ કિતાબ જરૂરથી મંગાવો.

**પયગામાતે નૂરી** *(આવૃત્તિ–૨, પેજીસ : ૮૪)*

**સંપાદક** : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

ઈમાનો અમલની ઈસ્લાહ કરતા ચિંતનમય અને ચિંતન તથા અમલની દાવત આપતા પયગામો જરૂરથી વાંચો અને પોતાની ઈસ્લાહ કરો.

**મોબાઈલ તથા ઈન્ટરનેટના લાભાલાભ** *(આવૃત્તિ–૨, પેજીસ : ૫૬)*

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

વર્તમાન સમયમાં અધિકતર માણસો, યુવાનો યુવતીઓ સૌથી વધુ કોઈ ચીજનો ઉપયોગ કરતાં હોય તો તે મોબાઈલ અને ઈન્ટરનેટ છે. ફેસબુક, વોટસ્એપ વગેરે પર ખાસ કરીને યુવાનો ખોવાયેલા રહે છે. તો આ ઈન્ટરનેટના સર્વ માધ્યમો શું બલા છે તથા તેનો ગલત રાહે ઉપયોગ કેવી બર્બાદી સર્જે છે તેનો ચિતાર તથા તેનાથી બચવાનો ઈલાજ દર્શાવતી કિતાબ જે મંથલી બરકાતે ખ્વાજાના અમુક લેખોનો સંગ્રહ છે. જરૂરથી વાંચો અને ગલત રાહે જઈ બર્બાદ થવાથી બચો બચાવો. **ઉપરોક્ત ચારેવ કિતાબોના પ્રકાશક :-**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ મુ.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૫૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.

# શાબાન તથા રમઝાનમાં
## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

SUNNI DAWATE ISLAMI
WORLDWIDE ISLAMIC MOVEMENT

❑ **દયાદરા** : ખાતે છેલ્લા બે માસ દરમ્યાન દરરોજ અસર બાદ "બરકાતે શરીઅત"માંથી દર્સ તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક થકી, અમુક દિવસ તફસીર મૌલાના ઈમરાન ગુજર ઝંઘારવી થકી, રમઝાનમાં ૧ થી ૧૦ દિવસ દર્સ મૌલાના તૌસીફ હસન હલદરવી થકી, દર રવિવારે અસર બાદ ઈજતેમા મૌલાના ઝહીર મિસ્બાહી (જંબુસર) થકી તેમજ રમઝાન ૧૧ થી પૂરો મહિનો અસર બાદ દર્સ–બયાન એમના જ થકી થયાં. રમઝાન દરમ્યાન આવતા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا, હઝરત ખદીજા رضی اللہ عنہا, હઝરત ફાતિમા رضی اللہ عنہا, હઝરત અલી کرم اللہ وجہہ الکریم વગેરે પ્રસંગોએ એ હસ્તીઓની શાનમાં શાનદાર બયાનો થયા. અક઼ીદા તથા અમલી ઈસ્લાહની તર્બિયતની કાર્યવાહી જારી રહી.

❑ **જંબુસર** : સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના ઈમરાન ઝંઘારવી, મૌલાના સાબિર મિસ્બાહી, હાફિઝ મુશ્તાક઼ દહેગામી, હાફિઝ અસ્લમ વગેરેના સાથથી દર સોમવારે હપ્તાવારી ઈજતેમા, દર જુમ્આના દર્સે કુર્આન તેમજ મદ્રસા બાલિગાનમાં તર્બિયત, વિવિધ દિવસોમાં પણ જંબુસર તેમજ આસપાસના ગામોમાં તર્બિયતી ઈજતેમા જારી રહ્યા.

❑ **વાગરા** : ૧૯ માર્ચના ઝહોરથી ચાર વાગ્યા સુધી ઔરતોના ઈજતેમામાં આલિમા ફરહીન આપાએ તર્બિયતી બયાન કર્યું. મદ્રસાની તાલિબાતે નઅતો પેશ કરી હતી. ૧૧–૩ના મૌલાના ઈબ્રાહીમ જંબુસરી થકી વસ્તી ખંડાલી બહાર ઈજતેમામાં ખૌફે ખુદા પર બયાન, ૨૬–૩ના મસ્જિદમાં અસર બાદ સીરતે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પર બયાન, મગરિબ બાદ બુવા મસ્જિદમાં અઝમતે વાલિદૈન પર બયાન, ૨–૪ના ઝહોર બાદ નૂરાની મસ્જિદની સહનમાં ઔરતોના ઈજતેમામાં ફરહીન આપાનું બયાન બાદમાં મૌલાના ઈબ્રાહીમ સાહબે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની તબ્લીગે દીન પર તર્બિયતી બયાન કર્યું. દર શનિવારે ઈશા બાદ નૂરાની મસ્જિદમાં દર્સે કુર્આન થયો. રમઝાનમાં ફજર બાદ તથા અસર બાદ દર્સ ચાલુ રહ્યો.

❑ **ભરૂચ** : માં અસર બાદ ફયઝાને રઝા ઈબાદતગાહ પર દર્સ, તેમજ વિવિધ મસ્જિદોમાં દર્સ તથા તર્બિયતી ઈજતેમા મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, મૌલાના સાજિદ મિસ્બાહી થામવાળા, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, જનાબ મુઈનભાઈ શેખ, શફીભાઈ, તારીક઼ભાઈ વગેરે થકી પીર છત્તર મસ્જિદ, નૂર પાર્ક મસ્જિદ, મુલતાનીવાડ મસ્જિદ, નેશનલપાર્ક મસ્જિદ વગેરેમાં થતા રહ્યા. જુમ્આ મસ્જિદ, બાવડી મસ્જિદ, ફયઝાને રઝા ઈબાદતગાહ વગેરેમાં જુમ્આમાં બયાનો થયાં.

❑ **ધોરાજી** : મુફ્તી મુનવ્વર રઝા, મૌલાના યૂસુફ સાહબ વગેરે મુબલ્લિગો થકી હપ્તાવારી ઈજતેમામાં તર્બિયતી પ્રોગ્રામો થયા તેમજ ખાસ રાતોમાં પણ બયાન તથા દર્સ વગેરે કરવામાં આવ્યા. શબે મેઅરાજની રાત્રે મુહમ્મદી મસ્જિદ પર તિલાવત, નઅત, દર્સ, બયાન, નવાફિલ બાદ ઝિક્ર–દુઆ, સલાતો સલામ. છેવટમાં સહેરીનો બંદોબસ્ત કરાયો હતો.

❑ **પાલેજ** : ના મુબલ્લિગો ઈમરાન નૂરી, યૂસુફ નૂરી થકી, હાફિઝ શોએબ મોતીપુરા વગેરે થકી સાધલી (દર શનિવારે) તેમજ કપલસાડી, કપુરાઈ, સાયર, લીલોર, અંકલેશ્વર, સીનોર, ઉતરાજ, મોતીપુરા, કુકસ, સંખેડા, પારખેત, હિંગલ્લા, મિયાગામ, દેવલિયા, રાજપારડી, વણાકપોર, કનાયડા, નસવાડી, સિંધિયાપુરા, ઉતરાજ, તરસાલી આદર્શનગર... વગેરે ગામોમાં ચોક દર્સ, મસ્જિદમાં તર્બિયતી ઈજતેમા, જુમ્આમાં બયાન જારી રહ્યાં.

આ ઉપરાંત વડોદરા, સૂરત, ભાવનગરની શાખાએ પોત પોતાના વિસ્તારમાં તર્બિયતી ઈજતેમા, દર્સ વગેરે થકી ખિદમત અંજામઆપી.